©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] THURSDAY, SEPTEMBER 11, 2025 / BHADRA 20, 1947 [No. 37

Separate paging is given in each part of the Supplement to the Central Gazette and central section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION

CONTENT

Part I, Part I-A, Part I-B and Part I-L

		Pages
Part-I	Government Notifications, Appointment, Promotion, Leave of Absence, Rules and Order (other than those published in Part I-A, IV-A, IV-B and IV-C) pertaining only to the Supplement to the Central Gazette.	3023-3145
Part-I-A	Orders and Notifications, other than those published in Part IV-B, order the Bombay Local Boards, Village Panchayats, Municipal Boroughs, District Municipal Primary Education and Local Fund Audit Act, pertaining only to the Supplement to the Central Gazette.	37
Part-I-B	Government Notifications, Published under Land Acquisition Act only.	73
Part-I-L	Notifications and Orders, Awards, (other than those published in Parts I, IV-A, IV-B and IV-C) under Central Industrial Disputes Act, and Gujarat Industrial Relations Act.	1359-1403

પોલીસ કમિશનર દ્વારા

હંગામી જાહેરનામું

ધી ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ની કલમ ૩૩(૧)બી, અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંકઃટ્રાફિક/કાપોદ્રા-મેટ્રો રેલ/જાહેરનામું/૫૮૫૨/૨૦૨૫ સુરત શહેર વિસ્તારમાં મેટ્રો રેલ્વે બનાવવાનું કામકાજ ગુજરાત મટ્રો રેલ કોપોરેશન લિમિટેડ દ્વારા ધરવામાં આવેલ છે. તે અંગે રણજીત બિલ્ડકોન લીમીટેડનાં પ્રોજેકટ મેનેજરશ્રી નાઓ દ્વારા કાપોદ્રા CNG ચીકુવાડી પાસે આવેલ કલાકુંજ મંદિરથી ઝડફિયા સર્કલની વચ્ચે આવેલ ખાડી ઉપર નવા બનેલ ઓવરબ્રીજની ઉપરથી મેટ્રો રેલની લાઈન નિકળતી હોય જેથી સદર જગ્યાએ મેટ્રો રેલ ઓવરબ્રીજના ગડર મુકવાની કામગીરી તથા અન્ય કામગીરી માટે મોટા વરાછાથી સરીતા સાગર સોસાયટી ચીકુવાડી ગાર્ડન સુધીના આવતા જતા ઓવરબ્રીજને કાપોદ્રા CNG ચીકુવાડી પાસે ખાડી ઉપર કે જયાં બ્રીજ કલાકુંજ તરફ ઉતરે છે તથા ઝડફિયા સર્કલથી બ્રીજ ઉપર જે જગ્યાએ જોઈન્ટ થાય છે ત્યાંથી બંધ કરી મેટ્રો રેલની કામગીરી કરવા માટે સદર રૂટ પર તમામ પ્રકારના વાહન વ્યવહાર પર પ્રતિબંધ મુકવા માટે અગાઉ જાહેરનામું પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી જે જાહેરનામાની મુદત પૂર્ણ થતા મુદ્દતમાં વધારો કરવા અરજદારશ્રી તરફથી અરજી મળેલ છે જે ધ્યાને લઈ જાહેરનામા પ્રસિધ્ધ થયે તારીખથી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી મોટા વરાછાથી સાગર સોસાયટી ચીકુવાડી ગાર્ડન સુધીના આવતા જતા ઓવરબ્રીજને કાપોદ્રા CNG ચીકુવાડી પાસે ખાડી ઉપર કે જયાં બ્રીજ કલાકુંજ તરફ ઉતરે છે તથા ઝડફીયા સર્કલથી બ્રીજ ઉપર જે જગ્યાએ જોઈન્ટ

થાય છે ત્યાંથી બંધ કરી મેટ્રો રેલની કામગીરી કરવા માટે તમામ પ્રકારના વાહનોની અવર-જવર તથા પાર્કિંગ કરવા પ્રતિબંધ મુકવો જન હિતાર્થે ખુબ જરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે હું, વાબંગ જામીર(IPS), I/C પોલીસ કમિશનર, સુરત શહેર ગુજરાત પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ-૩૩(૧)(બી)(સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સુરત શહેરમાં મેટ્રોરેલ પ્રોજેકટ અન્વયે મોટા વરાછાથી સરીતા સાગર સોસાયટી ચીકુવાડી ગાર્ડન સુધીના આવતા જતા ઓવરબ્રીજને કાપોદ્રા CNG ચીકુવાડી પાસે ખાડી ઉપર કે જયાં બ્રીજ કલાકુંજ તરફ ઉતરે છે તથા ઝડફિયા સર્કલથી બ્રીજ ઉપર જે જગ્યાએ જોઈન્ટ થાય છે ત્યાંથી બંધ કરી મેટ્રો રેલની કામગીરી દરમ્યાન ટ્રાફીક સુચારૂ રીતે ચાલે અને ટ્રાફીકની કોઈ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર સદર રૂટ પર જાહેરનામાં પ્રસિધ્ધ થયે તારીખ થી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તથા પાર્કિંગ કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવું છું.

વૈકલ્પિક રુટ

(૧) મોટા વરાછાથી સરીતા સાગર સોસાયટી તરફ જતા તમામ વાહનો કલાકુંજ સોસાયટી ખાતે ઉતરી જમણી બાજુ વળી સીધા આગળ જઈ હરીકુંજ વિભાગ-૦૧ સોસાયટીથી ડાબી બાજુ વળી સીધા આગળ જઈ ક્રિષ્ના ગરબા ડાન્સ સ્કુલ પાસે આવેલ ચાર રસ્તાથી જમણી બાજુ વળી સીધા આગળ જઈ સરીતા સાગર સોસાયટી થઈ જે તે વિસ્તારમાં જઈ શકાશે.

(૨) સરીતા સાગર સોસાયટી નવા ઓવરબ્રીજ થઈ મોટા વરાછા તરફ જતા તમામ વાહનો સરીતા સાગર સોસાયટીથી સીધા આગળ જઈ મહર્ષિ કણાદ પ્રાથમિક શાળા નં-૯૮ ચાર રસ્તાથી જમણી બાજુ વળી સીધા આગળ જઈ ભગવતી કોમ્પેલેક્ષ પાસે આવેલ ચાર રસ્તાથી સીધા જઈ ઝડફીયા સર્કલથી જમણી બાજુ વળી ચીકુવાડી ખાડી પાસેથી ઓવરબ્રીજ જવા માટેની બ્રીજ ઉપર થઈ મોટા વરાછા તરફ જઈ શકાશે.

(૩) ઝડફીયા સર્કલથી મોટા વરાછા તરફ જતો ચડતો ઓવરબ્રીજ ચાલુ રાખવામાં આવનાર છે.

(૪) મોટા વરાછાથી કલાકુંજ તરફ ઉતરતો બ્રીજ (રોડ) ચાલુ રાખવામાં આવનાર છે.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી તા.૩૧/૦૭/૨૦૨૫ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાનો આદેશોનું ઉલ્લંધન કરનાર ઈસમ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર રહેશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતાં અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ -૧૩૧ મુજબ તથા લાગુ પડતી અન્ય કાનુની જોગવાઈઓ સહિત ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૨૬/૦૫/૨૦૨૫ ના રોજ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

સુરત તા.૨૬મી મે ૨૦૨૫

વાબંગ જામીર
I/C પોલીસ કમિશનર
સુરત શહેર

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

ક્રમાંકઃએસ.બી./સુધારેલ-જાહેરનામું/કર્મચારી-કારીગરો-નોકરોની માહિતી/૯૩/૨૦૨૫ કિસ્સાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં, કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉધોગમાં, હિરા ઉધોગમાં, ફેકટરીઓમાં તથા પ્રાઈવેટ સેકટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી, કારીગરો, મજુરો વગેરે માલિકોનો વિશ્વાસ કેળવી તેઓ માલિકોની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા સાગરીતો દ્વારા મિલકત સંબંધિત તેમજ શરીર સબંધિત ગુનાઓ આચર્યા બાદ ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણ શોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણાં કિસ્સામાં આવા પરપ્રાંતિઓ તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી સુરત શહેરમાં આશરો લેતા હોય છે. તેવી હકીકત જણાઈ આવેલ છે. જેના લીધે આવા ઈસમો શહેરની સલામતી અને શાંતી જોખમાય તેવા કૃત્ય કરતા હોય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ.

હુકમ

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલોત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં મકાનો/બંગલાઓ, કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગ, સાથે સંકાળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનીટમાં ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી, કારીગરો, મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/કારીગરો/ મજુરો/ નોકરોની માહિતી/હકિકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઈડ એપ્લિકેશન મારફતે ફરજીયાત પણે ઓનલાઈન નોંધણી કરવવાની રહેશે. તથા પોતાની પાસે પણ રાખવાની રહેશે.

તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/ કારીગરો/મજુરો/નોકરોની નાગરીકતા ફરજીયાત ચેક કરવાની રહેશે. અને તે માહિતી સંબંધિત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

ઉપરોકત મુદા ની સાથે સાથે નીચે દર્શાવેલ કોલમ મુજબની માહીતિ પણ પોતાની પાસે રાખવાની રહેશે. અને જયારે પોલીસ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ઉપરોકત માહિતી પુરી પાડવાની રહેશે.

અ.નં.	વિગત
૧	મકાન/બંગલા, કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/દલાલ/મેનેજમેન્ટ/ સ્ટાફનું નામ તથા સરનામું ટેલીફોન નંબર
૨	કામે રાખેલ નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓનું પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનુ પુરૂ સરનામું, સ્થાનિક પો.સ્ટે.નું નામ ટેલીફોન નંબર
૩	કામે રાખેલ નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓના મુળ વતનનુ સરનામું, સ્થાનિક પો.સ્ટે.નું નામ, ટેલીફોન નંબર સાથે
૪	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓને રાખ્યાની તારીખ
૫	કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે, તેનું નામ /સરનામું /ટેલીફોન નંબર
૬	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓના બે થી ત્રણ સગા સંબંધિના નામ સરનામા (સ્થાનિક તેમજ વતનના)
૭	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓનો ફોટો
૮	નાગરીકતાના પુરાવા (દસ્તાવેજ)
૯	નોકરો/મજુરો/કારીગરો/ જો વિદેશી નાગરિક હોય તો ફોરનર્સ બ્રાંચ (વિશેષ શાખા)માં જાણ કરવી

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૪/૦૫/૨૦૨૫ ના ક.૧૪/૦૫/૨૦૨૫ ના ક. ૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટ્ન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૧૩મી મે, ૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ

ક્રમાંકઃએસ.બી./હથિયારબંધી/૯૪/૨૦૨૫.–સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવરો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

પ્રતિબંધિત કૃત્યો

(ક) કોઈપણ શસ્ત્ર કે શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારીરિક વ્યથા પહોંચાડવામાં ઉપયોગી થઈ શકે તેવા કે હિંસા કરવાના આશયથી ઉપયોગી થઈ શકે તેવી બીજી ચીજો લાવવા-લઈ જવા કે પ્રદર્શન કરવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોક્કસ કારણો સિવાય સાથે રાખીને ફરવા પર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, પ્રદર્શન કરવા હવામાં ફાયર કરવા કે કોઈની સામે તાકવા પર કે તાકવાનો પ્રયત્ન કરવા પર તેમજ સામાજીક મેળવડા, ધાર્મિક સરઘસ કે વ્યકિતઓના સમુદાયમાં લાવવા લઈ જવા પર.

(ગ) શરીરને હાનિકારક સ્ફોટક પદાર્થ/ચીજવસ્તુ લાવવા-લઈ જવા પર.

(ઘ) પત્થરો તેમજ બીજા શસ્ત્રો /યંત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના શસ્ત્રો/યંત્રો કે સાધનો લાવવા-લઈ જવા પર, એકઠા કરવા પર અથવા બીજા કોઈને આવું કહેવા પર તેમજ તૈયારી કરવા પર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ કે ધાતક છરા/ચપ્પુ લાવવા, રાખવા, વેચાણ કરવા, ખરીદ કરવા તેમજ ઓનલાઈન વેચવા કે ખરીદ કરવા પર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ રાખવા કે રાખવાનો પ્રયત્ન કરવા બદલ કે મશાલ સરઘસ સાથે રાખવા ઉપર;

(જ) કોઈપણ વ્યકિતનું પૂતળું બનાવવા કે બનાવવાનો પ્રયત્ન કરવા પર, કોઈપણ વ્યકિતની આકૃતિ/ચિત્ર/પૂતળાં બાળવા, લટકાવવા કે ફાંસી આપવા પર કે આ પ્રકારનો પ્રયત્ન કરવા પર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર;

(ઠ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરૂચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની;

અપવાદ

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહી.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહી.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

અમલવારીનો સમય

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં સમગ્ર વિસ્તારમાં તા.૧૭/૦૫/ ૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૩૧/૦૫/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો અમલ કરવાનો રહેશે.

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ

ક્રમાંકઃએસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર /૯૫/૨૦૨૫.–સુરત આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭ (૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

પ્રતિબંધિત કૃત્યો

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘસા કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

અપવાદ

આ હુકમ જે વ્યકિત સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

અમલવારીનો સમય તથા વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૭/૦૫/ ૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૩૧/૦૫/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો અમલ કરવાનો રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એકટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૧૬/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત શહેર

જાહેરનામું

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ

ક્રમાંકઃએસ.બી./UPSC-પરીક્ષા/૯૬/૨૦૨૫ યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, નવી દિલ્હી દ્વારા Civll Services Services Examination-2025 આગામી તા.૨૫/૦૫/૨૦૨૫ના રવિવારના રોજ બે ભાગમાં પરીક્ષા લેવાનાર છે, જે પહેલા સેશનમાં કલાક ક.૦૯/૩૦ થી ક.૧૧:૩૦ વાગ્યા દરમ્યાન તથા બીજા સેશનમાં ક.૧૪/૩૦ થી ક.૧૬/૩૦ વાગ્યા સુધી સુરત શહેર ખાતે નીચે મુજબના પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/ હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે હું વાબાંગ જામીર (આઈ.પી.એસ.) I/C પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમા નીચે મુજબ ના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

પ્રતિબંધિત કૃત્યોની યાદી

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજયા અંદર ચાર કરતા વધુ વ્યકિતઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજયા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજયા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિકસ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા/લાવવા લઈ જવા પર પ્રતિબંધ

પ્રતિબંધિત વિસ્તાર

સુરત શહેર પોલીસ કમિશનરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

પરીક્ષા કેન્દ્રની વિગત દર્શાવતું પત્રક

અ.ન	પરીક્ષા કેન્દ્રનું નામ
	ઉધના પો.સ્ટે.
૧.	એસ ઈ એમ હાઈસ્કુલ પાર્સ્ટલ સોસાયટી પાછળ, ઉધના ગામ, ઉધના સુરત.
૨.	ન્યુ મોડેલ હાઈસ્કુલ ભાઠેના-૨,આશીવવાદ પાસે, પો.સગરામપુરા, ઉધના,જી.સુરત
	અઠવા પો.સ્ટે.
૩.	શ્રી આર.ડી ધાયલ જીવનભારતી માધ્યમિક શાળા ટીમલીયા વાડ રોડ નાનપુરા, સુરત
૪.	ટી.એન્ડ ટી.વી. સાર્વજનીક હાઈસ્કુલ નાનપુરા, સુરત
	ઉમરા પો.સ્ટે.
૫.	શ્રી. વી.ડી.ટી ગલ્સ હાઈસ્કુલ વનિતા વિશ્રામ કેમ્પસ અઠવાલાઈન્સ સુરત
૬.	સેન્ટ. ઝેવીયર્સ હાઈસ્કુલ ધોડ દોડ, સુરત
૭.	લુર્ડઝ કોન્વેટ હાઈસ્કુલ ઈન્ડોર સ્ટેડીયમ સામે, અઠવાલઈન્સ,
૮.	ચંદુલાલ છગનલાલ શાહ સાર્વજનિક ઈગ્લિશ હાઈસ્કુલ એક્સપેરીમેન્ટ સુકલ કેમ્પસ, પારલે પોઈન્ટ, અંબીકા નિકેતન પાસે અઠવાલાઈન્સ, સુરત
૯.	એસ.એન.ગુપ્તા, લોકભારતી વિધાલય, ગુ.મા.અશોક પાનની ગલી, સુરત
	ખટોદરા પો.સ્ટે.
૧૦.	વિધાભારતી હિન્દી વિધાલય ભટાર ચાર રસ્તા, ઉધના, મગદલ્લા રોડ, સુરતા
	રાંદેર પો.સ્ટે.
૧૧.	સંસ્કાર ભારતી વિધાલય રાંદેરપાલનપુર પાટીયા સુરત .
૧૨.	પીપરડીવાલા ઈગ્લીશ મિડીયમ હાઈસ્કૂલ રાંદેર સુરત.
૧૩.	લોકમાન્ય હાઈસ્કુલ, મોટી ફળી રાંદેર સુરત.
	અડાજણ પો.સ્ટે.
૧૪.	શ્રી વી.ડી.દેસાઈ (વાડીવાલા) મધ્યમીક શાળા (ભુલકા ભવન) પાણીની ટાંકી પાસે, અડાજણ સુરત.
૧૫.	શ્રી એચ એમ બચકાનીવાલા (એચ.એમ.બી) સરદાર હાઈસ્કૂલ પાલનપુર

અપવાદ

વધુમાં હું આદેશ કરુ છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યકિતઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યકિતઓને.

અમલવારીનો સમય

આ હુકમ તા.૨૫/૦૫/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૨૫/૦૫/૨૦૨૫ના કલાકઃ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજ્જાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૨૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વાબાંગ જામીર
પોલીસ કમિશનર
સુરત શહેર

જાહેરનામું

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) બી,સી અન્વયે કાઢેલ

ક્રમાંકઃટ્રાફિક/૫૦-મીટર/નો-પાર્કિંગ/જાહેરનામું/૧૨૭૯/૨૦૨૫ સુરત શહેરમાં ચાર રસ્તા પાસે અડચણરુપ પાર્કિંગ અને ગેરકાયદેસર પાર્કિંગના કારણે ટ્રાફિકની સમસ્યા સર્જાય છે. તદઉપરાંત ચાર રસ્તાઓની પાસે મૂકવામાં આવેલ રીક્ષા-ટેક્ષી સ્ટેન્ડોના કારણે પણ ટ્રાફિકની સમસ્યા ઉદભવે છે. તેમજ ઘણીવાર ચાર રસ્તાઓની પાસે પેસેન્જર વાહનો પેસેન્જર ચઢાવવા કે ઉતારવા માટે ઉભા રહેતા હોય છે. જેના કારણે ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાય છે. જાહેર જનતાને યોગ્ય સગવડ મળે તે સારૂ જાહેર જનતાનાં હિતમાં ટ્રાફિકના સરળ સંચાલન માટે ટ્રાફિક નિયમન કરવું ઘણું જ જરૂરી જણાય છે. જેથી સુરત શહેર સમગ્ર વિસ્તારમાં આવેલ દરેક ચાર રસ્તાઓથી ૫૦-મીટર સુધીના વિસ્તારને ''નો-પાર્કિંગ'' ઝોન તરીકે જાહેર કરવા ખુબ જજરૂરી જણાય છે.

હુકમ

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ -૩૩(૧) (બી) (સી) અને ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૯૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે પોલીસ કમિશનરશ્રી, સુરત શહેરના હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આવેલ દરેક ચાર રસ્તાઓથી ૨૫-મીટર સુધીના વિસ્તારને ''નો-પાર્કિંગ'' ઝોન તરીકે જાહેર કરવામાં આવે છે. જેથી કોઈપણ પ્રકારના તમામ યાંત્રિક/બિનયાંત્રીક (લારી/ગલ્લા/ફેરીયા/ફુટપાથ પાથરણા વિગેરે) વાહનો ચાર રસ્તાઓ તથા જંકશનથી ૫૦-મીટર સુધીના વિસ્તારમાં પાર્ક કરી શકાશે નહી કે ક્ષણ માટે ઉભા રાખી શકાશે નહી. આ સબંધે અગાઉ પ્રસિધ્ધ થયેલ જાહેરનામાઓમાં સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પે એન્ડ પાર્કિંગ આપેલ હોય તે સિવાય તમામ ચાર રસ્તા/જંકશનથી ૫૦-મીટર સુધી પાર્કિંગ કરી શકાશે નહી.

આ જાહેરનામું ઈમરજન્સી સેવાઓ વાહનોને લાગુ પડશે નહી.

આ જાહેરનામાને અનુલક્ષી જરુરી માહિતી સૂચક બોર્ડ સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા તત્કાલ મૂકવાના રહેશે.

આ હુકમનો ભંગ કરનાર ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતાં તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS) -૨૦૨૩ની કલમ-૨૨૩ અને ગુજરાત પોલીસ એકટ ૧૯૫૧ની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૦૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત
પોલીસ કમિશનર
સુરત શહેર

:: જાહેરનામું ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ ::

ક્રમાંકઃ એસ.બી/ જ્ઞાન સાધના-પરીક્ષા /૬૦/૨૦૨૫.-આગામી તા.૧૨/૦૪/૨૦૨૫ના શનિવાર રોજ કલાક ૧૧/૦૦ થી ૧૩/૩૦ દરમ્યાન મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત "જ્ઞાનસાધના સ્કોલરશીપ"-૨૦૨૫ની પરીક્ષા સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા / લાવવા લઈ જવા પર પ્રતિબં

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

પરીક્ષા કેન્દ્રની વિગત દર્શાવતું પત્રક.

અ.નં	પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ)
વરાછા	
૧	શ્રી આઈ.પી સવાણી હાઈસ્કુલ યુનિટ-૦૧ વર્ષા સોસા. માતાવાડી એલ.એચ રોડ
૨	સુમન હાઈસ્કુલ નંબર-૨ મરઘા કેન્દ્ર પાસે કાપોદ્રા સુરત
૩	આદર્શ વિદ્યાલય ભરત નગર સોસા શેરી-૩ એલ.એચ.રોડ સુરત
૪	જી.જી.ઝડફીયા વિદ્યાલય યુનિટ-૦૧ એ.કે.રોડ વરાછા
૫	જી.જી.ઝડફીયા વિદ્યાલય યુનિટ-૦૨ એ.કે.રોડ વરાછા
૬	આશાદિપ ઉચ્ચતર માધ્યમીક શાળા યુનીટ-૦૧ BRTS રોડ સીમાડા નાકા, સુરત
૭	આશાદિપ ઉચ્ચતર માધ્યમીક શાળા યુનીટ-૦૨ BRTS રોડ સીમાડા નાકા, સુરત
૮	જય અંબે વિદ્યા ભવન યુનિટ-૧ ડાહ્યા પાર્ક સોસા. એલ.એચ. રોડ વરાછા સુરત
સરથાણા	
૯	હરેકિષ્ના વિધાલય, યુનીટ-૦૧ પુણાગામ શિવદર્શન સોસા., સીમાડારોડ, સુરત
૧૦	આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુ-૧, પ્રમુખ છાયા સોસા.ની સામે સુરત
૧૧	આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૩૨, પ્રમુખ છાયા સોસા.ની સામે સુરત

	લસકાણા
૧૨	જે.બી. એન્ડ કાર્પ વિધ્યાસંકુલ ઠાકોર દ્વારની સામે, લસકાણા સુરત.
	કાપોદ્રા
૧૩	એમ.એન.જે. પટેલ માધ્યમીક શાળા, કાપોદ્રા પો.સ્ટે.ની બાજુમાં સુરત
	ઉધના
૧૪	ટી.ડી.વશી સરસ્વતી વિદ્યાલય, સાઉથ ઝોનની બાજુમાં ઉધના, સુરત
૧૫	શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૧ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત
૧૬	શ્રી ગૂરૂકૃપા વિદ્યા સંકુલ યુનિટ-૨ પોસ્ટલ સોસા.-૨ ઉધના ગામ સુરત
૧૭	તારાવિદ્યા મંદિર હાઈસ્કુલ, રણછોડ નગર સોસા. જીવનજ્યોત સીનેમાની પાછળ ઉધના સુરત
૧૮	સનરેઈઝ વિદ્યાલય, યુનિટ-૧, દક્ષેશ્વર મહાદેવ મંદિર બી.આર.સી. રોડ ઉધના, સુરત
૧૯	સનરેઈઝ વિદ્યાલય, યુનિટ-૨, દક્ષેશ્વર મહાદેવ મંદિર બી.આર.સી. રોડ ઉધના, સુરત
૨૦	સનરાઈઝ હાઈસ્કૂલ બી.આર.સી ટેમ્પલ સામે ઉધના, સુરત
	લિમ્બાયત
૨૧	કરૂણા સાગર હિન્દી વિદ્યાલય અવધૂત સોસાયટી, ડુંભાલ, પર્વત પાટિયા, સુરત
૨૨	સુમન હાલસ્કુલ નં-૦૫ જવાહર નગર ઉધના યાર્ડ લીંબાયત
૨૩	સાર્વજનિક હાઈસ્કુલ, યુનીટ-૧ નીલગીરી સર્કલ નવાનગર લીંબાયત
૨૪	સાર્વજનિક હાઈસ્કુલ, યુનીટ-૨ નીલગીરી સર્કલ નવાનગર લીંબાયત
૨૫	માં જસૂજીત વિદ્યાલય યુનિટ-૧ લીંબાયત ઉધના યાર્ડ, સુરત.
૨૬	માં જસૂજીત વિદ્યાલય યુનિટ-૨ લીંબાયત ઉધના યાર્ડ, સુરત.
૨૭	સુમન હાઈસ્કુલ નં-૦૭ રામેશ્વર નગર લક્ષ્મી નગર ફાટક પાસે લીંબાયત
૨૮	એમ.પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૦૧ પરવત પાટીયા વાટીકા ટાઉનશીપ
૨૯	એમ.પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૦૨ પરવત પાટીયા વાટીકા ટાઉનશીપ
૩૦	એમ.પી. લીલીયાવાલા ગુ.મી. સ્કુલ યુનિટ-૦૩ પરવત પાટીયા વાટીકા ટાઉનશીપ
૩૧	જ્ઞાનસાગર હિન્દી હાઈસ્કુલ વૃદાવન નગર ડીંડોલી સુરત
	ગોડાદરા
૩૨	જ્ઞાનજયોત વિદ્યાલય યુનિટ-૧ ધ્રુવપાર્ક સોસા. ગોડાદરા નહેર પાસે સુરત
૩૩	જ્ઞાનજયોત વિદ્યાલય યુનિટ-૨ ધ્રુવપાર્ક સોસા. ગોડાદરા નહેર પાસે સુરત
૩૪	મહર્ષિ આસ્તીક સાર્વજનિક વિદ્યાલય, ગોડાદરા, આસપાસ મંદિર પાસે સુરત.
	ડીડોલી
૩૫	સન રાઈઝ વિદ્યાલય ગુ.મી. રામીપાર્ક સોસા. ડીડોલી સુરત.
૩૬	સુમન હાઈસ્કુલ નં-૮ ગુજરાતી મિડીયમ ગાયત્રીનગર ડીંડોલી સુરત
૩૭	શાંતીનીકેતન આઈડીએલ એકેડમી ડીંડોલી રોડ ઉધના સુરત
૩૮	માતૃભુમી વિદ્યાસંકુલ યુનીટ -૧ મહાદેવનગર-૩ ડીંડોલી સુરત
૩૯	માતૃભુમી વિદ્યાસંકુલ યુનીટ -૨ મહાદેવનગર-૩ ડીંડોલી સુરત
૪૦	માતૃભુમી વિદ્યાસંકુલ યુનીટ -૩ મહાદેવનગર-૩ ડીંડોલી સુરત
૪૧	શ્રી જવાહર વિદ્યાલય સણીયા કણદે ડીડોલી સુરત.
	ચોકબજાર
૪૨	અખંડ આનંદ વિદ્યાભવન યુનિટ-૧ , વેડ રોડ સુરત
૪૩	અખંડ આનંદ વિદ્યાભવન યુનિટ-૨ , વેડ રોડ સુરત
૪૪	શ્રી શારદા વિધા મંદિર યુનિટ-૧, સીંગણપોર કોઝવે રોડ સુરત.

૪૫	શ્રી શારદા વિધા મંદિર યુનિટ-૨, સીંગણપોર કોઝવે રોડ સુરત.
	સિંગણપોર
૪૬	સ્વ. સુરેશ વિદ્યામંદિર માધ્યમિક શાળા (મણીબા), યમુના પાર્ક સો. ડભોલી સુરત.
	કતારગામ
૪૭	ગુરૂકુલ વિધાપિઠ NV ધમણવાલા ગુ.મી. સ્કુલ, કતારગામ GIDC
૪૮	ગુરૂકુલ વિધાપિઠ VTC અં.મી. સ્કુલ, કતારગામ GIDC
૪૯	ગુરૂકુળ વિધાપિઠ VTC કન્યા વિદ્યાલય, GIDC સુમુલ ડેરી રોડ સુરત
૫૦	શ્રીમતિ વી.ડી.એન્ડ શાહ સેકન્ડરી સ્કુલ યુનિટ-૧ અનાથા અશ્રમ કેમ્પસ, કતારગામ
	લાલગેટ
૫૧	ફૈઝ એ ચક્કીવાલા ગર્લ્સ હાઈસ્કુલ મુગલીસરા સુરત
	ઉમરા
૫૨	એસ.વી.પી. માધ્યમીક શાળા લેકવ્યુ ગાર્ડન સામે, પીપલોદ, સુરત
૫૩	સર વી ડી ટી ગર્લ્સ હાઈસ્કુલ યુનિટ-૧ વનિતાવિશ્રામ, અઠવાલાઈન્સ, સુરત
	અઠવા
૫૪	સિમ્ગા હાઈસ્કુલ (ગુજરાતી મીડીયમ) ક્ષેત્રપાલના મંદિર પાસે,સગરામપુરા સુરત,
૫૫	આર.ડી.કોન્ટ્રાક્ટર હાઈસ્કુલ, નાનપુરા પોસ્ટ ઓફીસની સામે નાનપુરા, સુરત
૫૬	શ્રીમતી કે.એલ.એસ.ખાંડવાલા સાર્વજનીક હાઈસ્કુલ ચૌટા બજારની બાજુમાં
	ખટોદરા
૫૭	આઈ.જી. દેસાઈ વિદ્યાલય ભટાર ચાર રસ્તા, સુરત
	પાંડેસરા
૫૮	નવદિપ વિદ્યાલય માધ્યમીક શાળા ગુ.હા.બોર્ડ પાંડેસરા, સુરત
૫૯	નવ સર્જન વિદ્યાલય ગુ.હા.બોર્ડ પાંડેસરા, સુરત
૬૦	શ્રી કૈલાસ માનસ વિદ્યામંદિર (ગુ.મા), જીયાવ બુડિયા રોડ,ભેસ્તાન સુરત.
૬૧	સરસ્વતી હિન્દી વિધાભવન વડોદ ભેસ્તાન બુડીયા રોડ સુરત
૬૨	ભાગ્યોદયા વિદ્યાલય ભેસ્તાન રેલ્વે સ્ટેશન પાસે ભેસ્તાન સુરત
૬૩	શારદા વિદ્યામંદિર પાંડેસરા, ગોપાલનગર પાંડેસરા.
	ભેસ્તાન
૬૪	ઈકરા ઈગ્લીશ યુનિટ-૦૧,ઈદગાહ રોડ ઉનગામ સુરત
૬૫	ઈકરા ઈગ્લીશ યુનિટ-૦૨ ઈદગાહ રોડ ઉનગામ સુરત
	રાદેર
૬૬	એમ.એમ.પી. હાઈસ્કુલ બોટલાવાલા માર્ગ, રાંદેર
૬૭	સંસ્કારભારતી વિદ્યાલય, ગુ.મા., યુનીટ-૧ પાલનપુર પાટીયા, સુરત
૬૮	સંસ્કારભારતી વિદ્યાલય, ગુ.મા., યુનીટ-૦૨ પાલનપુર પાટીયા, સુરત
	અડાજણ
૬૯	શ્રીમતી એલ એન બી દાળીયા હાઈસ્કુલ કવિ કલાપી ગાર્ડન પાસે, ગેસ કંપની સામે, અડાજણ,
૭૦	એલ. એચ. બોધરા સ્કુલ યનિટ-૧, શ્રીરામ પેટ્રોલ પંપ સામે, નાગરદાસ હોલની બાજુમાં, આનંદ મહલ રોડ, અડાજણ, સુરત
૭૧	શ્રીમતી આઈ.એન.ટેકરાવાલા હાઈસ્કુલ યુનિટ-૧ પાલનપુરા પાટીયા અડાજણ સુરત
૭૨	શ્રીમતી આઈ.એન.ટેકરાવાલા હાઈસ્કુલ યુનિટ-૨ પાલનપુરા પાટીયા અડાજણ સુરત

પાલ	
૭૩	ભૂલકા વિહાર શાળા, ગુજરાતી મિડીયમ, યુનીટ-૧ ભાઠા નવી પો.સ્ટે .ઓફીસ પાસે,
૭૪	ભૂલકા વિહાર શાળા, અંગ્રેજી મિડીયમ, યુનીટ-૧ ભાઠા નવી પો.સ્ટે .ઓફીસ પાસે,
ઉત્રાણ	
૭૫	મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૧ ઉત્રાણ સુરત
૭૬	મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૨ ઉત્રાણ સુરત
૭૭	શ્રી વી.ડી. ગાલીયારા કઠોર, યુનિટ-૨ સુરત.
૭૮	ડો.એ.એમ.મૌલા હાઈસ્કૂલ, કઠોર, સુરત.
૭૯	અસપાયર પબ્લીક સ્કુલ, યુનિટ-૧, શિવધારા કેમ્પસની પાસે, મોટા વરાછા, સુરત
સચીન	
૮૦	સનલાઈટ વિધાલય, યુનિટ-૧ ગુજરાત સ્લમ ક્લીયરંસર્ડ, યોગેશ્વરનગર, કનકપુર, સચીન
૮૧	સનલાઈટ વિધાલય, યુનિટ-૨ ગુજરાત સ્લમ ક્લીયરંસર્ડ, યોગેશ્વરનગર, કનકપુર, સચીન
૮૨	એલ.ડી. હાઈસ્કુલ યુનિટ-૧, સ્ટેશન રોડ સચીન સુરત
૮૩	એલ.ડી. હાઈસ્કુલ યુનિટ-૨, સ્ટેશન રોડ સચીન સુરત
અમરોલી	
૮૪	માધવબાગ વિદ્યાભવન યુનિટ-૧ નવો કોસાડ રોડ અમરોલી
૮૫	ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૧, ઉત્રાણ, અમરોલી
૮૬	ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૨, ઉત્રાણ, અમરોલી
૮૭	કે.એન્ડ એમ.પી. પટેલ સાર્વજનીક વિધ્યાલય યુનિટ-૧ અમરોલી
૮૮	કે.એન્ડ એમ.પી. પટેલ સાર્વજનીક વિધ્યાલય યુનિટ-૨ અમરોલી

નોંધ :- સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કુલ- ૮૮ કેન્દ્રો છે.

:: અપવાદ ::

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૧૨/૦૪/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૧૨/૦૪/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૦૯/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ ::

ક્રમાંકઃ એસ.બી/ પો.સ.ઈ.-પરીક્ષા / ૬૧ /૨૦૨૫.-ગુજરાત પોલીસ ભરતી બોર્ડ, ગાંધીનગર દ્વારા બિન હથિયારી પોલીસ સબ ઈન્સ્પેક્ટર કેડરની લેખિત પરીક્ષા આગામી તા.૧૩/૦૪/૨૦૨૫ (રવિવાર)ના રોજ કલાક- ૦૯.૩૦ થી ૧૨.૩૦ તથા કલાક ૧૫.૦૦ થી ૧૮.૦૦ દરમ્યાન સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

:::: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા / લાવવા લઈ જવા પર પ્રતિબંધ.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

:: પરીક્ષા કેન્દ્રની વિગત દર્શાવતું પત્રક ::

અ.નં	પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ)
વરાછા પોલીસ સ્ટેશન	
૧	શ્રી કે.સી.કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા યુનિટ-૦૧ હીરાબાગ
૨	શ્રી કે.સી.કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા યુનિટ-૦૨ હીરાબાગ
૩	જી.જી.ઝડફીયા વિદ્યાલય યુનિટ-૦૧ એ.કે.રોડ વરાછા
૪	જી.જી.ઝડફીયા વિદ્યાલય યુનિટ-૦૨ એ.કે.રોડ વરાછા
૫	સરસ્વતી વિધાલય ગુ.મી. એ.કે.રોડ વરાછા, સુરત
૬	સરસ્વતી વિધાલય ગુ.મી. યુનિટ-૨ એ.કે.રોડ વરાછા, સુરત
કાપોદ્રા પોલીસ સ્ટેશન	
૭	પી.પી.સવાણી વિદ્યાલય ધરતી નગર એ.કે.રોડ કાપોદ્રા સુરત
૮	કૌશલ વિધાભવન યુનિટ-૦૧, પટેલ ફળિયા નાના વરાછા, સુરત
૯	કૌશલ વિધાભવન યુનિટ-૦૨, પટેલ ફળિયા નાના વરાછા, સુરત
૧૦	પી.પી. સવાણી વિદ્યાભવન યુનિટ-૧ હિરાબાગ વરાછા રોડ, કાપોદ્રા સુરત
૧૧	પી.પી. સવાણી વિદ્યાભવન યુનિટ-૨ હિરાબાગ વરાછા રોડ, કાપોદ્રા સુરત
૧૨	એમ.એન.જે. પટેલ માધ્યમીક શાળા યુનીટ-૧ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે, વરાછા

૧૩	એમ.એન.જે. પટેલ માધ્યમીક શાળા યુનીટ-૨ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે, વરાછા
૧૪	સુરત ડાયમંડ ગર્લ્સ હાઈસ્કુલ યુનીટ-૧ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે વરાછા રોડ,
૧૫	સુરત ડાયમંડ ગર્લ્સ હાઈસ્કુલ યુનીટ-૨ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે વરાછા રોડ,
૧૬	સિધ્ધ કુટીર ઈગ્લીશ મીડીયમ સેકન્ડરી સ્કુલ યુનીટ-૧ ફાયર સ્ટેશનની સામે વરાછા
૧૭	સિધ્ધ કુટીર ઈગ્લીશ મીડીયમ સેકન્ડરી સ્કુલ યુનીટ-૨ ફાયર સ્ટેશનની સામે વરાછા
૧૮	લિટલ ફલાવર હાઈસ્કુલ યુનીટ-૧, કમલપાર્ક સોસાયટી, કાપોદ્રા, સુરત
૧૯	લિટલ ફલાવર હાઈસ્કુલ યુનીટ-૨, કમલપાર્ક સોસાયટી, કાપોદ્રા, સુરત
	સરથાણા પોલીસ સ્ટેશન
૨૦	બી.ડી.વી. પીઠાવાલા યુનીટ-૦૧ માધ્યમીક શાળા , નાના વરાછા, સુરત
૨૧	બી.ડી.વી. પીઠાવાલા યુનીટ-૦૨ માધ્યમીક શાળા , નાના વરાછા, સુરત
૨૨	આશાદિપ ઉચ્ચતર માધ્યમીક શાળા યુનીટ-૦૧ BRTS રોડ સીમાડા નાકા, સુરત
૨૩	આશાદિપ ઉચ્ચતર માધ્યમીક શાળા, યુનીટ-૦૨ BRTS રોડ સીમાડા નાકા, સુરત
૨૪	આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૧ પ્રમુખ છાયા સોસા.ની સામે, યોગી ચોક
૨૫	આશાદિપ ઈન્ટરનેશનલ સ્કુલ, યુનીટ-૦૨, પ્રમુખ છાયા સોસા.ની સામે, યોગી
૨૬	આશાદિપ વિધાલય-૧, યુનીટ-૧ , આકાર સ્પોર્ટસ કલબ, નાનાવરાછા, સુરત
૨૭	આશાદિપ વિધાલય-૧, યુનીટ-૨ , આકાર સ્પોર્ટસ કલબ, નાનાવરાછા, સુરત
૨૮	આશાદિપ વિધાલય-૨ બંસીધર યુનીટ-૧ ધર્મરાજ સોસા.નાના વરાછા, સુરત
૨૯	આશાદિપ વિધાલય-૨ બંસીધર યુનીટ-૨ ધર્મરાજ સોસા.નાના વરાછા, સુરત
	પુણા પોલીસ સ્ટેશન
૩૦	શ્રીમતી એલ.પી.ડી. પટેલ યુનિટ-૦૧ સાર્વજનીક વિદ્યાલય, પુણાગામ,સુરત
૩૧	શ્રીમતી એલ.પી.ડી. પટેલ યુનિટ-૦૨ સાર્વજનીક વિદ્યાલય, પુણાગામ,સુરત
	મહિધરપુરા પોલીસ સ્ટેશન
૩૨	આઈ.સી. ગાંધી હાઈસ્કુલ સુમુલ ડેરી રોડ સુરત
૩૩	એમ.યુ.એસ.ઈંગલીશ મિડીયમ હાઈસ્કૂલ, સુમુલ ડેરી રોડ, સુરત
૩૪	શ્રીમતિ લીલાબા ડી.વી કન્યા વિદ્યાલય, લાલ દરવાજા, સુરત
	ચોકબજાર પોલીસ સ્ટેશન
૩૫	જ્ઞાનગંગા વિદ્યાલય, ૮, ત્રિભુવન નગર સોસા., વેડ રોડ, સુરત
૩૬	સાર્વજનીક માધ્યમિક શાળા યુનિટ-૧ , શિવછાયા સોસા. વેડરોડ સુરત
૩૭	સાર્વજનીક માધ્યમિક શાળા યુનિટ-૨ , શિવછાયા સોસા. વેડરોડ સુરત
૩૮	અખંડ આનંદ વિદ્યાભવન યુનિટ-૧ , વેડ રોડ સુરત
૩૯	અખંડ આનંદ વિદ્યાભવન યુનિટ-૨ , વેડ રોડ સુરત
૪૦	શ્રી શારદા વિધા મંદિર યુનિટ-૧ સીંગણપોર કોઝવે રોડ સુરત.
૪૧	શ્રી શારદા વિધા મંદિર યુનિટ-૨, સીંગણપોર કોઝવે રોડ સુરત.
૪૨	પી.એમ.ભગત માધ્યમિક શાળા, યુનિટ-૧, પીપલ ચાર રસ્તા ગોટાલાવાડી ઉદયનગર-
૪૩	પી.એમ.ભગત માધ્યમિક શાળા, યુનિટ-૨, પીપલ ચાર રસ્તા ગોટાલાવાડી ઉદયનગર-
	સિંગણપોર ડભોલી પોલસ સ્ટેશન
૪૪	પ્રમુખ માધ્યમીક શાળા યુનિટ-૦૧ કૃષ્ણ નગર સોસા. કોઝવે રોડ સિંગણપોર સુરત
૪૫	પ્રમુખ માધ્યમીક શાળા યુનિટ-૦૨ કૃષ્ણ નગર સોસા. કોઝવે રોડ સિંગણપોર સુરત
૪૬	બ્રિલીયન્ટ વિધાલય યુનીટ-૧ ભુમી પુજા સોસા. ચોકબજાર સુરત
૪૭	બ્રિલીયન્ટ વિધાલય યુનીટ-૨ ભુમી પુજા સોસા. ચોકબજાર સુરત

૪૮	અંકુર વિદ્યાભવન યુનીટ-૧ આંબાતલાવડી કતારગામ સુરત
૪૯	અંકુર વિદ્યાભવન યુનીટ-૨ આંબાતલાવડી કતારગામ સુરત
૫૦	એલ.પી. સવાણી રીવર સાઈડ સ્કુલ, ડભોલી ચોક બજાર, સુરત
૫૧	શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ વિદ્યાલય યુનીટ-૧ ગુરૂકુલ રોડ નાની વેડ સુરત
૫૨	શ્રી સ્વામીનારાયણ ગુરૂકુલ વિદ્યાલય યુનીટ-૨ ગુરૂકુલ રોડ નાની વેડ સુરત
	કતારગામ પોલીસ સ્ટેશન
૫૩	ગુરૂકુળ વિધાપિઠ VTC કન્યા વિદ્યાલય, GIDC સુમુલ ડેરી રોડ સુરત
૫૪	ગુરૂકુળ વિધાપિઠ VTC કન્યા વિદ્યાલય, ENG મીડીયમ GIDC સુમુલ ડેરી રોડ સુરત
૫૫	ગુરૂકુલ વિધાપિઠ NV ધમણવાલા ગુ.મી. સ્કુલ, કતારગામ GIDC
૫૬	શ્રીમતિ વી.ડી.એન્ડ શાહ સેકન્ડરી સ્કુલ યુનિટ-૧ અનાથા અશ્રમ કેમ્પસ, કતારગામ
૫૭	અક્ષરજ્યોત હાઈસ્કુલ, યુનિટ-૧ આંબાતલાવડી, કતારગામ,
૫૮	અક્ષર જ્યોત હાઈસ્કુલ, યુનિટ-૨ આંબાતલાવડી, કતારગામ, સુરત
૫૯	સ્વ. ડી.ડી રાદડીયા હાઈસ્કુલ ઓમપાર્ક સોસા. આંબાતલાવડી કતારગામ સુરત
૬૦	સુમન હાઈસ્કુલ નં-૦૩ કતારગામ દિવ્ય જ્યોત ફલેટ સામે વસ્તા દેવડી રોડ સુરત
૬૧	એચ.જે. ગજેરા માધ્યમિક અને ઉ.મા.શાળા , અમરોલી રોડ કતારગામ, સુરત
૬૨	એસ.એચ. ગજેરા માધ્યમિક અને ઉ.મા.શાળા , યુનીટ-૧ અમરોલી રોડ કતારગામ,
૬૩	વિ.એન.ગોધાણી અંગ્રેજી માધ્યમ સ્કુલ યુનીટ-૧ ગ્રીનલાઈન કતારગામ રોડ સુરત
૬૪	માતૃભુમિ વિધાભવન, ડભોલી ચાર રસ્તા કતારગામ સુરત
૬૫	નિલકંઠ કન્યા વિધાલય સીંગણપોર ચાર રસ્તા કતારગામ, સુરત
૬૬	શિશુ વિહાર વિદ્યાલય રણછોડજી પાર્ક સો.સા કતારગામ
	અમરોલી પોલીસ સ્ટેશન
૬૭	ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૧, ઉત્રાણ, અમરોલી
૬૮	ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૨, ઉત્રાણ, અમરોલી
૬૯	માધવબાગ વિદ્યાભવન યુનિટ-૧ નવો કોસાડ રોડ અમરોલી
૭૦	માધવબાગ વિદ્યાભવન યુનિટ-૨ નવો કોસાડ રોડ અમરોલી
૭૧	સુરત પીપલ્સ બેંક હાઈસ્કુલ અમરોલી કોલેજ ગ્રાઉન્ડ અમરોલી
૭૨	કે.એન્ડ એમ.પી. પટેલ સાર્વજનીક વિદ્યાલય યુનીટ-૧ અમરોલી સુરત
૭૩	કે.એન્ડ એમ.પી. પટેલ સાર્વજનીક વિદ્યાલય યુનીટ-૨ અમરોલી સુરત
૭૪	શાહ ગંગા બેન ઉદેરામ માધ્યમિક શાળા, અમરોલી, સુરત
૭૫	સરદાર પટેલ વિદ્યા સંકૂલ શિવનગર અમરોલી
૭૬	જે.વી.મોર્ડન સાયણ રોડ, અમરોલી
૭૭	મધુવન ઈન્ટરનેશનલ સ્કુલ અમરોલી સાયણ રોડ સુરત
૭૮	હરીકૃષ્ણ ઈન્ટરનેશનલ સ્કુલ કોસાડ સાયણ રોડ, અમરોલી સુરત
૭૯	શ્રીકર વિદ્યાસંકુલ, અમરોલી સાયણ રોડ, કોસાડ., સુરત
	ઉત્રાણ પોલીસ સ્ટેશન
૮૦	આશાદિપ વિદ્યાલય-૪, યુનિટ-૧, ઉત્રાણ પાવર સ્ટેશન, મોટા વરાછા, સુરત
૮૧	આશાદિપ વિદ્યાલય-૪, યુનિટ-૨, ઉત્રાણ પાવર સ્ટેશન, મોટા વરાછા, સુરત
૮૨	અસપાયર પબ્લીક સ્કુલ, યુનિટ-૧, શિવધારા કેમ્પસની પાસે, મોટા વરાછા,
૮૩	અસપાયર પબ્લીક સ્કુલ, યુનિટ-૨, શિવધારા કેમ્પસની પાસે, મોટા વરાછા,
૮૪	મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૧ ઉત્રાણ

૮૫	મૌની ઈન્ટરનેશનલ સ્કુલ, યુનિટ-૨ ઉત્રાણ
૮૬	સંસ્કારતીર્થ જ્ઞાનપીઠ યુનિટ-૦૧, અઠ્ઠામા રોડ, મોટા વરાછા, સુરત
૮૭	સંસ્કારતીર્થ જ્ઞાનપીઠ યુનિટ-૦૨, અઠ્ઠામા રોડ, મોટા વરાછા, સુરત
૮૮	શ્રી એચ.જે.ગજેરા માધ્યમીક અને ઉચ્ચત્તર માધ્યમીક શાળા યુનિટ-૧ ઉત્રાણ, સુરત
૮૯	શ્રી એચ.જે.ગજેરા માધ્યમીક અને ઉચ્ચત્તર માધ્યમીક શાળા યુનિટ-૨ ઉત્રાણ, સુરત

નોંધ :- સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કુલ- ૮૯ કેન્દ્રો છે.

:: અપવાદ ::

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૧૩/૦૪/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૧૩/૦૪/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :- ૦૯/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ ::-

ક્રમાંક : એસ.બી./હથિયારબંધી/૬૨/૨૦૨૫.–સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

:: હુકમ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

(ક) શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવા ઉપર.

(જ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા બાળવા/લટકાવવા, દેખાડવા કે પુતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે ભુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઇ પ્રદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

:: અપવાદ ::

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઇ પણ હથિયાર સાથે લઇ જવા ફરમાવ્યું હોય અથવા કોઇપણ હથિયાર લઇ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઇપણ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિને લાગુ પડશે નહીં.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૭/૦૪/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૫/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ :- ૧૫/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ ::

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/૬૩/૨૦૨૫.–સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધીત કૃત્યો ::

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૧૭/૦૪/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૦૧/૦૫/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૧૫/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-:: ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ ::-

ક્રમાંક : એસ.બી./હથિયારબંધી/૬૫/૨૦૨૫.–સુરત શહેરની પરિસ્થિતિને લક્ષમાં લઈ જાહેર શાંતિ અને સલામતી જાળવવા પગલાં લેવા જરૂરી છે. તેમજ આગામી સમયમાં અગત્યના તહેવારો આવતા હોય અને સુરત શહેર પોલીસ કમિશનર હકુમત વિસ્તારમાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી જાહેર જનતાની સુલેહ તથા સલામતી માટે આવા હથિયારો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

:: હુકમ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

(ક) શસ્ત્રો, બંદુક, તલવાર, ભાલા, ખંજર, ચપ્પા તથા શારિરીક હિંસા પહોંચાડવામાં ઉપયોગ થઈ શકે તેવી બીજી ચીજો લઈ જવા કે અન્ય રીતે સ્વ-બચાવના ચોકકસ કારણો સિવાય સાથે રાખીને ફરવા ઉપર.

(ખ) પરવાનાવાળા હથિયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજીક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ શરીરને હાનિકારક અથવા સ્ફોટક પદાર્થ લઈ જવા ઉપર.

(ઘ) પત્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાખવાના યંત્રો અથવા સાધનો લઈ જવા એકઠા કરવા તથા તૈયારી કરવા ઉપર.

(ચ) રેમ્બો છરા/ચપ્પુ લાવવા અથવા રાખવા કે વેચાણ કરવા ઉપર.

(છ) સળગતી અગર સળગાવેલી મશાલ સરઘસ સાથે રાખવા ઉપર.

(જ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા બાળવા/લટકાવવા, દેખાડવા કે પુતળાને ફાંસી આપવા ઉપર.

(ઝ) જાહેરમાં અન્ય લોકોને ત્રાસ થાય તે રીતે ભુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા ઉપર.

(ટ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલ કરવાથી તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબરો અથવા બીજા કોઈ પ્રદાર્થ વસ્તુ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા તેનો ફેલાવો કર્યાથી આવા અધિકારીના અભિપ્રાય પ્રમાણે સુરુચિ અથવા નીતિનો ભંગ થતો હોય અથવા જેનાથી રાજયની સલામતી જોખમાતી હોય અથવા જેને પરિણામે રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવાં છટાદાર ભાષણ આપવાની, તે ચાળા વિગેરે કરવાની અથવા તે ચિત્રો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

:: અપવાદ ::

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ.

(૧) સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈ પણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

(૨) સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે સંગીન વિગેરે સાથે રાખવા પડતા હોય તેમને લાગુ પડશે નહીં.

(૩) પોલીસ કમિશનર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈપણ અધિકારીઓએ જેને શારિરીક અશક્તિના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યક્તિને લાગુ પડશે નહીં.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટની કલમ ૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૫/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૧૬/૦૫/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

આજ તારીખ :- ૩૦/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

:: ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭(૩) અન્વયે કાઢેલ ::

ક્રમાંક: એસ.બી./ચાર કરતા વધુ વ્યકિત ભેગા થવા ઉપર/૬૬/૨૦૨૫.–સુરત શહેરમાં આગામી દિવસોમાં ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાઓના કાર્યક્રમ યોજવામાં આવતા હોય છે. જેથી કોઈ પણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતિ તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ સુરત પોલીસ કમિશનરેટની હદ વિસ્તારમાં કેટલાક પ્રતિબંધો ફરમાવતું જાહેરનામુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર. ગુજરાત પોલીસ એકટની કલમ ૩૭(૩) અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધીત કૃત્યો ::

સુરત પોલીસ કમિશનરેટ વિસ્તારમાં પરવાનગી વગર જાહેર જગ્યા ઉપર ચાર કે ચાર કરતા વધારે માણસોએ ભેગા થવું નહીં. તેમજ કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં અને કોઈ પણ જાતની સભા-સરઘસ કાઢવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

:: અપવાદ ::

આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર. ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૨/૦૫/૨૦૨૫ ના ક.૦૬-૦૦ થી તા.૧૬/૦૫/૨૦૨૫ ના ક.૨૪-૦૦ વાગ્યા સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ગુજરાત પોલીસ એકટની કલમ ૧૩૫ (૩) મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ-કલમ ૧૩૫ (૩) મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩૦/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::

ક્રમાંક: એસ.બી./ સરકારી કચેરીઓમાં અનઅધિ. વ્યક્તિ પ્રવેશ-પ્રતિબંધ /૬૭/૨૦૨૫.–પોલીસ કમિશનરશ્રી સુરત શહેર ના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તાર જેવા કે, જિલ્લા કલેક્ટર કચેરી, જિલ્લા ન્યાયાલય કચેરી, જિલ્લા પંચાયત કચેરી, બહુમાળી બિલ્ડીંગમા આવેલ સરકારી કચેરીઓ, જીલ્લા સેવા સદન-૨, મહાનગર પાલીકાની કચેરીઓ અને ઝોન ઓફીસો, પ્રાદેશીક વાહનવ્યવહાર અધિકારીની કચેરીઓ વિગેરેમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આ સિવાયની અન્ય સરકારી કચેરીઓમાં પણ રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. તાજેતરમાં કેટલાક બનાવો પરથી ઉક્ત તમામ કચેરીની આસપાસ તથા નજીકના સ્થળે કેટલાક ઈસમો એકલા અથવા ટોળી બનાવીને જાહેર જનતાની છેતરપીંડી કરી પૈસા પડાવે છે, અથવા તો ગેરકાયદેસરની પ્રવૃતીઓ કરી ઉલટી સીધી વાતો કરી જાહેર જનતાને ભોળવીને કે ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃતીઓ કરી રહેલ હોવાનું પોલીસના જેવો લોગોં મુકી સમાચારપત્રો, આઈકાર્ડ કે વિઝીટીંગ કાર્ડ રાખી સરકારી કર્મચારી કે અધિકારી હોવાનો સમાજમાં ખોટો ભ્રમ ઉભો કરી જાહેર જનતાને ગેરમાર્ગે દોરી આમ જનતાને ગુમરાહ કરતા હોય છે. તથા NGO કે અન્ય સંસ્થાઓ કે જે કાયદેસર રીતે કાર્યરત છે. તેમના નામે કર્મચારીઓને હેરાનગતી કરવાના ઈરાદે અથવા આમ જનતાને ખોટી ઓળખ આપી ખોટા કાર્ડ છપાવી/ બતાવીને પોતે આવી સંસ્થા સાથે સંકળાયેલા હોવાનો ભ્રમ ઉભો કરી સરકારી કચેરી અથવા અન્ય સ્થળોએ કેટલાક ઈસમો અનધિકૃત રીતે NGO કે અન્ય સંસ્થાઓ જેવી કે રાષ્ટ્રીય માનવ અધિકાર સંસ્થા, રાષ્ટ્રીય લાંચરુશ્વત વિરોધી સંસ્થા વગેરેના સરકારી કર્મચારી કે અધિકારી હોવાનું કે તે સંસ્થા સાથે સંકળાયેલ હોવાનું જણાવીને છેતરપીંડી કરતા હોય છે. અને લોકો તેમને સરકારી કર્મચારી/ અધિકારી ગણી છેતરાઇ જાય છે.

::હુકમ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩(BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું હુકમ કરું છું

પોલીસ કમિશનર સુરત શહેરના કાર્યક્ષેત્ર વિસ્તારમાં આવેલ ઉક્ત પેરામાં જણાવ્યા પ્રમાણેની તમામ સરકારી કચેરીઓ તમામ પોલીસ સ્ટેશનો તેમજ જ્યાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય તેવી અન્ય તમામ સરકારી કચેરીઓમાં પોતાના સરકારી કામ માટે આવેલા હોય, અથવા કામ કરતા હોય તેવા અથવા વ્યાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનધિકૃત ઈસમો કે, ઈસમોની ટોળી, સદરહુ કચેરીમાં આવતી જાહેર જનતા, અરજદારોને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લલચાવીને કે ગેરમાર્ગે દોરીને વચેટીયા તરીકે કામ કરાવી આપવાનું જણાવતા અનધિકૃત વચેટીયા તરીકે કામ કરતાં ઈરાદો રાખતા આવા વ્યકિત ઓ/ઈસમોના પ્રવેશ ઉપર તથા NGO કે તેના જેવી સંસ્થાઓના નામે કાર્ડ છપાવી/બતાવીને સરકારી કર્મચારી/અધિકારી હોવાનો ભ્રમ ઉભો કરી NGO કે તેના જેવી સંસ્થાઓ જોડે સંકળાયેલા હોવાનું જણાવી સરકારી કચેરી અથવા અન્ય સ્થળોએ છેતરપીંડી કરતા વ્યક્તિઓ/ઈસમો પર પણ પ્રતિબંધ ફરમાવુ છું.

-: અમલવારીનો સમય :-

આ જાહેરનામાનો અમલ તા.૦૩/૦૫/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધીનો રહેશે.

-: અમલવારીનો વિસ્તાર :-

સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-::શિક્ષા::-

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૦૧/૦૫/૨૦૨૫ના રોજ મેં મારી સહી તથા સિક્કા કરી આપેલ છે

:: જાહેરનામું ::

-:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ ::-

ક્રમાંક: એસ.બી/ડ્રોન કેમેરા/૬૮/૨૦૨૫.–પોલીસ મહાનિરીક્ષકશ્રી સ્ટેટ ઈન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનાઓ ના પત્રક્રમાંક જી.-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ તા:૦૧/૧૧/૨૦૨૧ અન્વયે અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ ક્રિટિકલ અને સ્ટ્રેટેજીક મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશનને રેડ, યલો ઝોન કે ગ્રીનઝોનમાં વિભાજીત કરેલા જેને અપ્રૂવ કરેલાની માહિતી અત્રે મોકલેલ છે. અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ વાઈટલ ઈન્સ્ટોલેશન, એરપોર્ટ, દરિયાકિનારાના વિસ્તારમાં, હજીરા પોર્ટ, વી.આઈ.પી / વી.વી.આઈ.પી. રહેઠાણ તેમજ કચેરીઓ, અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. UAV (Unmanned Aerial Vehicle) કે જેમાં રીમોટ કંટ્રોલ સંચાલિત કેમેરા લગાડેલા ડ્રોન અથવા એરિયલ મિસાઈલ, હેલીકોપ્ટર, રીમોટ કંટ્રોલ માઈક્રોલાઈટ એરક્રાફ્ટ કે પેરાગ્લાઈડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને સુરત શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ તાજેતરમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનેલ બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV (Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ : ૦૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ -:

ક્રમાંક : એસ.બી./પથિક સોફટવેર અંગેનું જાહેરનામું/૭૬/૨૦૨૫.—ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ અસામાજીક તત્વો શહેરના વિસ્તારોમાં આવેલ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના રાજયો માંથી આવતા આવા તત્વો કોઇ હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફર ખાના ભાડે રાખીને રહેતા હોય છે તેઓ આવા આશ્રય સ્થાનો ઉપર રહી શહેરની ભીડભાડ વાળી જગ્યાઓ, મોટી હોસ્પીટલો, ઓદ્યોગીક એકમો, સરકારી કચેરીઓ, અતિસંવેદનશીલ જગ્યાઓ સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ ને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં આશરો આપતા માલીકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ હુકમ કરૂ છુ, કે સુરત શહેર પોલીસ કમિશનર વિસ્તારના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં કોઇ પણ વ્યકિતઓને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં પોલીસ દ્વારા તૈયાર કરેલ ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru/ માં કરવાની રહેશે. આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ઓની સુરત શહેર ક્રાઈમ બ્રાંચની ઓફીસમાં રજીસ્ટર કરાવી આપના યુઝર આઇડી, પાસવર્ડ મેળવી લઈ રોજે રોજ આવતા તમામ રોકાણ કરતા મુસાફરોની જે તે સમયે ઓન લાઈન પોર્ટલમાં એન્ટ્રી કરવી. તે સિવાય કોઇ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના ના માલીકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપના હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાનામાં મુસાફરો આવે ત્યારે તમામ મુસાફરોની ઓન લાઈન પોર્ટલમાં જણાવેલ તમામ માહીતીની સચોટ એન્ટ્રી કરવી કરવાની રહેશે.

(૨) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનાર વ્યકિતના નામ, સરનામા, ટેલીફોન સહીતના ઓન લાઈનપોર્ટલ મુજબના તમામ નક્કર પુરાવા મેળવવા ના રહેશે.

(૩) હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના માં સી.સી. ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૪) હોટલ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા તથા મુસાફરખાના માં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં તથા ઓન લાઈન પોર્ટલમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૫) આવનાર તમામ મુસાફરોના મોબાઈલ નંબર રજીસ્ટરમાં તથા પોર્ટલમાં નોધવાનો રહેશે. અને મુસાફરનો મોબાઈલ નંબર સાચો છે કે કેમ ? તે બાબતે હોટલના નંબર થી કોલ કરી નંબર સાચો હોવાની ખરાઇ કરવાની રહેશે.

(૬) હોટલ તરફ થી આપવામાં આવતા વાઈફાઈ નો દુર ઉપયોગ ન થાય તેવુ સુનિશ્ચીત કરવાનુ રહેશે. મુસાફર દ્વારા કયા સમયે અને કેટલા સમય માટે કઈ કઈ વેબ સાઈડનો ઉપયોગ કરેલ છે ? કોઈ શંકાસ્પદ માહીતી ડાઉન લોડ કરેલ છે? તે બાબતે જાગ્રુત રહેવુ અને માહીતી કયા ઈલેકટ્રીક ઉપકરણ દ્વારા ઉપયોગમાં લીધેલ છે. તેની માહીતી પોતાની પાસે રાખવી અને શંકાસ્પદ જણાયે પોલીસને જાણ કરવી તેમજ આવી કોઇ માહીતી પોલીસ ધ્વારા તપાસના કામે માંગવામાં આવે ત્યારે આપવાની રહેશે.

(૭) હોટલમાં મુસાફરો રોકાયેલ હોય અને કોઇ બહારની વ્યકિતની વ્યકિત હોટલમાં રોકાયેલ મુસાફરોની મુલાકાતે આવે ત્યારે હોટલમાં મુસાફર મુલાકાતી રજીસ્ટરમાં મુલાકાતીની તમામ નોધ તારીખ ટાઇમ સાથે તથા આઇડી પ્રુફ સાથે કરવાની રહેશે.

(૮) કોઇપણ મુસાફરની શંકાસ્પદ હીલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી સુરત શહેર પોલીસ કમિશનરશ્રીની હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમા રેહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:- ૦૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ -:

ક્રમાંક :એસ.બી./હોટલ,લોજમાં રોકાણ કરનાર વિદેશી નાગરીકની માહિતી અંગે /૭૭/૨૦૨૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ અસામાજીક તત્વો શહેરોના રહેણાંક વિસ્તારોમાં તથા હોટલ, લોજ, બોર્ડીંગમાં ગુપ્ત આશરો મેળવી, જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડવાની કોશીષ કરે છે.

બહારના દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે તથા હોટલ, લોજ, બોર્ડીંગ વિગેરે જગ્યાનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહીતગાર થઈ ને તેઓ ત્રાસવાદી પ્રવૃત્તિઓને અંજામ આપતા હોય છે. જેથી ભાડેથી મકાન, હોટલ, લોજ, બોર્ડીંગમાં આશરો આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનું દેશની સુરક્ષા પરિપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

-:: હુ ક મ ::-

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારના મકાન, હોટલ, લોજ, બોર્ડીંગ વિદેશીઓને ભાડેથી આપતા માલિકો કોઈપણ વિદેશી વ્યક્તિને ભાડેથી આપે ત્યારે તેની જાણ ૨૪-કલાકમાં સબંધીત પોલીસ સ્ટેશનમાં કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને હોટલ, લોજ, બોર્ડીંગ માલિકો ભાડે આપી શકશે નહીં.

(૧) આપની હોટલ, લોજ, બોર્ડીંગમાં વિદેશી નાગરિક આવે ત્યારે તેના પાસપોર્ટ, વિઝા અને ભારતમાં આવ્યા અંગેની વિગતો કોપી સહીતની લેવી.

(૨) વિદેશી નાગરિકના પાસપોર્ટ, વિઝા અને ભારતમાના સરનામા અને વિદેશી નાગરિક તરીકે નોંધણી કરાવેલ હોય તો રેસીડેન્સીયલ પરમીટની કોપી મેળવવી અને રેકર્ડમાં રાખવી.

(૩) વિદેશી નાગરિકને લગતા સી-ફોર્મ નિયમ મુજબ સી-ફોર્મ ફોરેનર્સ રજીસ્ટ્રેશન રૂલ્સ સને-૧૯૩૯ મુજબના નમુના મુજબના ફોર્મમાં ફોરેનર્સ બ્રાંચમાં ૨૪-કલાકમાં રીપોર્ટ સહીત રજુ કરાવાના રહેશે.

(૪) અજાણ્યા વિદેશી નાગરિકોને હોટલ, લોજ બોર્ડીંગમાં પ્રવેશ આપવો નહીં.

(૫) વિદેશી વિઝીટરનું બુકીંગ કરાવનારના નામ, સરનામા, ટેલીફોન સહીતના નક્કર પુરાવા મેળવવા.

(૬) સુરત શહેરમાં કઈ જગ્યાએ કયા કામ માટે કોને-કોને મળવાના છે ? કેટલો સમય રોકાવાના છે ? તેની સંપુર્ણ વિગત મેળવવી.

(૭) કોઈપણ મુસાફરની શંકાસ્પદ હિલચાલ જણાયેથી તાત્કાલીક પોલીસને જાણ કરવી.

(૮) હોટલ, લોજ, બોર્ડીંગમાં સી.સી. ટી.વી. કેમેરાની વ્યવસ્થા રાખવી અને સી.સી. ટી.વી. રેકોર્ડીંગના બેકઅપ ત્રણ માસ સુધી રાખવાના રહેશે.

(૯) હોટલ, લોજ, બોર્ડીંગ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળામાં રોકાણ માટે આવતા મુસાફરો જે વાહનમાં આવે તે વાહનનો પ્રકાર, રજીસ્ટ્રેશન નંબર, રજીસ્ટરમાં નોંધવાનો રહેશે. જો પબ્લીક ટ્રાન્સપોર્ટમાં આવેલ હોય તો તે મુજબ રજીસ્ટરમાં નોંધ કરવાની રહેશે.

(૧૦) વિદેશી નાગરિકોનો મોબાઈલ નંબર રજીસ્ટરમાં નોધવાનો રહેશે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે

આજ તારીખ:- ૦૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ -:

ક્રમાંક :એસ.બી./સિક્યુરીટી ગાર્ડની માહિતી પુરી પડવા અંગેનુ જાહેરનામું/૭૮/૨૦૨૫.–સુરત શહેરમાં શાંતિ અને સલામતિ જાળવવા અને પ્રદુષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઈવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઈ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઈ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજયમાંથી ઓલ ઈન્ડીયા લાયસન્સ મેળવી સુરત શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના

બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સિક્યુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલ છે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપની માં હથિયારી પરપ્રાંતીય ગાર્ડની સંપુર્ણ માહિતી પોલીસ કમિશનરશ્રીની કચેરી ખાતે લાયસન્સ બ્રાંચમાં આપવાની રહેશે. તેમજ આ વિગત જે તે વિસ્તારના નજીકના પો.સ્ટેશનમાં પણ આપવાની રહેશે. પરપ્રાંતીય હથિયારી ગાર્ડના હથિયાર લાઈસન્સનું વેરીફીકેશન પોલીસ મારફતે કરવામાં આવે ત્યારે નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનુ હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી/ ફેકટરી વિગેરે સ્થળના માલીકે રજુ કરાવાની જવાબદારી તેઓની રહેશે. આ ઉપરાત ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેમની કંપનીમાં બિનહથિયાર ધારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જેતે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

મુદ્દા નંબર : ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ વાઈઝ આપવાની રહેશે.

અ. નં.	વિગત		
૧	સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર	:-	
૨	પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી/ બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે. નું નામ, હાલનું સરનામું ટે.ફો. નંબર	:-	
૩	સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલી. નંબર	:-	
૪	નોકરીએ રાખ્યાની તારીખ	:-	
૫	કોના રેફરન્સ પરિચય થી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂનામ, સરનામું	:-	
૬	હથિયારી તથા ગનમેનના લાયસન્સ ની વિગત તથા ગનની વિગત	:-	
૭	લાયસન્સ ની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ	:-	
૮	સિકયુરીટી ગાર્ડનો ફોટો	:-	

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૦૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ :-

કમાંક : એસ.બી./મોબાઈલ/ સીમ કાર્ડ લે-વેચ અંગે મહિતી રાખવા બાબતે/૭૯/૨૦૨૫.–રાજ્યમાં બનતા ગુન્હાઓમાં મોબાઈલ ફોનના ઉપયોગ થાય છે. તેમજ મોબાઈલ ચોરીના ગુન્હાઓનું પ્રમાણ વધવા પામેલ છે. આવા ગુન્હાઓ શોધી કાઢવા માટે ગુન્હામાં વપરાયેલ અથવા ગયેલ મોબાઈલ ફોનના IMEI નંબરનું ટ્રેકીંગ કરી ને ગુન્હાના મુળ સુધી પહોચવા પ્રયત્નો કરવામાં આવે છે.

ઘણી વખતે મોબાઈલ ફોનના વપરાશ કર્તા સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળેલ છે કે, તેમને કોઈ અજાણ્યા માણસ પાસેથી

મોબાઈલ ખરીદેલ છે. જે મોબાઈલ વેચનાર/ખરીદ કરનારને ચોરાયેલ અથવા ગુન્હાઓમાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી અને મોબાઈલ ટ્રેકીંગ કરી અને ગુન્હાના મુળ સુધી પહોચે ત્યારે એવુ જાણવા મળે છે કે મોબાઈલ કોઈ અજાણી વ્યક્તિએ આપેલ છે અને તેને હું ઓળખતો નથી તેમ જાણવા મળે છે. જેથી તપાસમાં કોઈ ફળદાયક હકીકત મળતી નથી. આ બાબતે કોઈ વ્યક્તિઓ મોબાઈલ/ સીમકાર્ડ હેન્ડસેટ વિગેરે વગર ઓળખકાર્ડ અથવા કોઈપણ ઓળખપત્ર વગર લેનાર/વેચનારની જવાબદારી નકકી કરવી અને પ્રસ્તુત બાબતે આવા ગુન્હાઓના મુળ સુધી પહોંચી સાચા આરોપીને શોધી કાઢવા માટે જુના મોબાઈલના વપરાશકારને તે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચીયો તે જાણવુ જરૂરી જણાય છે.

હવે પછી કોઈ દુકાનદારે/કંપનીએ કોઈ વ્યકિતને મોટી સંખ્યામાં(બ્લક) સીમકાર્ડ આપવા નહીં તેમજ એક થી વધુ સીમકાર્ડ ની ખરીદી કરે તો વેચનાર દુકાનદાર/ કંપનીએ આ અંગેની માહિતી સ્થાનીક પોલીસ સ્ટેશનમાં જમાં કરાવવાની રહેશે.

-:: હુ ક મ ::-

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે, સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જુના મોબાઈલ લે-વેચ કરનાર વેપારીએ મોબાઈલ લેતા પહેલા મોબાઈલ વેચનારનું તથા જુના મોબાઈલ વેચતી વખતે મોબાઈલ ખરીદનારનું ઓળખ અંગેનું પુરેપુરૂ નામ સરનામું નોંધવુ ફરજીયાત બનાવવામાં આવે તે માટે નીચે દર્શાવ્યા મુજબના કોલમવાઈઝ રજીસ્ટરો નિભાવવામા આવે તે જરૂરી છે.

:: જુના મોબાઈલ ખરીદતી કે વેચતી વખતે વેપારીએ નિભાવવાનુ રજીસ્ટર ::

અ.નં.	મોબાઈલની વિગત/ કંપની	IMEI NO.	મોબાઈલ બીલની વિગત	મોબાઈલ વેચનાર / ખરીદદારનું નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત

:: સીમકાર્ડ વેચતી વખતે વેપારીએ નિભાવવાનું રજીસ્ટર ::

અ.નં.	સીમકાર્ડ ની કંપની	સીમકાર્ડ નંબર	બીલની વિગત	સીમકાર્ડ વેચનાર / ખરીદદારનું નામ સરનામાની વિગત	ID પ્રુફની વિગત

આ ઉપરાંત કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાસેથી સીધો મોબાઈલની લે-વેચ કરે ત્યારે મોબાઈલ વેચનાર વ્યક્તિ પાસેથી ખરીદ કરનાર વ્યક્તિએ મોબાઈલ વેચનાર વ્યક્તિનું ID પ્રુફ અને પુરૂ નામ સરનામું મેળવી એક નકલ પોતાની પાસે રાખી બીજી નકલ નજીકના પોલીસ સ્ટેશનમાં આપવાનુ રહેશે. દરેક પોલીસ સ્ટેશનમાં ઉપર મુજબના કોલમનું રજીસ્ટર નીભાવવાનું રહેશે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈસપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ ૦૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી સિક્કા કરી આપેલ છે.

-: જાહેરનામુ :-

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ -:

ક્રમાંક:એસ.બી./ફટાકડા ફોડવા, ડીસ્કો લાઈટ તથા ડી.જે.વગાડવા પર પ્રતિબંધ અંગે/૮૦/૨૦૨૫.–સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં એવું ધ્યાન ઉપર આવેલ છે કે, લોકો લગ્ન પ્રસંગે કે વિજય સરઘસ તથા અન્ય કોઈપણ પ્રકારના ધાર્મિક સામાજિક કે રાજકીય મેળાવડા

દરમ્યાન જાહેર રસ્તાઓ ઉપર કે રોડની ફુટપાથ ઉપર તથા હોસ્પીટલ, શાળાઓ, કોલેજોની નજીક મોટા અવાજવાળા ફટાકડા ફોડી આતશબાજી કરી પ્રસંગ ઉજવતા હોય છે, જેના લીધે ટ્રાફિક વ્યવહાર ખોરવાઈ જાય છે અને ટ્રાફિક ચકકા જામ થઈ જાય છે તેમજ ઘણા બનાવોમાં ફટાકડા ફોડવાના તથા છુટા ફેંકવાના લીધે લોકોને ઈજા થયેલાના બનાવ બનેલ છે અને નાના મોટા આગના બનાવો બનતા જાનમાલને નુકશાન થયેલાનું પણ છે તદઉપરાંત હોસ્પિટલમાં દાખલ કરેલ દર્દીઓ, શાળા/કોલેજોમાં ભણતાં વિધાર્થીઓને ખલેલ પડતી હોય છે, જેથી જાહેર રસ્તા ઉપર ટ્રાફિક વ્યવસ્થા સુચારૂપે જળવાય રહે તેમજ લોકોના જાનમાલનું નુકશાન ન થાય. હોસ્પીટલમાં દાખલ દર્દીઓને તથા શાળા/કોલેજના વિદ્યાર્થીઓને ખલેલ ન પહોચે તે માટે તથા રાત્રિના સમયે સુતેલા લોકોને વિક્ષેપ ન પડે તે સારૂ નીચેના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવો મને જરૂરી જણાય છે.

-:: હુ ક મ ::-

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

:: પ્રતિબંધિત કૃત્યો ::

(૧) સુરત શહેરના જાહેર રસ્તા/રોડ તથા ફુટપાથ ઉપર દારૂખાનું/ફટાકડા, ફોડવા/સળગાવવા ઉપર તથા આતશબાજી કરવા ઉપર.

(૨) સુરત શહેરના જાહેર રસ્તાઓ/રોડ તથા ફુટપાથ ઉપર બોમ્બ, રોકેટ, હવાઈ તથા અન્ય ફટાકડા જેનો સમાવેશ દારૂખાનામાં થતો હોય તેવા ફટાકડા સળગાવી રસ્તા ઉપર કે ફુટપાથ ઉપર કે કોઈ વ્યકિત ઉપર કે જાહેરમાં છુટા ફેંકવા ઉપર.

(૩) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં રાત્રિ ના કલાક.૨૨-૦૦ થી સવાર ના કલાક. ૦૬-૦૦ સુધી ફટાકડા/ દારૂખાનું ફોડવા ઉપર.

(૪) સુરત શહેર પોલીસ કમિશનરેટના સમગ્ર વિસ્તારમાં આવેલ તમામ કોર્ટ કચેરી, હોસ્પીટલ, શાળાઓ, કોલેજો, શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ફટાકડા/ દારૂખાનું ફોડવા તથા ડી.જે.વગાડવા ઉપર.

(૫) પેટ્રોલ જેવા અથવા સળગી ઉઠે તેવા પદાર્થોથી રસાયણીક કારખાનાઓ આવેલ હોય તેવા વિસ્તારના ૧૦૦ મીટર વિસ્તારમાં ફટાકડા ફોડવા ઉપર.

(૬) ખાસ કરીને ડુમ્મસ પો.સ્ટે.વિસ્તારમાં આવેલ સુરત એરપોર્ટની ફરતી દિવાલ/ફેન્સીંગ તારની વાડ ઘેરાવામાં કોઈપણ ઈસમે હવાઈ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા દારૂખાના કે ફટાકડા ફોડવા ઉપર તથા ઉતર થી દક્ષિણ દિશામાં રન-વે હોય. જેથી એરપોર્ટની બાઉન્ડ્રી દિવાલ થી ૧.૫ કિ.મી. એરીયલ ડીસ્ટન્સ સુધી પૂર્વ થી પશ્ચિમ દિશામાં એરપોર્ટની ૦.૫ કિ.મી. એરિયલ ડીસ્ટન્સ સુધી કોઈપણ વ્યક્તિ આતશબાજી તેમજ ડી.જે.માં તથા અન્ય રીતે ડીસ્કો લાઈટ(લેઝર લાઈટ્)નો ઉપયોગ નહીં કરી શકે.

(૭) હજીરા અને ઈચ્છાપોર પો.સ્ટે. વિસ્તારમાં આવેલ ઓર્ધોગિક એકમો જેવા કે, (૧) એસ્સાર (૨) સેલ (૩) એન.ટી.પી.સી. (૪) રિલાયન્સ (૫) એલ.એન્ડ.ટી.પોર્ટ (૬) કઈર્નએનર્જી (૭) જી.એસ.ઈ.જી. પાવરપ્લાન્ટ (૮)એ.બી.જી.કંપની (૯) જી.એસ.પી.સી.નીટકો (૧૦) અદાણી (૧૧) એ.બી.જી.શીપયાર્ડ (૧૨) અલ્ટ્રાટેક સિમેન્ટ (૧૩) અંબુજા સિમેન્ટ(૧૪) આઈ.ઓ.સી. (૧૫) ગેઈલ ઈન્ડીયા લી (૧૬) ઓ.એન.જી.સી. (૧૭) કિભકો (૧૮) એચ.પી.સી.સેલ. (૧૯) બી.પી.સી.એલ. (૨૦) આઈ.બી.પી. વિગેરે કંપનીના કંમ્પાઉન્ડના ૫૦૦ મીટરના ઘેરાવામાં કોઈપણ ઈસમે હવાઈ રોકેટ અથવા આકાશ તરફ ઉડે તેવા દારૂખાના કે ફટાકડા ફોડવા ઉપર.

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનરની હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી આ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૦૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ -:

ક્રમાંક:એસ.બી./સ્પા/મસાજ પાર્લરોની માહિતી/ કર્મચારી ની માહિતી/૮૧/૨૦૨૫.–શહેરના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગીક વિસ્તારોમાં સ્પા/ મસાજપાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવેપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઇ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજપાર્લર ની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનું જણાઇ આવેલ છે.

જેથી સ્પા/ મસાજપાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજપાર્લરોની માહીતી જેતે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/ મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત સંપુર્ણ વિગત પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે.

અ.નુ.	વિગત	રીમાર્કસ
૧.	સ્પા/ મસાજપાર્લર, એકમનું નામ, માલિક/સંચાલક નું નામ તથા સરનામું ટેલીફોન નંબર.	
૨.	સ્પા/મસાજપાર્લરમાં કામ કરતા તમામ કર્મચારી ની સંપુર્ણ વિગત.(ફોટા સહિતની)	
	(૧) જો તેઓ ભારતીય હોય. તો તેના ઓળખના પુરાવા જોડવા.	
	હાલનું સરનામું-	
	મુળ વતન નું સરનામું-	
	ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં)	
	(૨) જો તેઓ વિદેશી હોય. તો - તેમના પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.) - કયા વિઝા પર ભારતમાં આવેલા છે. તેની વિગતઃ-	
	હાલનું સરનામું-	
	ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં)	
	સ્પા/ મસાજ પાર્લર ચલાવનાર/ સંચાલકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો કામ કરતા કર્મચારીઓનો પાસપોર્ટ સાઈઝ નો ફોટો પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ સ્પા/મસાજપાર્લર ચલાવનારની સહી સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગતઃ- કામ કરતા કર્મચારીની સહી	
૩.	:: નિયમો :: ૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે. ૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજપાર્લરો જે નામથી ચાલતા હોય. તેના નામ સાથે ની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે. ૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે. ૪. સ્પા/મસાજપાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ, ઈલેકશન કાર્ડ, રજુ કરવાના રહેશે.	

:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૦૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ -:

ક્રમાંક : એસ.બી./ જાહેરનામું /કર્મચારી-મજુરો-કારીગરો-નોકરોની માહિતી/૮૨/૨૦૨૫.–સુરત શહેરમાં ભુતકાળમાં બનેલ લુંટ, ઘાડ, ખુન તથા અપહરણ જેવા બનાવોના વિગતો જોતા ઘણા કિસ્સાઓમાં રહેણાંક વિસ્તારના મકાનો/બંગલાઓમાં, કારખાનામાં, મકાન બાંધકામમાં, ટેક્ષટાઈલ ઉદ્યોગમાં, હિરા ઉદ્યોગમાં, ફેકટરીઓમાં તથા પ્રાઈવેટ સેકટરમાં કામ કરતા ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી, કારીગરો, મજુરો વગેરે માલિકોનો વિશ્વાસ કેળવી તેઓ માલિકોની પ્રવૃતિ ઉપર વોચ રાખી પોતે તથા તેના સાગરીતો દ્વારા મિલકત સબંધિત તેમજ શરીર સબંધિત ગુનાઓ આચર્યા બાદ ભાગી જતા હોય છે. જેના કારણે આવા ગુન્હાઓ વણ શોધાયેલા રહેવા પામે છે. તેમજ ઘણાં કિસ્સામાં આવા પરપ્રાંતિઓ તેમના વતનમાં કે અન્ય કોઈ શહેરમાં ગંભીર ગુનાઓ આચરી સુરત શહેરમાં આશરો લેતા હોય છે. તેવી હકીકત જણાઈ આવેલ છે. જેના લીધે આવા ઈસમો શહેરની સલામતી અને શાંતી જોખમાય તેવા કૃત્ય કરતા હોય છે. જેથી જાહેર જનતાની શાંતી અને સલામતી જાળવવા સારૂ.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓ, કારખાનેદારો, મકાન બાંધકામ બિલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હિરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકાળાયેલ તમામ પ્રાઈવેટ સેકટરના માલિકો/મેનેજમેન્ટ સ્ટાફ કે જેઓના યુનિટમાં ઘરઘાટી નોકર, ડ્રાઈવર, રસોઈયા, વોચમેન, માળી કર્મચારી, કારીગરો મજુરો જે હાલમાં કામ ઉપર છે તેવા તેમજ કામ ઉપર રાખવામાં આવનાર કાયમી, હંગામી રોજીદા કે કોન્ટ્રાકટના કર્મચારી/ કારીગરો/ મજુરો/ નોકરોની માહિતી/ હકિકત અંગેની તમામ નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઈડ એપ્લિકેશન મારફતે ફરજીયાત પણે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે.તથા પોતાની પાસે પણ રાખવાની રહેશે

ઉપરોકત મુદ્દા ની સાથે સાથે નીચે દર્શાવેલ કોલમ મુજબની માહીતિ પણ પોતાની પાસે રાખવાની રહેશે. અને જયારે પોલીસ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ઉપરોક્ત માહિતી પુરી પાડવાની રહેશે.

અ.નુ	વિગત	
૧.	મકાન/બંગલા, કારખાનેદારો, મકાન બાંધકામ બીલ્ડર્સ, ટેક્ષટાઈલ ઉદ્યોગ, હીરા ઉદ્યોગ તથા અન્ય ઉદ્યોગો સાથે સંકળાયેલા તમામ પ્રાઈવેટ સેકટરના માલીકો/દલાલ/મેનેજમેન્ટ/સ્ટાફનું નામ તથા સરનામું ટેલીફોન નંબર	
૨	કામે રાખેલ નોકરો /મજુરો /કારીગરો /વોચમેનો /માળીઓ /ડ્રાઈવરો / રસોઈયાઓનુ પુરૂ નામ ઓળખ ચિન્હો, હાલનુ પુરૂ સરનામું, સ્થાનિક પો.સ્ટે.નું નામ ટેલીફોન નંબર	
૩	કામે રાખેલ નોકરો/ મજુરો/ કારીગરો/ વોચમેનો/ માળીઓ/ ડ્રાઈવરો/ રસોઈયાઓના મુળ વતનનુ પુરૂ સરનામુ, સ્થાનિક પો.સ્ટે. નું નામ, ટેલીફોન નંબર સાથે	
૪	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓને રાખ્યાની તારીખ	
૫	કોના ભલામણથી/ઓળખાણથી નોકરીએ રાખેલ છે, તેનુ નામ/ સરનામું/ ટેલીફોન નંબર	
૬	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાનાઓના બે થી ત્રણ સગા સબંધિના નામ સરનામા.(સ્થાનિક તેમજ વતનના)	
૭	નોકરો/મજુરો/કારીગરો/વોચમેનો/માળીઓ/ડ્રાઈવરો/રસોઈયાઓનો ફોટો	

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૦૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ :-

ક્રમાંક: એસ.બી/ જાહેરનામું /મકાન,દુકાન, ઓફિસ, ઔદ્યોગિક એકમો ભાડે આપવા/૮૩/૨૦૨૫.–ગુપ્તચર સંસ્થાઓના વખતો વખતના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/અસામાજીક તત્વો શહેરોના રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે છે. તેમજ માનવ જીંદગીની ખુવારી થાય અને જાહેર/લોકોની સંપતિને નુકશાન પહોંચાડવાની કોશીશ કરે છે.

બહારના રાજ્યોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો રહેણાંક તથા ઔદ્યોગિક વિસ્તારોમાં મકાન, દુકાન, ઓફિસ, એકમો ભાડે રાખીને રહેતા હોય છે. તે જગ્યાઓ વિગેરેનો સર્વે કરી સ્થાનીક પરિસ્થીતી થી માહિતગાર થઈ ને તેઓ ત્રાસવાદી પ્રવૃતિઓને અંજામ આપતા હોય છે. જેથી ઔદ્યોગિક વિસ્તારમાં મકાનો, એકમો ભાડે આપતા માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાનુ દેશની સુરક્ષા પરપ્રેક્ષ્યમાં જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં બંગલાઓ, મકાનો/દુકાનો/ઓફિસો/ઔદ્યોગિક એકમો ભાડે આપે ત્યારે તે બંગલાઓ/મકાનો/ દુકાનો/ઓફિસો/ઔદ્યોગિક એકમોના માલિકો/સંચાલકોએ તેની માહિતીની નોંધણી સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઇડ એપ્લિકેશન મારફતે ફરજીયાત પણે ઓનલાઈન નોંધણી કરાવવાની રહેશે. તેમજ તે મિલ્કતની માહિતી , સમિતી રચાઈ હોય તો તેના પ્રમુખ/ ચેરમેન/ સેક્રેટરીએ પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને જો મિલ્કત અંગે સમિતિ ન રચાઈ હોય તો જે તે મિલ્કતના માલિકોએ આ માહિતી પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે.

(૨) સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં મકાનો/બંગલાઓ અન્ય રહેણાંક મકાનો/સ્થાયી મિલકતો હસ્તાંતરણ (વેચાંણ) કરે ત્યારે ત્તે મિલ્કતની માહિતી સમિતી રચાઈ હોય તો તેના પ્રમુખ/ ચેરમેન/ સેક્રેટરી પાસે ફરજીયાત જમાં કરાવવાની રહેશે અને જો મિલ્કત અંગે સમિતિ ન રચાઈ હોય તો જે તે મિલ્કતના માલિકોએ આ માહિતી પોતાની પાસે ફરજીયાત રાખવાની રહેશે અને જયારે પોલીસ દ્વારા માંગણી કરવામાં આવે ત્યારે ઉપરોક્ત માહિતી પુરી પાડવાની રહેશે.

અ.નુ.	વિગત	
૧.	મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમના માલિકનું નામ તથા સરનામું ટેલીફોન નંબર તથા ભાડે આપેલ મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમની વિગત, કયા વિસ્તારમાં કેટલા ચો.મી બાંધકામ	
૨	મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ ભાડે આપવા સત્તા ધરાવતા વ્યક્તિનુ નામ સરનામુ ટેલી. નંબર	
૩	મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ જે તારીખથી ભાડે આપેલ હોયતે તારીખ.	
૪	જે વ્યક્તિ ને ભાડે આપેલ છે. તેનુ પુરૂ નામ હાલનુ સરનામુ ફોટા સાથે.	
૫	જે વ્યક્તિ ને ભાડે આપેલ છે. તેમના મુળ વતનનુ પાકા નામ સરનામા તથા બે થી ત્રણ સગા સબંધી ઓના નામ, સરનામા	
૬	મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમના સંચાલકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યક્તિનુ નામ સરનામુ ટેલી.નં	
૭	મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમ જે ભાડે આપેલ છે. તે લીવ લાયસન્સ ના કરારથી આપેલ છે કે કેમ ?	

:: નિયમો ::

૧. સીટીઝન પોર્ટલ વેબસાઈટ (www.gujhome.gujarat.gov.in) અથવા સીટીઝન ફર્સ્ટ એન્ડ્રોઈડ એપ્લિકેશન આ વેબસાઈટમાં ઉપરોક્ત વિગતોને સમાવેશ કરવાની રહેશે.

૨. તમારી મિલ્કતનો કબજો સુપ્રત કરતા હોય, તો જાત તપાસ કરવી આવશ્યક છે.

૩. સીંગલ યુવક યુવતીઓને મિલ્કત ભાડે આપો ત્યારે વાલીના સંમતિપત્ર મેળવવાનુ રહેશે. તે આ સાથે સામેલ કરવુ.

૪. ભાડે રાખનારે તેમનુ ડ્રાઈવિંગ લાઈસન્સ/ પાનકાર્ડ/ ઈલેક્શન કાર્ડ/આધારકાર્ડ કંપનીનો લેટરપેડ રજુ કરવાના રહેશે.

૫ જુના ભાડુઆતો કે જે હાલ ભાડુઆત તરીકે ચાલુ હોય તેમના સબંધમાં પણ માહીતિ રાખવાની રહેશે. તે માહીતિ આપવાની જવાબદારી ભાડુઆતની રહેશે.

૬. આ સાથે જરૂરી સ્ટેમ્પ પેપર ઉપર ભાડાના એગ્રીમેન્ટની નોટરી કરેલ ઝેરોક્ષ કોપી સાથે આપવાની રહેશે.

૭. મિલ્કત ખાલી કરો ત્યારે લેખિતમાં જાણ કરવાની રહેશે.

૮. બને ત્યાં સુધી આપની મિલ્કત સાક્ષી/એજન્ટ/સબંધીઓને વચ્ચે રાખવી આપવી.

૯. મકાન માલિક અને ભાડુઆતના અંગુઠાનુ નિશાન અને સહિઓ જવાબદાર સાક્ષી ની રૂબરૂમાં કરવાની રહેશે. તેમજ ભાડે રાખનાર વ્યક્તિના આઈ.ડી.પ્રુફ લેવાના ફરજીયાત રહેશે.

૧૦. મકાન/દુકાન/ઓફિસના માલિકો/ઔદ્યોગિક એકમો જે વ્યક્તિને ભાડે આપેલ હોય તે જ વ્યક્તિ તેમાં ભાડે રહી શકશે.અન્ય કોઈ વ્યક્તિઓ રહી શકશે નહીં. તે અંગે માલીકે ખાતરી કરવાની રહેશે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનર હેઠળના સમગ્ર તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસીસટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૦૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ-:

ક્રમાંક: એસ.બી/ ગેમઝોન- જાહેરનામું/ ૮૪ /૨૦૨૫.-રાજકોટ શહેરના નાનામવા મેઈન રોડ પર સયાજી હોટલ પાસે આવેલ ટી.આર.પી. મોલ ખાતેના ઝોનમાં તા.૨૫/૦૫/૨૦૨૪ના રોજ આકસ્મિક આગ લાગતા દુર્ઘટનાનો બનાવ બનેલ, જેથી અત્રેના સુરત શહેર વિસ્તારમાં આ પ્રકારની ગંભીર ઘટનાઓ અટકાવી શકાય તથા આવા સ્થળોએ જતી વખતે લોકો સ્થળ પરની સુરક્ષા બાબતે સજાગ રહે તથા આવા વિવિધ એકમોના માલિકો પણ પોતાની જવાબદારી યોગ્ય રીતે નિભાવે તે હેતુથી સુરત શહેરમાં આવેલ તમામ જાહેર તથા ખાનગી સ્થળો કે જયાં ખુબ જ બહોળા પ્રમાણમાં લોકો એકઠા થતા હોય તેવી તમામ જગ્યાઓ જેવી કે, ઓડીટોરીયમ, ટાઉનહોલ, પાર્ટી પ્લોટ, સિનેમા ગૃહો, ગેમીંગ ઝોન, નાટય ગૃહો, શોપીંગ મોલ, હોટલ, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ, કાફે, શાળા, કોલેજ, ટયુશન કલાસીસ, ડાન્સ કલાસીસ, જીમ સેન્ટર, બેન્ક, હોસ્પિટલ, લાયબ્રેરી, મ્યુઝીયમ, પેટ્રોલ પંપ, બસ સ્ટેશન, રેલવે સ્ટેશન, ઓદ્યોગિક એકમો, તથા તે મતબલની અન્ય જગ્યાઓ વિગેરેમાં તકેદારીના પગલા લેવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

અત્રેના સુરત શહેર વિસ્તારમાં આવેલ તમામ જાહેર તથા ખાનગી સ્થળો કે જયાં ખુબ જ બહોળા પ્રમાણમાં લોકો એકઠા થતા હોય તેવી તમામ જગ્યાઓ જેવી કે, ઓડીટોરીયમ, ટાઉનહોલ, પાર્ટીપ્લોટ, સિનેમા ગૃહો, ગેમીંગ ઝોન, નાટય ગૃહો, શોપીંગ મોલ, હોટલ, ગેસ્ટ હાઉસ, રેસ્ટોરન્ટ, કાફે, શાળા, કોલેજ, ટયુશન કલાસીસ, ડાન્સ કલાસીસ,જીમ સેન્ટર, બેન્ક, હોસ્પિટલ, લાયબ્રેરી, મ્યુઝીયમ, પેટ્રોલ પંપ, બસ સ્ટેન્ડ, રેલવે સ્ટેશન, ઓદ્યોગિક એકમો તથા તે મતલબની અન્ય જગ્યાઓ વિગેરેમાં નીચે મુજબના નમુનાનું “5 X 5” ફુટનું સાઈન બોર્ડ ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં પ્રિમાઈસીસની બહાર લોકો સરળતાથી જોઈ શકે તેવી રીતે રાખવા હુકમ કરૂ છું.

No.	Details
1.	Licensing Authority with contact number
2.	License holder Name, Address & contact No.
3.	Date of Validity of License
4.	Date of Validity of Fire NOC
5.	Date of last inspection
6.	Date of last Mock drill
7.	Details of adverse incident took Place in last 2 years
8.	Police Control Room No.100 and 112
9.	Fire No.101.
10.	Over all Capacity of premises in numbers of persons.

નોંધ: Office of the Commissioner of Police, Surat City દ્વારા ક્રમાંક: SB/Notification/153/2024. Dated the 30th July 2024 થી જાહેર કરેલ નિયમો "Rules for the Surat Amusement Gaming Rides and Gaming Zone Activities Safety Rules, Surat City, 2024" નું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે. .

શિક્ષા

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટ્ન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૦૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ -:

ક્રમાંક:એસ.બી./નદી - તળાવો/૮૫/૨૦૨૪.–તાજેતરમાં રાજ્યમાં જુદી-જુદી જગ્યાઓએ નદી, તળાવો, નહેર, દરીયામાં નહાવા પડેલા વ્યક્તિઓના ડુબી જવાથી મરણ ગયેલની ઘટના બનેલ જે ખુબ જ ગંભીર બાબત છે. જેથી આવી જગ્યાઓએ કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે સારૂ પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તાત્કાલિક અસરથી જરૂરી પ્રતિબંધ મુકવા જરૂરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે,

નીચે જણાવેલ જગ્યાઓએ નહાવા પર તથા ભારે ભીડ થવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

અ.નુ	પો. સ્ટે નુ નામ	ભયજનક જળાશયો/તળાવ,નહેર
૦૧	સચીન	શ્રી રામનગર તળાવ ગુ. હા. બોર્ડ
૦૨	સચીન	પારડી બસ સ્ટેન્ડ ની પાછળ ના ભાગે તળાવ પર
૦૩	સચીન	સાઉથ ઝોન ઓફિસની પાછળના ભાગે તળાવ
૦૪	સચીન	ઈકલેરા ગામ તળાવ

૦૫	સચીન	ખરવાસાગામ તળાવ
૦૬	સચીન	બોણંદગામ તળાવ
૦૭	સચીન	વક્તાણાગામ તળાવ
૦૮	સચીન	પોપડાગામ તળાવ
૦૯	સચીન	મિઢોળા નદી લાજપોર ગામ
૧૦	પુણા	રંગ અવધુત સોસાયટી ચાર રસ્તા થી રેશમા સર્કલ, પર્વત પાટીયા થી સમ્રાટ સ્કુલ ચાર રસ્તા સુધી પસાર થતી નહેર
૧૧	પુણા	પુણા ગામ તળાવ
૧૨	અમરોલી/ઉત્રાણ	કાકરાપાર ડેમ જમણી બાજુની નહેર (કામરેજ થી હજીરા તરફ જતી)
૧૩	ઈચ્છાપોર	ઈચ્છાપોરગામ તળાવ
૧૪	ઈચ્છાપોર	ભટલાઈગામ તળાવ
૧૫	ઈચ્છાપોર	જુના કવાસગામ તળાવ
૧૬	ઈચ્છાપોર	ભાટપોરગામ તળાવ
૧૭	જહાંગીરપુરા	કુંકણી નહેરથી ગોળાગરનાળા (વરીયાવ સુધીનો નહેરનો ભાગ)
૧૭	ડીંડોલી	છટ તળાવ, ડીંડોલી ગામ
૧૮	ડીંડોલી	કરાડવા ગામ તળાવ
૧૯	ડીંડોલી	સણીયા ગામ તળાવ તેજાનંદધામ મંદિરની પાસે
૨૦	ડીંડોલી	દેલાડવા ગામ તળાવ
૨૧	ડીંડોલી	મધુરમ સર્કલ કેનાલ
૨૨	સલાબતપુરા	ગોપી તળાવ
૨૨	હજીરા	મોરા તળાવ
૨૩	રાંદેર	દાંડી રોડ થી ગોગા ચોક સુધી તથા ગૌરવપથ સુધી કેનાલ (નહેર)
૨૪	રાંદેર	બોટનીકલ ગાર્ડન તળાવ
૨૫	સરથાણા	નહેર(શાયોના પ્લાઝા થી માં અમર ચોક-હવેલી સુધી)
૨૬	સરથાણા	પાસોદરા ગામ માં ઓમ ટાઉનશીપ વિ-૩ ની સામે આવેલ તળાવ
૨૭	ડુમ્મસ	ડુમ્મસ બીચ- દરીયા કિનારો
૨૮	ડુમસ	કાદી ફળીયુ પાસે આવેલ તળાવ
૨૯	ડુમસ	ભીમપોરગામ તળાવ
૩૦	ડુમસ	આભવાગામ તળાવ
૩૧	ડુમસ	ગવીયરગામ તળાવ
૩૨	હજીરા	સુવાલી બીચ- દરીયા કિનારો
૩૩		તાપી નદીના કિનારા (સરથાણા, કાપોદ્રા, વરાછા, અમરોલી, ઉત્રાણ, કતારગામ, ચોકબજાર, સિંગણપોર, જહાંગીરપુરા, પાલ, રાંદેર, અડાજણ, અઠવા, ઉમરા, ડુમ્મસ, ઈચ્છાપોર પો.સ્ટે. વિસ્તાર)

:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૦૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામુ ::

-: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ - ૩૩ (૧) (ખ) (ગ) અન્વયે કાઢેલ :-

ક્રમાંક:એસ.બી./ રખડતાં ઢોર /૮૬/૨૦૨૫.—વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (ખ) (ગ) અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબ હુકમ કરૂં છું કે,

સુરત શહેર વિસ્તારમાં જાહેરમાં રખડતા ઢોરનો ઉપદ્રવ છેલ્લા કેટલાક સમયથી વધી ગયેલ છે. તેમજ ભુતકાળમાં આ પ્રકારે રખડતા ઢોરને કારણે માર્ગ અકસ્માતમાં વ્યક્તિઓના મૃત્યુ પણ થયેલ છે. આ પ્રકારે રખડતા ઢોરોને કારણે આમ પ્રજામાં ત્રાસ અને ભયનું વાતાવરણ ઉત્પન્ન થયેલ છે. જેથી આ પ્રકારના ભય અને ત્રાસને દૂર કરવા અને રખડતા ઢોરોની પ્રવુતિને કાબુમાં લઈ માર્ગ અકસ્માત નિવારવા સારૂ પોલીસ કમિશનર સુરત શહેરની હકુમત હેઠળના વિસ્તારમાં વસવાટ કરતા તમામ ઢોરોના (ગાય, ભેસ. વગેરે ઢોર) માલિક, ગોપાલકોએ આ જાહેરનામું પ્રસિધ્ધ થયેથી દિન-૬૦ માં પોતાની માલિકીના તમામ ઢોરોને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી લગાડવામાં આવનાર ટેગ તથા ચીપ લગાવડાવી તેના દ્વારા પોતાના ઢોરનું રજીસ્ટેશન ફરજીયાત પણે કરાવી લેવાનુ રહેશે.

તેમજ ટેગ તથા ચીપ લગાડેલ ઢોરની માલિકી બદલાય તો એટલે કે આવા રજીસ્ટેશન કરાવેલ ઢોરના જો માલિક દ્વારા વેચાણ, ગીરો, બક્ષિસ, અથવા વારસાઈ રૂપે માલિકી હક બદલાય તો તેની જાણ જેતે ઢોરના માલિકે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવાની રહેશે. એજ પ્રમાણે જો ઢોરનુ મરણ થાય તો પણ તેની જાણ તેના માલિકે સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનને કરવાની રહેશે.

ઉપરાંત સુરત શહેર વિસ્તારમાં જાહેરમાં ઢોર માટે રસ્તા પર ઘાસચારો વેચતા ઈસમો અને રસ્તા પર રખડતાં ઢોર જે લોકોના સ્વાસ્થ્ય અને જાહેર માર્ગ સલામતીને ભયરૂપ હોય જેથી માર્ગ અકસ્માત નિવારવા અને આમ જનતાની સલામતી હેતુસર સુરત શહેર પોલીસ કમિશનર ની હકુમત હેઠળ સમગ્ર વિસ્તારમાં જાહેર માર્ગ, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યકિત દ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા તે સમગ્ર બાબતો ઉપર પ્રતિબંધ મુકવો જરુરી જણાય છે.

:: પ્રતિબંધિત કૃત્યો ::

સુરત શહેર વિસ્તારમાં જાહેર માર્ગ, ફુટપાથ તથા જાહેર સ્થળો ઉપર કોઈપણ વ્યકિત દ્વારા ઘાસચારાનું વેચાણ કરવા તથા જાહેરમાં પશુઓને ઘાસચારો નાખવા તેમજ રાખવા ઉપર.

:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં આ જાહેરનામાનો તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૦૧/૦૫/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ::

ક્રમાંક : એસ.બી./જાહેર રોડ પર ક્રિકેટ રમવા અંગે /૮૭/૨૦૨૫.—સુરત શહેરમાં જાહેર માર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા/રમાડવામાં આવે છે જેના કારણે અવર-જવર કરતા લોકોને તથા વાહન વ્યવહારને અવરોધ ઉભા થાય છે ખાસ કરીને ક્રિકેટ રમતમાં બોલ વાગવાના કારણે રાહદારી લોકોને ઈજા થવાના, અકસ્માત થવાના અને વાહનો-મિલ્કતોને નુકશાન થવાના બનાવો બનતા હોય છે. જેના કારણે ઘણા કિસ્સાઓમાં ક્રિકેટનો બોલ વાગવાથી લોકોના ટોળાઓ સામ-સામે આવી જતા ઘર્ષણ થવાના બનાવો પણ બનતા હોય છે. આવી રમતો રમવાના કારણે લોકોના અને ખાસ કરીને સીનીયર સીટીજનનાદિનચર્યામાં ખલેલ પહોંચાતી હોય છે. જેથી આવા બનાવો બને નહીં અને જાહેર સલામતી - સુખાકારી જોખમાય નહીં તે માટે જાહેર જનતાના હીતમાં સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં જાહેરમાર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમાડવા પર પ્રતિબંધ મૂકવો જરૂરી જણાય છે.

:: હુ ક મ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર, , ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું.

:: પ્રતિબંધિત કૃત્યો ::

સુરત શહેર પોલીસ કમિશનરના સમગ્ર વિસ્તારમાં

(૧) જાહેર માર્ગ, શેરી, ગલી તેમજ રહેણાંક વિસ્તારમાં જાહેર જનતાની અવર-જવર વચ્ચે ક્રિકેટ અને અન્ય રમતો રમવા કે રમાડવા.

(૨) આવી રમતો રમી ચીચીયારીઓ પાડી/ ઘોંઘાટ કરી લોકો અને ખાસ કરી સિનિયર સીટીજનના દિનચર્યામાં ખલેલ પહોચાડવા ઉપર

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનરની હકુમ હેઠળનો સમગ્ર વિસ્તાર

::અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસીસટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજરોજ તા.૦૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ::

ક્રમાંક :એસ.બી./ જાહેરનામું/ ધ્વનિ પ્રદૂષણ /૮૮/૨૦૨૫.–સુરત શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમકોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ /યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦થી ધોંધાટ ઉત્તપન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::

એરીયા કોડ વિસ્તાર		ડેસીબલ DB(A) Leq	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦
એ	ઔધોગિક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔધોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક.૧૦:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્તપન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ક) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

:: હુકમ ::

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઇ.પી.એસ.) પોલીસ કમિશનર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

:: અમલવારીનો સમય ::

સુરત શહેર પોલીસ કમિશનરેટ વિસ્તારમાં તા.૦૩/૦૫/૨૦૨૫ના ક.૦૦-૦૦ થી તા.૦૧/૦૭/૨૦૨૫ના ક.૨૪-૦૦ સુધી અમલમાં રહેશે.

:: વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

:: પ્રતિબંધિત કૃત્ય ::

સાઉન્ડ સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર, સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર સુરત શહેરના પોલીસ કમિશનરની હુકમતના વિસ્તારમાં વરઘોડા, રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા, રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે સાઉન્ડ સીસ્ટમ ભાડે આપી શકશે નહી..

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગાયનોનો સાઉન્ડ સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ર્ડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર કોલેટી સ્ટાન્ર્ડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ પ્રાવધાનો નો અને જોગવાઈઓનો ઉલંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

૫. ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા તા. ૦૩/૧૨/૨૦૧૯ ના રોજ બહાર પાડવામાં આવેલ જાહેરનામાં મુજબ કોઈ પણ ઉત્પાદક/ ડીલર/ દુકાનદાર/ એજન્સી/ વ્યક્તિ/ કે વ્યક્તિઓના સમુહ દ્વારા કોઈ પણ સાઉન્ડ સીસ્ટમ ધ્વનિ નિયંત્રક (સાઉન્ડ લીમીટર) લગાવ્યા સિવાય તેનુ વેચાંણ/ ખરીદ/ સ્થાપન/ કે ઉપયો કરવા પર તેમજ હાલમાં હયાત તમામ સાઉન્ડ સીસ્ટમ પણ ધ્વનિ નિયંત્રક (સાઉન્ડ લીમીટર) લગાવ્યા સિવાય તેનો ઉપયોગ કરવા પર.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

-:: સાઉન્ડ સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. સાઉન્ડ સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિછનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. સુરત શહેર પોલીસ કમિશનરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં સાઉન્ડ સીસ્ટમ/ વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. આવી પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૧૦:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે સાઉન્ડ સીસ્ટમ/વાજીન્ત્રનો ઉપયોગ રાતના ક.૧૦:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે સાઉન્ડ સીસ્ટમ/ વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૧૦:૦૦ ના જગ્યાએ ક.૧૨:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજ નો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં સાઉન્ડ સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશનરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં. અથવા ચલાવવો નહીં.

૧૨. સાઉન્ડ સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશનર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્ર વાપરવા મના કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા સાઉન્ડ સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

૧૪. ઉપરોક્ત પ્રતિબંધિત કૃત્યોમાં નંબર ૫ (પાંચ)માં કોઇ પણ પ્રકારની છુટછાટ મળશે નહીં અર્થાત સાઉન્ડ સીસ્ટમ વગાડવા માટે કોઈ પણ સંજોગોમાં ધ્વનિ નિયંત્રક (સાઉન્ડ લીમીટર) ફરજીયાત લગાવવાનુ રહેશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ સાઉન્ડ સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૦૧/૦૫/૨૦૨૫ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

:: જાહેરનામું ::

:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે કાઢેલ હુકમ ::

ક્રમાંકઃ એસ.બી/ NEET-પરીક્ષા /૮૯/૨૦૨૫.-National Testing Agency(રાષ્ટ્રીય પરીક્ષા એજંસી), ભારત સરકાર દ્વારા NEET - 2025

પરીક્ષા આગામી તા.૦૪/૦૫/૨૦૨૫ રવિવારના રોજ કલાક- ૧૪.૦૦ થી ૧૭.૦૦ દરમ્યાન સુરત શહેર ખાતે નીચે મુજબનાં પરીક્ષા કેન્દ્રો ઉપર (સ્કુલો/હાઈસ્કુલો)માં લેવામાં આવનાર છે. જેથી પરીક્ષા દરમ્યાન પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં શાંતિમય વાતાવરણ રહે તેમજ પરીક્ષાર્થીઓને પરીક્ષા દરમ્યાન કોઈ ખલેલ ન પહોંચે તેમજ કાયદો અને વ્યવસ્થાની જાળવણીનાં હેતુસર પરીક્ષા કેન્દ્રોની આજુબાજુમાં પરીક્ષા કેન્દ્રોથી ૧૦૦ મીટરના વિસ્તારમાં ચાર કે ચાર થી વધુ વ્યકિતઓ ભેગા થવાની, સભા ભરવાની કે સરઘસ કાઢવાની મનાઈ ફરમાવવાનું જરૂરી જણાય છે.

વાસ્તે, હું અનુપમ સિંહ ગહલૌત (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, સુરત શહેર ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS)ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હું હુકમ કરુ છું કે, સુરત શહેરમાં પરીક્ષા કેન્દ્રોના ૧૦૦ મીટરના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું કે,

:: પ્રતિબંધિત કૃત્યોની યાદી ::

(૧) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રિજ્યા અંદર ચાર કરતા વધુ વ્યક્તિઓને એકત્ર થવા, સભા ભરવા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

(૨) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર ઝેરોક્ષ સેન્ટર પરીક્ષા દરમ્યાન ચાલુ રાખવા પર પ્રતિબંધ.

(૩) પરીક્ષા કેન્દ્રથી ૧૦૦ મીટરની ત્રીજ્યા અંદર વાહનો ઉભા રાખવા પર પ્રતિબંધ.

(૪) પરીક્ષા કેન્દ્રના બિલ્ડીંગમાં કોઈપણ પરીક્ષાર્થી તેમજ પરીક્ષા સાથે સંકળાયેલ કોઈપણ કર્મચારીઓ (સરકારી પ્રતિનિધિ સિવાય) મોબાઈલ ફોન, ઈલેકટ્રોનિક્સ ડિવાઈસ અથવા કોમ્યુનિકેશન ડિવાઈસ કે સિસ્ટમ રાખવા / લાવવા લઈ જવા પર પ્રતિબં

:: પ્રતિબંધિત વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નરેટની હકુમત હેઠળની નીચે મુજબની સુરત શહેરની સ્કુલો/ હાઈસ્કુલોમાં નીચે જણાવેલ પરીક્ષા કેન્દ્રો, સ્ટ્રોગ રૂમો તથા આસપાસનો ૧૦૦ મીટરનો વિસ્તાર.

:: પરીક્ષા કેન્દ્રની વિગત દર્શાવતું પત્રક ::

અ.નં.	પરીક્ષા કેન્દ્રનું નામ (હાઈસ્કુલ)
	વરાછા પો.સ્ટે.
૧	શ્રી કે.સી.કોઠારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા યુનિટ-૦૨ હીરાબાગ
	કાપોદ્રા પો.સ્ટે.
૨	એમ.એન.જે. પટેલ માધ્યમીક શાળા યુનીટ-૨ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે, વરાછા રોડ,
૩	સુરત ડાયમંડ ગર્લ્સ હાઈસ્કુલ યુનીટ-૧ કાપોદ્રા પોલીસ સ્ટેશન પાસે વરાછા રોડ,
૪	પી.પી. સવાણી વિદ્યાભવન યુનિટ-૧ હિરાબાગ વરાછા રોડ, કાપોદ્રા સુરત
	પુણા પો.સ્ટે.
૫	શ્રીમતી એલ.પી.ડી. પટેલ યુનિટ-૦૧ સાર્વજનીક વિદ્યાલય, પુણાગામ,સુરત
	ચોકબજાર
૬	અખંડ આનંદ વિદ્યાભવન યુનિટ-૧ , વેડ રોડ સુરત
૭	પી.એમ.ભગત માધ્યમિક શાળા, યુનિટ-૧, પીપલ ચાર રસ્તા ગોટાલાવાડી ઉદયનગર-૧,.
	અઠવા પો.સ્ટે.
૮	શ્રી આર.ડી.ઘાયલ જીવન ભારતી સેકન્ડરી સ્કુલ યુનીટ-૧ નાનપુરા સુરત
	ઉમરા પો.સ્ટે.
૯	લુર્ડઝ કોનવેન્ટ, હાઈસ્કુલ ઈન્ડોર સ્ટેડીયમ સામે, અઠવાલાઈન્સ, સુરત.
૧૦	પીએમશ્રી કેન્દ્રિય વિદ્યાલય નં-૧ ઈચ્છાનાથ ડુમસ રોડ સુરત
૧૧	શ્રી વી.ડી.ઠાકરસી ગર્લ્સ હાઈસ્કુલ વનિતા વિશ્રામ સ્કુલ યુનિટ-૧ અઠવા સુરત
૧૨	સી.સી.શાહ સાર્વજનિક ઈંગ્લીશ હાઈસ્કુલ, એક્ષપરિમેન્ટલ સ્કુલ કેમ્પસ, પાર્લે પોઈન્ટ,
૧૩	સરદાર વલ્લભભાઈ નેશનલ ઈસ્ટીટ્યુટ યુનિટ-૧, ઈચ્છાનાથ, ડુમસ રોડ, સુરત
૧૪	સરદાર વલ્લભભાઈ નેશનલ ઈસ્ટીટ્યુટ, યુનિટ-૨, ઈચ્છાનાથ, ડુમસ રોડ, સુરત

૧૫	ડો. એસ.& એસ.એસ. ગાંધી ગવર્મેન્ટ એન્જીનિયરીંગ કોલેજ, મજુરાગેટ, સુરત
	ખટોદરા પો.સ્ટે.
૧૬	વિદ્યાભારતી હિન્દી વિદ્યાલય, ભટાર ચાર રસ્તા ઉધના મગદલ્લા રોડ,સુરત.
	રાંદેર પો.સ્ટે.
૧૭	લોકમાન્ય હાઈસ્કુલ, મોટી ફળીયા રાંદેર સુરત
૧૮	પીપરડીવાલા, ઈ.મિડી.,હાઈસ્કુલ, એસ.વી.પટેલ રાંદેર રોડ, સુરત
૧૯	સંસ્કાર ભારતી વિદ્યાલય, ગુ.મા., પાલનપુર પાટીયા, સુરત
	અડાજણ પો.સ્ટે.
૨૦	એચ.એમ.બચકાનીવાલા સરદાર હાઈસ્કુલ પાલનપુર પાટીયા, રાંદેરરોડ, સુરત
	અમરોલી પો.સ્ટે
૨૧	ગૌતમી કન્યા વિદ્યાલય યુનિટ-૧, ઉત્રાણ, અમરોલી
૨૨	કે.એન્ડ એમ.પી. પટેલ સાર્વજનીક વિદ્યાલય યુનીટ-૧ અમરોલી સુરત

નોંધ :- સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં કુલ- ૨૨ કેન્દ્રો છે.

:: અપવાદ ::

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચે નાઓને લાગુ પડશે નહી.

(૧) ઉપરોકત પરીક્ષા કાર્યમાં રોકાયેલ વ્યક્તિઓને.

(૨) સરકારી નોકરીમાં અથવા રોજગારમાં ફરજ ઉપર હોય તેવી વ્યક્તિઓને

:: અમલવારીનો સમય ::

આ હુકમ તા.૦૪/૦૫/૨૦૨૫ ના ક.૦૦/૦૦ થી તા.૦૪/૦૫/૨૦૨૫ના કલાક:૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે સુરત કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહીતા (BNS)૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૦૧/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

અનુપમ સિંહ ગહલૌત,
પોલીસ કમિશ્નર,
સુરત શહેર.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

ક્રમાંક: વિશેષ શાખા/ એ-સેકશન/ નો ડ્રોન ફલાય ઝોન/૪૫/૨૦૨૫ તા.૦૩/૦૪/૨૦૨૫.-માનનીય કેન્દ્રીય ગૃહમંત્રીશ્રી અમિત શાહ નાઓ તા.૦૫/૦૪/૨૦૨૫ થી તા.૦૬/૦૪/૨૦૨૫ ના રોજ અમદાવાદ શહેરની મુલાકાતે પધારનાર હોય આવા સંજોગોમાં દેશ વિરોધી સંગઠનો, આતંકવાદીઓ અને ભાંગ ફોડીયા તત્વો માનવ રહિત રીમોટ સંચાલિત વિમાન જેવા સાધનો અથવા માનવ સંચાલિત નાની સાઈઝના વિમાન જેવા સંશાધનો અથવા એરો સ્પોર્ટસમાં વપરાતા ઉપકરણો (SUB-CONVENTIONAL AERIAL PLATFORM) ના ગેરલાભ લઈ મહાનુભાવશ્રી નાઓની તેમજ જાહેર જનતાની સુરક્ષાને તેમજ કાયદો અને વ્યવસ્થાને હાની પહોંચાડે તેવી શકયતા નકારી શકાય તેમ નથી.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર,) ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/

૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર વિસ્તારમાં આ નીચે જણાવેલ સમયે મહાનુભાવશ્રી અને જાહેર જનતાની સલામતીને ધ્યાને લઈ અમદાવાદ શહેરના તમામ વિસ્તારોમાં "નો ડ્રોન ફલાય ઝોન" જાહેર કરૂ છુ. જે દરમ્યાનમાં રીમોટ કંન્ટ્રોલથી ચલાવવામાં આવતા ડ્રોન (DRONE), ક્વાડ કોપ્ટર (QUADCOPTER), પાવર્ડ એરક્રાફ્ટ (POWERED AIRCRAFT) તેમજ માનવ સંચાલિત માઈક્રો લાઈટ એરક્રાફ્ટ (MICROLIGHT AIRCRAFT), હેંગ ગ્લાઈડર/ પેરાગ્લાઈડર (HANG GLIDER/PARA GLIDER), પેરા મોટર (PARA MOTOR), તેમજ હોટ એર બલુન (HOT AIR BALLOONS) તથા પેરા જમ્પીંગ (PARA JUMPING) ચલાવવાની/ કરવાની મનાઈ ફરમાવું છું.

-:અપવાદ :-

પોલીસ વિભાગ અને સુરક્ષાબળો દ્વારા ઉપરોક્ત સંસાધનોના ઉપયોગ કરવા આ જાહેરનામા માંથી મુક્તિ આપુ છું.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

આ હુકમ તા.૦૫/૦૪/૨૦૨૫ ના કલાક ૧૯/૦૦ થી તા.૦૬/૦૪/૨૦૨૫ ના કલાક ૧૫/૦૦ સુધી અમલમાં રહેશે.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૦૩/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર વિસ્તારના પત્ર ક્રમાંક :જિશિઅ/પરીક્ષા/૨૦૨૫/૧૪૧૯ તા.૨૮/૦૪/૨૦૨૫ તથા

(૨) નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/અન્ય પરીક્ષા/જાહેરનામું/વશી.૩૮૮/૨૦૨૫ તા.૦૧/૦૫/૨૦૨૫ આધારે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૫૬/૨૦૨૫. તા.૦૨/૦૫/૨૦૨૫.- રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ દ્વારા તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ સવાર કલાક ૧૧/૦૦ થી કલાક ૧૨/૩૦ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકા (રાજકોટ) જુ.ક્લાર્ક (વર્ગ-૩)ની પરીક્ષા અમદાવાદ શહેરના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન

નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ સવાર કલાક ૦૯/૦૦ થી કલાક ૧૪/૩૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૦૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા:-

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ ગ્રામ્યના પત્ર ક્રમાંક : અગ્રાવિ/પરીક્ષા/ ૨૦૨૫/૪૪૧૦-૧૨ તા.૨૩/૦૪/૨૦૨૫

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૫૧/૨૦૨૫. તા.૨૫/૦૪/૨૦૨૫.-

રાજય પરીક્ષા બોર્ડ દ્વારા તા.૨૬/૦૪/૨૫ ના રોજ કલાક ૧૧/૦૦ થી ૧૩/૦૦ દરમ્યાન પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૪-૨૫ (PSE-SSE-2024-25)ની અમદાવાદ શહેરના અલગ-અલગ પરીક્ષા કેન્દ્રો ખાતે યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ.મલિક,પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૨૬/૦૪/૨૦૨૫ ના સવાર કલાક ૦૯/૦૦ થી કલાક ૧૫/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનામ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ:૨૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) નિવાસી અધિક કલેકટરશ્રી, અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/NEET/પરીક્ષા/જાહેરનામું/વશી.૩૭૬/૨૦૨૫ તા.૨૫/૦૪/૨૦૨૫ તથા

(૨) સંયુકત નિયામકશ્રી ઉચ્ચચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી ગુ.રા. ગાંધીનગરના ક્રમાંક :ઉશિક/પીઆરઓ/૨૦૨૫/૨૭૭-૭૯ તા.૨૩/૦૪/૨૦૨૫ આધારે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૫૨/૨૦૨૫ તા.૨૫/૦૪/૨૦૨૫.-નેશનલ ટેસ્ટીંગ એજન્સીનવી દિલ્હી દ્વારા તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ NEET-2025 પરીક્ષા (National Eligibility Cum Entrance Test NEET-2025) ની કલાક ૧૪/૦૦ થી કલાક ૧૭/૦૦ દરમ્યાન અમદાવાદ શહેરના જુદા-જુદા ૨૪ પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઈ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઈ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઈલ અને અન્ય ઈલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઈ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઈપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઈ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઈપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૦૪/૦૫/૨૦૨૫ના રોજ કલાક ૧૨/૦૦ થી કલાક ૧૯/૦૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૨૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૭, અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૭/આરબી/૩૦૧૬/૨૦૨૫ તા.૨૪/૦૪/૨૦૨૫ તથા;

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪, અમદાવાદ શહેરનાઓના જાવક પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૪ આરબી/૨૮૯૯/૨૦૨૫ તા.૨૪/૦૪/૨૦૨૫.

-:જાહેરનામું :-

ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ- ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક: વિ.શા/એ-સેકશન/ પરમીટ/ હથિયારબંધી-જાહેરનામું/૫૦/૨૦૨૫ તા.૨૫/૦૪/૨૦૨૫.-અમદાવાદ શહેરના અમુક પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કેટલાક આરોપીઓ દ્વારા તલવાર/ છરી/ ચપ્પુ/ ગુમી/ લોખંડની પાઈપ જેવા હથિયારો વડે હુમલાઓ કરી ખૂન, ખૂનની કોશિષ તેમજ મહાવ્યથાના ગંભીર પ્રકારના ગુનાઓને અંજામ આપતા હોય છે. આમ, અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા ગુનાઓમાં ગેરકાયદેસર હથિયારો દ્વારા અમુક કિસ્સાઓમાં શરીર સબંધી ગંભીર પ્રકારના ગુનાઓ બનતા હોવાનુ ધ્યાને આવેલ છે. શહેરમાં જાહેર સુલેહ શાંતિ અને સલામતી જળવાય રહે તેમજ આરોપીઓ ગંભીર ગુનાને અંજામ આપતાં અટકે અને ભયમુકત વાતાવરણ બની રહે, લોકોના જાનમાલનું રક્ષણ થાય, જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકે, બિભત્સ ભાષા અને વ્યવહાર તેમજ ઉશ્કેરણીજનક ભાષણોથી સુરૂચિ ભંગ થવાના તેમજ ગુનાહિત કૃત્યો થવાની સંભાવનાને નિવારવા જાહેર જગ્યામાં ગેર-બંદોબસ્ત અટકાવવા તેમજ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે તે સારૂ આવા હથિયારો તથા આવા કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

આથી હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૨૭/૦૪/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૧૧/૦૫/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે દર્શાવેલ કૃત્યો ઉપર પ્રતિબંધ ફરમાવું છું:

-: કૃત્યો:-

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટી, બંદુક, ખંજર તથા સામાન્ય રીતે રામપુરી બનાવટવાળા કોઈપણ જાતના ચપ્પુ જે અઢી ઈંચથી વધારે લાંબુ, છેડેથી અણીવાળુ પાનુ હોય તેવા ચપ્પા સાથે રાખી ફરવાની તેમજ લાકડી અથવા લાઠી અથવા શારીરીક ઈજા પહોંચડવામાં ઉપયોગી થઈ શકે તેવી બીજી કોઇ ચીજો લઈ જવાની.

(ખ) પરવાનાવાળા હથીયારો લઈ જાહેર જગ્યાઓએ જવા, હવામાં ફાયર કરવા તેમજ સામાજિક મેળાવડા, ધાર્મિક સરઘસ કે વ્યક્તિઓના સમુદાયમાં લઈ જવા ઉપર.

(ગ) કોઈપણ ક્ષયધર્મી (શરીરને હાનિકારક) અથવા સ્ફોટક પદાર્થ લઈ જવાની.

(ઘ) પથ્થર અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના અથવા નાંખવાના યંત્રો અથવા સાધનો લઈ જવાની એકઠા કરવાની તથા તૈયાર કરવાની.

(ચ) સળગતી કે પેટાવેલી મશાલ સરઘસ સાથે રાખવાની.

(છ) વ્યક્તિ અથવા તેના શબ અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવાની.

(જ) જે છટાદાર ભાષણ આપવાથી, ચાળા પાડવાથી અથવા નકલો કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેર ખબર અથવા પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવાથી, દેખાડવાથી અથવા ફેલાવો કરવાથી, સુરૂચિ અથવા પ્રતિષ્ઠાનો ભંગ થતો હોય અથવા તેનાથી રાજ્યની સલામતી જોખમાતી હોય અથવા જેના પરિણામે રાજ્ય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવાની તથા ચાળા વિગેરે કરવાની અને તેવા ચિન્હો, નિશાનીઓ વિગેરે તૈયાર કરવાની, દેખાડવાની અથવા તેનો ફેલાવો કરવાની.

-:વિસ્તાર :-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

-:અપવાદ :-

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યક્તિઓને લાગુ પડશે નહિ:

૧. સરકારી નોકરી અથવા કામગીરીમાં હોય તેમજ જેને ઉપરી અધિકારીઓએ આવા કોઈપણ હથિયાર સાથે લઈ જવા ફરમાવ્યું હોય અથવા કોઈપણ હથિયાર લઈ જવાની તેની ફરજ હોય તેમને.

૨. સરકારી નોકરી કે જેઓને પોતાની ફરજ અંગે પ્રતિબંધિત હથિયાર જેવા કે, સંગીન વગેરે સાથે રાખવા પડતા હોય તેમને.

૩. પોલીસ કમિશ્નર અથવા અધિકૃત કરેલ હોય તેવા કોઈ પણ અધિકારીઓએ જેને શારીરીક અશકિતના કારણે લાકડી અથવા લાઠી સાથે રાખવાની પરવાનગી આપેલ હોય તેવી વ્યકિતઓને.

-: શિક્ષા:-

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ઈસમ ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ.અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે જી.પી.એક્ટ કલમ-૧૩૫ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ.૨૫/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૧/આર.બી/૨૫૧૧/૨૦૨૫ તા.૨૮/૦૪/૨૦૨૫ તથા,

(૨) નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ અમદાવાદ શહેર નાઓના પત્ર ક્રમાંક:જી/૭૨૫/ઝોન-૫/આરબી/૧૩૬૫/૨૦૨૫ તા.૨૮/૦૪/૨૦૨૫ આધારે,

-: જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/ધ્વનિ/ ૫૩/૨૦૨૫. તા.૩૦/૦૪/૨૦૨૫.-અમદાવાદ શહેરમાં કોઈ પણ પ્રકારની જાહેર સુલેહ શાંતિનો ભંગ ન થાય અને જાહેર શાંતિ સલામતિ અને કાયદા પ્રત્યે માન જળવાય તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે નીચે જણાવ્યા મુજબના નિયમોને આધિન રહી જાહેરહિતમાં નીચેના કૃત્યોની મનાઈ કરવી જરૂરી છે.

દરેક માઈક સીસ્ટમવાળાએ અવાજના પ્રદુષણને અટકાવવા અંગે નામદાર સુપ્રીમકોર્ટના વખતો વખતના ચુકાદાના નિર્દેશો તથા ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ પર્યાવરણ ભવનના નં.ગુપ્રનિબોર્ડ/નોઈસ/યુનિટ-૪/જન-પીએન-૫/૫૧૨૫૨/તા.૧૪/૦૫/૨૦૧૦ થી ધોંધાટ ઉત્તપન્ન કરતા અને નિપજાવતા શ્રોતોના નિયંત્રણ અને નિયમન માટે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલય દ્વારા પર્યાવરણ (સુરક્ષા) અધિનિયમ-૧૯૮૬ ની કલમ-૬ તથા ૨૫ હેઠળ ધ્વનિ પ્રદુષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો-૨૦૦૦ નું તા.૧૪-ફેબ્રુઆરી-૨૦૦૦ નું જાહેરનામું પ્રસિધ્ધ કરાયેલ છે. જેમાં તા.૧૧/૧/૨૦૧૦ ના રોજ આ નિયમોમાં સુધારો કરવામાં આવેલ છે. જે પ્રમાણે ધ્વનિ પ્રદુષણ નિયમો-૨૦૦૦ અન્વયે ધ્વનિની માત્રાના ધોરણો નીચે મુજબ નકકી કરવામાં આવેલ છે તેનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

:: નોઈઝ સ્ટાન્ડર્ડ ::

એરીયા કોડ વિસ્તાર		રેસીબલ DB(A) Leq	
		સવારના ક.૦૬:૦૦ થી રાત્રીના ક.૨૨:૦૦	રાત્રીના ક.૨૨:૦૦ થી સવારના ક.૦૬: ૦૦
એ	ઔધોગિક	૭૫	૭૦
બી	વાણિજય	૬૫	૫૫
સી	રહેણાંક	૫૫	૪૫
ડી	શાંત વિસ્તાર	૫૦	૪૦

સામાન્ય રીતે દિવાળીમાં ફટાકડા ફુટવાના કારણે અને નવરાત્રીના તહેવારો દરમ્યાન તેમજ લગ્ન પ્રસંગો અને મેળાવડા દરમ્યાન લાઉડસ્પીકર, ડ્રમ, પબ્લીક એડ્રેસ સીસ્ટમના ઉપયોગથી ધ્વનિ પ્રદુષણ ફેલાતું જોવા મળે છે. તેમજ રહેણાંક વિસ્તારમાં થઈ રહેલ ઔધોગીક પ્રવૃતિ, વાહનોની અવર-જવર તેમજ હોર્ન વગાડવાના કારણે તેમજ બાંધકામ દરમ્યાન ઉપયોગમાં લેવાતા સાધનોના કારણે પણ ધ્વનિ પ્રદૂષણ ફેલાતું જોવા મળે છે.

તા.૧૧/૧/૨૦૧૦ ના સુધારામાં આવરી લેવાયેલ મુખ્ય ધ્યાન આર્કષક બાબતો નીચે મુજબ છે.

(અ) રાત્રિના સમયગાળામાં રાત્રિના ક. ૨૨:૦૦ થી સવારના ક.૦૬:૦૦ સુધીનો નિયત કરાયેલ છે અને આ સમયગાળા દરમ્યાન હોર્ન, ધ્વનિ, પ્રદૂષણ પેદા કરતા બાંધકામ અંગેના સાધનો, તેમજ ફટાકડા ફોડવા તથા લાઉડસ્પીકર અને વાજીંત્રો વગાડવા ઉપર પ્રતિબંધ છે.

(બ) ઓડીટોરીયમ,કોન્ફરન્સ હોલ,કોમ્યુનિટી હોલ/પાર્ટી પ્લોટ આગળ તમામ સહેલાઈથી જોઈ શકે તે રીતે સાઈન બોર્ડ લગાવવાની જવાબદારી ત્યાના/તેના સંચાલકોની રહેશે.તથા નોઈઝ સ્ટાન્ડર્ડમાં જણાવ્યા મુજબ અમલવારી કરાવવી.

(ક) જાહેર સ્થળોની વ્યાખ્યા નકકી કરાયેલ છે અને જાહેર સ્થળનો કબજો ધરાવનાર ધ્વારા લાઉડસ્પીકર સિસ્ટમનો તથા અન્ય સાધનોથી ઉત્તપન્ન થતાં અવાજની માત્રા જે તે વિસ્તારની નિયત માત્રા કરતાં ૧૦ ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

(ડ) ઉપર મુજબ ખાનગી સ્થળે થતી કાર્યવાહીના કારણે, જેતે વિસ્તારની નિયત માત્રા કરતાં ૫-ડીબી (એ) થી વધવી ન જોઈએ, તેવો પ્રતિબંધ મુકાયો છે.

વાસ્તે હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન

નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં થયેલ છે જેમાં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ (મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ) ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-::અમલવારીનો સમય ::-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં તા.૦૧/૦૫/૨૦૨૫ ના કલાક ૦૬/૦૦ થી તા.૨૯/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

-:: વિસ્તાર ::-

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

:: પ્રતિબંધિત કૃત્ય ::-

માઈક સીસ્ટમ ભાડે આપનાર માલિક/ભાગીદાર,સંચાલક, મેનેજર, ઈવેન્ટ મેનેજર સમગ્ર અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરની હુકમતના વિસ્તારમાં વરઘોડા,રાજકીય, સામાજિક અથવા ધાર્મિક શોભાયાત્રા,

રેલી સરઘસમાં જાહેર રસ્તા કે જાહેર જગ્યામાં ઉપયોગ માટે તેમજ પાર્ટી પ્લોટ, ખુલ્લી જગ્યા, રહેણાકોની પાસે નજીકમાં આવેલ ખાનગી માલિકીની ખુલ્લી જગ્યામાં ઉપયોગ માટે માઈક સીસ્ટમ ભાડે આપી શકશે નહી..

૧. હોસ્પીટલો, શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને ધાર્મિક સ્થળોની આજુબાજુના ૧૦૦ મીટરના ઘેરાવાનાં વિસ્તારને શાંત તરીકે ગણવામાં આવે છે જેથી શાંત વિસ્તારની આજુબાજુમાં માઈક સીસ્ટમનો ઉપયોગ થઈ શકે નહી.

૨. એકબીજા પ્રત્યે ઉશ્કેરણી થાય અને કોમ્યુનલ લાગણી ઉશ્કેરાય તેવા ઉચ્ચારણો /ગાયનોનો માઈક સીસ્ટમમાં ઉપયોગ કરવો નહીં.

૩. રસ્તાની ડાબીબાજુ ચાલવા, ટ્રાફીકને અડચણ ન થાય તથા ટ્રાફીકના તમામ નિયમો/ કાયદાઓનો અમલ કરવા તેમજ નાચગાન/ગરબા જાહેરમાર્ગમાં રોકાઈને કરવા નહી.

૪. ડી.જે. સીસ્ટમ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ર્ડડ ઈન રીસ્પેકટ ઓફ નોઈઝ અંગે નામદાર સુપ્રિમ કોર્ટના વખતો વખતના ચુકાદાનાં નિર્દેશ તથા ધી નોઈઝ પોલ્યુશન (રેગ્યુલેશન એન્ડ કંટ્રોલ) રૂલ્સ ૨૦૦૦ ના ઈન્વાયરમેન્ટ પ્રોટેકશનની જોગવાઈ મુજબ એમ્બીઅન્ટ એર ક્વોલીટી સ્ટાન્ર્ડડ હોવુ જોઈએ તે જોતા ડી.જે.સીસ્ટમ વગાડવા માટે ઉપર જણાવેલ તમામ જોગવાઈઓનો ઉલ્લંઘન કરતા હોય તેવુ જાહેર જગ્યાએ ખુલ્લા સ્થળોએ વગાડવા પર પ્રતિબંધ છે.

પરંતુ નીચેની શરતોને આધિન અગાઉથી અધિકૃત પરવાનગી આધારે ઉપરોકત પ્રતિબંધમાંથી છુટછાટ રહેશે.

-:: માઈક સીસ્ટમ વગાડવા માટેનો પ્રતિબંધમાંથી છુટછાટ માટેની શરતો ::-

૧. માઈક સીસ્ટમ વગાડવા માટે તેના માલિકે/ભાગીદારે પરવાનગી અરજી એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડીસીપીશ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે. વિસ્તાર હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઈ.ને અરજી ૭-દિવસ પહેલા કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. વરઘોડા/રેલી સમય દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઈ અનિછ્ઞનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરના અધિકાર ક્ષેત્રની અંદર જાહેર જગ્યામાં અથવા તો જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજ નું પ્રદુષણ ફેલાવી શકશે નહીં.

૪. પરવાનગી માટેની અરજી લેખિત હોવી જોઈએ અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઈએ.

૫. પરવાનગીની અરજી તેનો ઉપયોગ કરવાના હોય તે દિવસના સાત દિવસથી ઓછા નહી તેટલા સમય પહેલાં પરવાનગી કાઢી આપવા માટે

અધિકૃત અધિકારીને અરજી કરવાની રહેશે.

પરંતુ વાજબી કારણ દર્શાવતા સાત દિવસ કરતા ઓછા સમયની અંદર માંગવામાં આવેલ પરવાનગી, તેમ કરવા માટે અધિકૃત અધિકારી, પોતાની વિવેક બુધ્ધિ અનુસાર આપી શકશે.

૬. અરજદાર અથવા તેના પ્રતિનિધિએ મળેલ પરવાનગી સાથે માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ થાય તે સમયે ઉપરોકત જાહેર જગ્યા ઉપર હાજર રહેવું પડશે. ફરજ ઉપરના પોલીસ અધિકારી આ અંગેનો પરવાનો જોવા માંગે ત્યારે પરવાના ધારકોએ તે રજુ કરવાનો રહેશે.

૭. માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવારના ક.૦૬:૦૦ થી રાત્રિના ક.૨૨:૦૦ સુધી જ થશે.

૮. અવાજ પ્રદુષણ (નિયમ અને પ્રતિબંધ) નિયમ ૨૦૦૦ ની જોગવાઈઓ પ્રમાણે સામાન્ય રીતે માઈક સીસ્ટમ/વાજીન્ત્રનો ઉપયોગ રાતના ક.૧૦:૦૦ થી વહેલી સવારના ક.૦૬:૦૦ સુધીના સમય દરમ્યાન વગાડી ન શકાય તેવી જોગવાઈઓ હોઈ આ સમય માટે માઈક સીસ્ટમ/વાજીંત્ર માટે કોઈ પરવાનગી આપવામાં આવશે નહીં.

નોંધ :-ઉપરોકત નિયમોની જોગવાઈઓ પ્રમાણે દર વર્ષે સરકારશ્રી તરફથી નકકી કરેલ દિવસો દરમ્યાન આવી પરવાનગી રાતના ક.૧૦:૦૦ ના જગ્યાએ ક.૧૨:૦૦ વાગ્યા સુધી મળી શકશે.

૯. કોઈપણ વિસ્તારમાં ઘોંઘાટ/ અવાજ નો હવામાનમાં પ્રમાણ ઉપરોકત જણાવેલ શીડયુલમાં જણાવ્યા મુજબના ડેસીબલ પ્રમાણે દિવસ તથા રાત્રિ દરમ્યાન નામદાર સુપ્રીમ કોર્ટે ઠરાવેલ છે તે પ્રમાણે રાખવાનું રહેશે. પરવાનેદારે આ માત્રાનો ભંગ ન થાય તે જોવાનું રહેશે.

નોંધ:-કોઈ ઓડીટોરીયમ, કોન્ફરન્સ હોલ, કોમ્યુનીટી હોલ કે ખાનગી મકાન જેવા બંધ સ્થળો વિગેરેમાં માઈક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઈ પ્રતિબંધ નથી પરંતુ તેનો અવાજ જે તે સ્થળ થી બહાર જવો જોઈએ નહીં.

૧૦. મંદિરો, ચર્ચ અને મસ્જીદોમાં માઈક સીસ્ટમ/વાજીંત્રનો અવાજ એ રીતે મર્યાદીત કરેલ હોવો જોઈએ કે સંકુલની હદ બહાર જાય નહીં.

૧૧. ગતિમાન વાહનમાંથી કોઈપણ માઈક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ પોલીસ કમિશ્નરશ્રી તરફથી અધિકૃત કરેલા અધિકારીની પરવાનગી સિવાય કોઈપણ હેતુ માટે વાપરવો નહીં અથવા ચલાવવો નહીં.

૧૨. માઈક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત, આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઈ પણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઈપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઈક સીસ્ટમ/વાજીંત્ર વાપરવા માટે મનાઈ કરવાનો હુકમ કરી શકશે.

૧૩. ફરજ પરનાં પોલીસ અધિકારી ધ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઈ ભંગ કરે તો વાહન તથા માઈક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

આ જાહેરનામા હુકમનાં ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતા (BNS) -૨૦૨૩ ની કલમ- ૨૨૩ મુજબ ગુનો નોંધી ઉપરોકત માલિક, ભાગીદારે, મેનેજર, સંચાલકની જામીન લાયક ગુના માટે ધરપકડ કરી તમામ માઈક સીસ્ટમ ગુનાના મુદ્દામાલ તરીકે કબજે કરવામાં આવશે.

:: શિક્ષા ::

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ આસિસ્ટન્ટ સબ ઈન્સપેકટર અને તેનાથી ઉપરના દરજજાના કોઈ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) કલમ-૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :-૩૦/૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

વંચાણે લીધા :-

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૭, અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક- જી/૭૨૫/ ઝોન-૭/આર.બી/૩૦૯૮/૨૦૨૫. તા.૨૮/૦૪/૨૦૨૫ આધારે. તથા.

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન-૬, અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક- જી/૭૨૫/ ઝોન-૬/૩૦૧૦/૨૦૨૪. તા.૨૮/૦૪/૨૦૨૫ આધારે.

:: જાહેરનામું ::

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક:વિ.શા../જાહેરનામું/એ-સેકશન/પરમીટ/સ્પા/મસાજ પાર્લરો-કર્મચારીની માહિતી/૫૪/૨૦૨૫.–શહેરના રહેણાંક વિસ્તારમાં તથા ઔદ્યોગીક વિસ્તારોમાં સ્પા/ મસાજ પાર્લર ચલાવવાની આડમાં નશીલા કેફી દ્રવ્યોનું સેવન તથા દેહવેપાર તથા અન્ય ગેરકાયદે કૃત્યો ચલાવતા હોવાનું જણાઈ આવેલ છે. કેટલાક અસામાજીક તત્વો આવા સ્પા/મસાજ પાર્લર ની આડમાં ગુનાહિત કૃત્યો કરી જાહેર સલામતી અને શાંતીનો ભંગ કરતા હોવાનું જણાઈ આવેલ છે.

જેથી સ્પા/મસાજ પાર્લરોની આડમાં ગુન્હાહીત કૃત્યો અટકાવવા સારૂ સ્પા/મસાજ પાર્લરોની માહીતી જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન પાસે હોવી જરૂરી છે.

વાસ્તે હું જી. એસ. મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨/૧૦૮૦-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/ ૬/ ફકઅ / ૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS) -૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં સ્પા/મસાજ પાર્લરોના માલીકો અગરતો આ માટે આવા સ્પા/ મસાજ પાર્લરના સંચાલકોએ તેમાં કામ કરતા કર્મચારીઓની સંખ્યા સહિત ફોટોગ્રાફ સાથેની સંપુર્ણ વિગત સંબધિત પોલીસ સ્ટેશન ખાતે આપવા માટે ફરમાવું છુ.

<table>
<tr><th>અ.નુ.</th><th>વિગત</th><th>રીમાર્કસ</th></tr>
<tr><td>૧.</td><td>સ્પા/ મસાજપાર્લર, એકમનું નામ, માલિક/સંચાલક નું નામ તથા સરનામું ટેલીફોન નંબર.</td><td></td></tr>
<tr><td>૨.</td><td>સ્પા/મસાજપાર્લરમાં કામ કરતા તમામ કર્મચારી ની સંપુર્ણ વિગત.(ફોટા સહિતની)</td><td></td></tr>
<tr><td></td><td>(૧) જો તેઓ ભારતીય હોય. તો તેના ઓળખના પુરાવા જોડવા.</td><td rowspan="5"></td></tr>
<tr><td></td><td>હાલનું સરનામું-</td></tr>
<tr><td></td><td>મુળ વતન નું સરનામું-</td></tr>
<tr><td></td><td>ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં)</td></tr>
<tr><td></td><td>(૨) જો તેઓ વિદેશી હોય. તો.
- તેમના પાસપોર્ટ ની વિગતઃ-(પાસપોર્ટ તથા વિઝાની નકલ બીડવાની રહેશે.)
- કયા વિઝા પર ભારતમાં આવેલા છે. તેની વિગતઃ-</td></tr>
<tr><td></td><td>હાલનું સરનામું-</td><td></td></tr>
<tr><td></td><td>ફોનનં (ઘર) (ઓફીસ) (મો.નં)</td><td></td></tr>
<tr><td></td><td>સ્પા/ મસાજ પાર્લર ચલાવનાર/ સંચાલકનો પાસપોર્ટ સાઈઝનો ફોટો
કામ કરતા કર્મચારીઓનો પાસપોર્ટ સાઈઝ નો ફોટો
પોલીસ સ્ટેશનના સહિ, સિક્કા અને તારીખ
સ્પા/મસાજપાર્લર ચલાવનારની સહી
કામ કરતા કર્મચારીની સહી
સાક્ષીની સહી તથા સંપુર્ણ વિગતઃ-</td><td></td></tr>
<tr><td>૩.</td><td>નિયમો
૧. આ વિગત કોરા કાગળ પર લખવાની રહેશે.
૨. આ વિગત સંપુર્ણ રીતે ભરીને સ્પા/મસાજપાર્લરો જે નામથી ચાલતા હોય. તેના નામ સાથે ની વિગત તે પોલીસ સ્ટેશનમાં જમા કરાવવાની રહેશે.
૩. આ વિગત સંપુર્ણ ભરાયા પછી તેની બે નકલ કાઢવાની રહેશે. બંને નકલ જેતે પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. જેની એક નકલ પોલીસ સ્ટેશનના સહી સિક્કા સાથે પરત આપશે. જે સાચવી રાખવાની રહેશે.
૪. સ્પા/મસાજપાર્લર ચલાવનારે તેમનું ડ્રાઈવિંગ લાયસન્સ, પાન કાર્ડ, આધારકાર્ડ, ઈલેકશન કાર્ડ, રજુ કરવાના રહેશે.</td><td></td></tr>
</table>

:: અમલવારીનો સમય તથા વિસ્તાર ::

અમદાવાદ શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળના સમગ્ર વિસ્તારમાં તા.૦૧/૦૫/૨૦૨૫ ના કલાક ૦૬/૦૦ થી તા.૨૯/૦૬/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ હુકમનો અમલ કરવાનો રહેશે.

:: શિક્ષા ::

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ :૩૦/૦૪/૨૦૨૫નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:-

(૧) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૨, અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ઝોન-૨/૩૯૮૯/૨૦૨૫ તા.૨૮/૦૮૪/૨૦૨૫ તથા.

(૨) નાયબ પોલીસ કમિશનરશ્રી, ઝોન-૪, અમદાવાદ શહેરના જાવક પત્ર ક્રમાંક-જી/૭૨૫/ઝોન-૬/૨૪૨૧/૨૦૨૫ તા.૨૮/૦૪/૨૦૨૫ આધારે.

-: જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે.

ક્રમાંક: વિ.શા/ જાહેરનામું/એ-સેકશન/મકાન ભાડુઆત/૫૫/૨૦૨૫.–ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને અમુક બનાવોથી જણાય છે કે, ત્રાસવાદી/ ગુનેગાર તત્વો અમદાવાદ શહેરના રહેણાંક વિસ્તારમાં ગુપ્ત રીતે આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચાડે તેવી શક્યતાઓ રહેલી છે.

આગામી દિવસોમાં સંવત્સરી, ઈદ-એ-મિલાદ-ઉન્નબી, મહાત્મા ગાંધી જન્મ જયંતિ, દશેરા, દિવાળી વિગેરે ધાર્મિક તેમજ રાષ્ટ્રીય તહેવારો આવનાર હોય, આવા તહેવારોના સમયગાળા દરમ્યાન આંતકવાદીઓ તથા ગુનેગારો અન્ય શહેર, રાજય કે દેશમાંથી આવી કોઈના મકાન ભાડે રાખીને અમદાવાદમાં રહી સ્થાનિક જગ્યા વિગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી તથા ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપવાની શક્યતા નકારી શકાય નહી. અમદાવાદ શહેરમાં જાહેર સલામતી અને સુલેહ શાંતિ જળવાઈ રહે તે હેતુસર ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશનર, અમદાવાદ શહેર (ગુજરાત રાજ્યના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૮૨ ના નોટીફીકેશન નં.જીજી/ ૪૨૨/ સીઆરસી /૧૦૮૨૦૮૦૧/-એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામા નં.જીજી/૬/ફકઅ/૧૦૮૮/ ૬૭૫૦/મ) અન્વયે મને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં કોઈ મકાન/ ઔદ્યોગિક એકમો/ ઓફીસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજોનાં માલિકો અગર તો આ માટે આવા મકાન માલીકે ખાસ સત્તા આપેલ વ્યકિત/સંચાલકો જયારે, મકાન/ઔદ્યોગિક-એકમો/ ઓફીસો/ દુકાનો/ ગોડાઉનો/ કોલ્ડ સ્ટોરેજનાં માલિકો મકાન ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશનને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને ભાડે આપી શકશે નહિ, ભાડે આપેલ મકાનની વિગત, ભાડુઆત અને સંબંધિત સંચાલક કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય તે અંગેની જરૂરી માહિતી નીચેના કોલમો મુજબ જે તે વિસ્તારનાં પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે.

અનં	મકાન માલીકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત-કયાં વિસ્તારમાં કેટલાં ચો.મી .બાંધકામ	મકાન ભાડે આપવા સત્તા ધરાવતાં વ્યકિતનું નામ	મકાન ક્યારે ભાડે આપેલ છે તથા માસીક ભાડુ કેટલું?.	જે વ્યકિતઓને ભાડે આપેલ છે.તેમના પાકા નામ,સરનામાં,ફોટા,પાસ પોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ,પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા	મકાન માલીકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ ,સરનામું તથા પાસપોર્ટ, ડ્રાઈવીંગ લાયસન્સ,પાનકાર્ડ, પુરાવા રૂપે સાથે આપવા.
૧	૨	૩	૪	૫	૬

આ હુકમ તા.૦૧/૦૫/૨૦૨૫ ના કલાક ૦૬/૦૦ થી તા.૨૯/૦૬/૨૦૨૫ના કલાક ૨૪/૦૦ (બંન્ને દિવસો સહિત) ૬૦ દિવસ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

-:વિસ્તાર:-

અમદાવાદ શહેર પોલીસ કમિશનરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

:-શિક્ષા-:

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરેટમાં ફરજ બજાવતા અનામ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

વંચાણે લીધા:-

(૧) જિલ્લા શિક્ષણાધિકારી અમદાવાદ શહેર વિસ્તારના પત્ર ક્રમાંક :જિશિઅ/પરીક્ષા/૨૦૨૫/૧૪૧૯ તા.૨૮/૦૪/૨૦૨૫ તથા

(૨) નિવાસી અધિક કલેકટરશ્રી,અમદાવાદ શહેરની કચેરીના પત્ર ક્રમાંક નં.એક્ઝામ સેલ/અન્ય પરીક્ષા/જાહેરનામું/વશી.૩૮૮/૨૦૨૫ તા.૦૧/૦૫/૨૦૨૫ આધારે.

:- જાહેરનામું :-

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.

નંબર/વિ.શા/ એ-સેક્શન/પરમીટ/પરીક્ષા/૫૬/૨૦૨૫. તા.૦૨/૦૫/૨૦૨૫.-રાજકોટ મહાનગરપાલિકા, રાજકોટ દ્વારા તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ સવાર કલાક ૧૧/૦૦ થી કલાક ૧૨/૩૦ દરમ્યાન રાજકોટ મહાનગરપાલિકા (રાજકોટ) જુ.ક્લાર્ક (વર્ગ-૩)ની પરીક્ષા અમદાવાદ શહેરના જુદા-જુદા પરીક્ષા કેન્દ્રો પર યોજાનાર છે.

આ પરીક્ષા દરમ્યાન કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને પરીક્ષાર્થીઓ/ઉમેદવારો શાંતચિત્તે શુધ્ધ વાતાવરણમાં પરીક્ષા આપે અને પરીક્ષાનું સુચારૂ સંચાલન થઇ શકે તેમજ પરીક્ષા કેન્દ્રોની આસપાસના વિસ્તારમાં સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળના વિસ્તારમાં નીચે મુજબના કૃત્યો કરવા ઉપર પ્રતિબંધ ફરમાવવાનું પ્રવર્તમાન સંજોગોમાં આવશ્યક જણાય છે.

આથી હું જી.એસ.મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./ ૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા. ૦૭/ ૦૧/ ૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ. માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તાર તથા સમય માટે નીચેના કૃત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છું.

-:પ્રતિબંધિત વિસ્તાર:-

(૧) પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલ તમામ મકાનો, જગ્યા, સ્થળ, વિસ્તાર.

(૨) ઝેરોક્ષ સેન્ટર/દુકાનો માટે પરીક્ષા કેન્દ્રો તથા તેની ચોતરફ એક કિલોમીટરની ત્રિજ્યાનો વિસ્તાર.

-:પ્રતિબંધિત કૃત્યો:-

(૧) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધારે વ્યક્તિઓએ ભેગા થવા પર.

(૨) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ઝેરોક્ષ સેન્ટરો ચાલુ રાખવા પર.

(૩) પરીક્ષા સ્થળની આજુબાજુ મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા પર.

(૪) પરીક્ષા સ્થળ પર સક્ષમ અધિકારી સિવાયના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકોએ મોબાઇલ અને અન્ય ઇલેકટ્રોનીક /વિજાણુ ઉપકરણ લઇ જવા પર.

(૫) પરીક્ષા સ્થળો પર પરીક્ષા સમય દરમ્યાન બિનઅધિકૃત વ્યક્તિઓના પ્રવેશ પર.

(૬) પરીક્ષા સ્થળો પર ગેરરીતી થાય તેવુ કોઇપણ સાધન કે અનઅધિકૃત લેખન સામગ્રી લઇ જવા પર.

(૭) પરીક્ષા કેન્દ્રોની આસપાસ ના વિસ્તારમાં જાહેર વાહન વ્યવહાર અવરોધાય તે રીતે વાહનો ઉભા રાખવા કે પાર્ક કરવા/કરાવવા ઉપર.

(૮) પરીક્ષા સ્થળે કોઇપણ પ્રકારનું હથિયાર લઈ દાખલ થવા ઉપર.

-:અપવાદ:-

આ હુકમ ફરજ પરના પોલીસદળ તથા હોમગાર્ડના માણસો તથા પરીક્ષા અનુસંધાને ફરજ પરના અધિકારીઓ/કર્મચારીઓને લાગુ પડશે નહી.

-:સમયગાળો:-

આ હુકમ તા.૦૪/૦૫/૨૦૨૫ ના રોજ સવાર કલાક ૦૯/૦૦ થી કલાક ૧૪/૩૦ સુધી અમલમાં રહેશે.

-:શિક્ષા:-

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે સામે ભારતીય ન્યાય સંહિતા (BNS)-૨૦૨૩ ની કલમ -૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તારીખ-૦૨/૦૫/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપ્યા.

વંચાણે લીધા :

- પોલીસ મહાનિરીક્ષકશ્રી સ્ટેટ ઇન્ટેલીજન્સ બ્યુરો, ગુજરાત રાજય, ગાંધીનગર નાઓના પત્ર ક્રમાંક : જી-૨/ડ્રોન/કામગીરી/૭૮૯/૨૦૨૧ તા.૦૧/૧૧/૨૦૨૧ અન્વયે.

- ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે થયેલ હુકમ.ક્રમાંક:વિ.શા./એ સેકશન/ડ્રોન કેમેરા રેડ ઝોન-યલો ઝોન /જાહેરનામું/ ૫૭ /૨૦૨૫ તા.૦૬/૦૫/૨૦૨૫

-:જાહેરનામું:-

હુકમ ક્રમાંક:વિ.શા./એ સેકશન/ડ્રોન કેમેરા રેડ ઝોન-યલો ઝોન/જાહેરનામું/૫૭/૨૦૨૫ તા.૦૬/૦૫/૨૦૨૫.-અમદાવાદ શહેર વિસ્તારમાં આવેલ વાઇટલ ઇન્સ્ટોલેશન એરપોર્ટ, આર્મી કેન્ટોન્મેન્ટ, સેન્ટ્રલ જેલ, વી.આઇ.પી /વી.વી.આઇ.પી. રહેઠાણ અગત્યના પાવર સ્ટેશનો, મેટ્રો રેલ્વે, ઇન્ડસ્ટ્રીયલ એકમો, બ્રીજ તેમજ અગત્યની સરકારી કચેરીઓ વગેરે જગ્યાની સુરક્ષા કરવાની જવાબદારી શહેર પોલીસની છે. રીમોટ કંટ્રોલ સંચાલીત માઇક્રોલાઇટ એરક્રાફટ કે પેરાગ્લાઇડર જેવા સંસાધનોથી દેશ-વિરોધી સંગઠનો, આંતકવાદીઓ અને ભાંગફોડીયા તત્વો ગેરલાભ લઈને અમદાવાદ

શહેરની સુરક્ષાને હાની પહોંચાડવાની શકયતા નકારી શકાય નહીં, તેમજ નજીકના ભૂતકાળમાં જમ્મુ-કાશ્મીરમાં બનેલ ડ્રોન હુમલાના બનાવ તથા આ પ્રકારના સંસાધનોથી શહેરમાં આંતક ફેલાવી, સુલેહ શાંતિ જોખમાય તેમજ લોકોના જાનમાલને નુકશાન કરે તેવી શકયતા રહેલી છે. જેથી પોતાના અંગત વ્યવસાય માટે ઉપર જણાવેલ UAV(Unmanned Aerial Vehicle) ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

ડાયરેકટર જનરલ ઓફ સિવિલ, એવિએશન, ભારત સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ ડીજીટલ સ્કાય (એપ્લીકેશન) પ્લેટફોર્મ ઉપર રેડ ઝોન - ૩૬ અને યલો ઝોન -૧૬૫ મળી કુલ: ૨૦૧ જગ્યાઓ કે જે હવે પરીશિષ્ટ - ક મુજબના રહેશે. DRONE – UAV ઉડાડવા માટે પ્રતિબંધિત વિસ્તાર તરીકે જાહેર કરવામાં આવેલ છે. જેમાં રેડ ઝોન પ્રતિબંધિત વિસ્તાર હોઈ DRONE – UAV ઉડાડી શકાશે નહિ, અને બાકી રહેલ યલો ઝોન, ગ્રીન ઝોન વિસ્તાર માટે અરજદાર/ઓપરેટરશ્રીએ ડીજી. સ્કાય (એપ્લીકેશન) ઉપર અપલોડ કરેલ વિગતો/ શરતો મુજબ લોગીંન થઈ પરવાનગી લઈ DRONE – UAV ઉડાડી શકે છે.

વાસ્તે હું જી. એસ. મલિક પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નંબર:જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ તથા તા.૦૭/૦૧/૧૯૮૯ થી બહાર પાડવામાં આવેલ સંકલિત જાહેરનામા નંબર: જીજી/૬/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦ /મ.માં અમદાવાદ શહેરના પોલીસ કમિશ્નર શ્રી, અધિક પોલીસ કમિશ્નર તથા નાયબ પોલીસ કમિશ્નર અને સુપ્રિ.ઓફ પોલીસ ને એકઝી. મેજી. તરીકે જાહેર કરવામાં આવેલ છે તે મુજબ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા (BNSS)-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અધિકારનો ઉપયોગ કરવા ખાસ અધિકૃત કરવામાં આવેલ હોય તે અધિકારની રૂએ આથી હુકમ કરૂં છું કે, ઉપર જણાવેલ ઝોન/વિસ્તારમાં પ્રતિબંધ ફરમાવુ છું.

પ્રવર્તમાન પરીસ્થિતીને અનુસંધાને અમદાવાદ શહેર ની સુરક્ષાની બાબતને ધ્યાને લેતાં ઉપરોકત જણાવેલ વિગતોનું કોઇ પણ વ્યક્તિ/અરજદાર/એજન્સી ઉલ્લંઘન કરતાં જણાઇ આવશે તો તેઓ વિરૂધ્ધ BNS 223 મુજબ કાર્યવાહી કરવામાં આવશે.

: અમલવારીનો સમય :

આ હુકમ તા.૦૭/૦૫/૨૦૨૫ ના કલાક ૦૬/૦૦ થી તા.૦૫/૦૭/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

: પ્રતિબંધિત વિસ્તાર :

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

: અપવાદ :

1. સરકારી સુરક્ષા એજન્સીના રીમોટ કંટ્રોલ માઈક્રો લાઈટ એરક્રાફટને આ જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

2. DGCA દ્વારા પરમીશન આપવામાં આવેલ U.A.V (Unmanned Aerial Vehicle) જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવે છે.

: શિક્ષા:

આ હુકમનો ભંગ અગર ઉલ્લંઘન કરનાર ભારતીય ન્યાાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે તેમજ અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઈ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે BNS 223 મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

પત્રક-બી

SR. NO.	CITY	NAME IF PLACE	FULL POSTAL ADDRESS	CRITERION OF RECOMMENDATION (AS PER POINT NO.4 OF MHA SOP DATED 16/12/2016, PLEASE MENTION EXACT CATEGORY AMONGST SUB POINT "A" TO "N")	RECOMMENDED ZONE RED/ YELLOW)	LONGITUDE	LATTITUDE	EXTEND / LIMIT OF BUFFER ZONE WHERE DRONES WILL BE RESTRICTED AS PER MHA CIRCULAR DATED 8TH NOV. 2018
1		3	4	5	6	7	8	9
1	AHMEDABAD	DOORDARSHAN	DOORDARSHAN KENDRA THALATEJ,AHMEDABAD	M	YELLOW	23.04755	72.524553	2 KM

SR. NO.	CITY	NAME IF PLACE	FULL POSTAL ADDRESS	CRITERION OF RECOMMENDATION (AS PER POINT NO.4 OF MHA SOP DATED 16/12/2016, PLEASE MENTION EXACT CATEGORY AMONGST SUB POINT "A" TO "N")	RECOMMENDED ZONE RED/ YELLOW)	LONGITUDE	LATTITUDE	EXTEND / LIMIT OF BUFFER ZONE WHERE DRONES WILL BE RESTRICTED AS PER MHA CIRCULAR DATED 8TH NOV. 2018
2		NEW INDIAN INSTITUTE OF MANEGEMENT (I.I.M) AHMEDABAD	NEAR ANDH MANDAL VASTRAPUR AHAMEDABAD	I	YELLOW	23.033724	72.532621	2 KM
3		MAHATMA GANDHI LABOUR INSTITUTE	NEAR MANAV MANDIR DRIVE-IN-ROAD MEMANAGAR	M	YELLOW	23.04507	72.05399	2 KM
4		PHYSICAL RESEARCH LABORATORY	SINDHUBHAVAN ROAD OPP.GOTILA GARDAN BODAKADEV AHMEDABAD	M	RED	2,30,44,258	7,24,94,695	3 KM
5		NARANPURA TELEPHONE EXCHANGE	SHASTRINAGAR AHMEDABAD	M	YELLOW	23.06133	72.54872	2 KM
6		GUJARAT HIGH COURT	S.G.ROAD SOLA,AHMEDABAD	C	RED	23.449	72.3128	3 KM
7		CIVIL HOSPITAL SOLA	S.G.ROAD SOLA, AHMEDABAD	M	RED	23.457	72.3129	3 KM
8		"VVIP RESIDENCE AMITBHAI SHAH HONORABLE U H.M. HOME "	16, ROYAL CRISTAL BUNGALOWS, THALATEJ AHMEDABAD	D	YELLOW	23.05527	72.513329	2 KM
9		SCIENCE CITY	SOLA ROAD, AHMEDABAD	I	YELLOW	23.455	72.2939	2 KM
10		ALL INDIA RADIO	NEAR INCOMETAX, NAVARANGPURA	M	YELLOW	23.036406	72.561066	2 KM
11		B.S.N.L EXCHANGE,	C.G.ROAD, NAVARANGPURA.	M	YELLOW	23.04014	72.5674	2 KM
12		NAHERU-BRIDGE.	NAVARANGPURA.	M	YELLOW	23.03499	72.56915	2 KM
13		ICICI BANK LTD. CURRENCY CHEST	SHOPER PLAZA-6 OPP. MUNICIPAL MARKET, NAVRANGPURA, AHMEDABAD	M	YELLOW	23.033818	72.559666	2 KM
14		INCOMETAX OFFICE.	ASHRAM ROAD AHMEDABAD	M	RED	23.033863	72.585022	3 KM
15		UNION BANK OF INDIA CURRENCY CHEST	424/11 MOTIBHAI R. PATEL HOUSE, BEHIND LAW COLLEGE, NR.RAINDROP COMPLEX, C.G.ROAD, NAVRANGURA AHMEDABAD	M	YELLOW	23.0271478	72.5573624	2 KM
16		THA GUJARAT STATE CO OPERATIVE BANK	SARADAR VALLABHBHAI PATEL NEAR SAHAKAR BHAVAN SHASTRINAGAR BRTS BUS STAND ANKUR ROAD NARANPURA AHMEDABAD -380013	M	YELLOW	23.622375	72.553101.	2 KM
17		A.E.C TORRENT POWER	NEAR A.E.C CROSS ROAD. NARANPURA	M	RED	23.035562	72.543446	3 KM
18		PHYSICAL RESEARCH LABORATORY,	GUJARAT UNIVERSITY ROAD ,OPP .GIR'S POLYTECHNIC AHMDABAD CITY	M	RED	23.035562	72.543446	3 KM
19		REGIONAL PASSPORT OFFICE.	NEAR GULABAI TEKARA ROAD, NAVARANGPURA, AHMDABAD CITY.	M	YELLOW	23.031946	72.549848	2 KM

SR. NO.	CITY	NAME IF PLACE	FULL POSTAL ADDRESS	CRITERION OF RECOMMENDATION (AS PER POINT NO.4 OF MHA SOP DATED 16/12/2016, PLEASE MENTION EXACT CATEGORY AMONGST SUB POINT "A" TO "N")	RECOMMENDED ZONE RED/ YELLOW)	LONGITUDE	LATTITUDE	EXTEND / LIMIT OF BUFFER ZONE WHERE DRONES WILL BE RESTRICTED AS PER MHA CIRCULAR DATED 8TH NOV. 2018
20		B.S.N.L. OFFICE	NEAR GULABAI TEKARA, NAVARANGPURA, AHMDABAD CITY.	M	YELLOW	23.029772	72.551494	3 KM
21		GUJARAT UNIVERSITY	GUJARAT UNIVERSITY CAMPUS,120 FEET RING ROAD,UNIVERSITY AREA,AHMEDABAD GUJ ARAT-380009	M	YELLOW	23.036265	72.546827	2 KM
22		MEMNAGAR FIRE STATION	120 FEET RING ROAD,OPP.WATER TANK, NAVRANGPURA, AHMEDABAD GUJARAT-380009	M	YELLOW	23.045559	72.550966	2 KM
23		RESERVE BANK OF INDIA. (R.B.I.) AHMEDABAD	NEAR GANDHI BRIDGE INCOMETAX CROSS ROAD	M	YELLOW	23.033863	72.585022	2 KM
24		GANDHI BRIDGE	INCOMETAX CHAR RASTA, ASHRAM ROAD,NEAR RBI AHMEDABAD CITY.	M	YELLOW	23.04006	72.56964	2 KM
25		SAIYED USMAN MOSQUE AND TOMB	USHAMANPURA GARDEN AHMEDABAD CITY	H	YELLOW	23.04559	72.57046	2 KM
26		VASANA BARRAGE	VASANA, AHMDABAD.	M	YELOW	22.99524	72.55372	2 KM
27		WATER AHMEDABAD	SABARMATI RIVERFRONT AHMEDABAD	I	YELLOW	22.9986	72.564	2 KM
28		EVENT CENTER	EVENT CENTER RIVERFRONT WEST POLICE STATION	L	YELLOW	23.01231	72.57305	2 KM
29		COLLECTOR OFFICE AHMEDABAD	OPP.SUBHASH BRIDGE CIRCLE , ASHRAM ROAD SUBHASH BRIDGE, AHMEDABAD	M	YELLOW	23.0659	72.5817	2 K.M
30		SABARAMTI CENTRAL JAIL	OPP. SABARAMATI JUNCTION (RAILWAY STATION) ,KESHAVNAGAR, RANIP AHAMEDABAD	M	RED	23.0764	72.5833	3 K.M
31		SUBHASH BRIDGE	NR.SUBHAS BRIDGE CIRCLE. ASHRAM ROAD ,SUBHASH BRIDGE, AHMEDABAD	M	YELLOW	23.0615	72.5857	2 K.M
32		GANDHI ASHRAM SABARMATI	NR.SUBHASH BRIDGE, CIRCLE , ASHRAM ROAD, AHMEDABAD	I	YELLOW	23.061.00	72.5809	2 K.M
33		VIP RESIDENCE (MEMBER OF PARLIAMENT AHMEDABAD WEST) DR.KIRIT P. SOLANKI	HOUSE NO. 11-12 "CHIRAG BUNGLOUW" KIRTAN SOCIETY ,OPP AMBEDAKAR BHAVAN,BH.ST BUS STATION	D	YELLOW	23.0693	72.5764	2 K.M
34		REGIONAL TRANSPORT OFFICE(RTO) AHMEDABAD	NR.SUBHASH BRIDGE CIRCLE, OPP.PRABODH RAVAL CIRCLE,NR. JAIL BHAJIYA HOUSE,SUBHASH BRIDGE ,AHMEDABAD	M	YELLOW	23.068.00	72.5812	2 K.M
35		ONGC AVNIBHAVAN	NEAR VISAT CIRCLE CHANDKHEDA AHMEDABAD	M	RED	23.1133	72.5968	3 K.M
36		MOTERA GGS	CHANDKHEDA GAM AHMEDABAD	M	RED	23.1019	72.5881	3 K.M

SR. NO.	CITY	NAME IF PLACE	FULL POSTAL ADDRESS	CRITERION OF RECOMMENDATION (AS PER POINT NO.4 OF MHA SOP DATED 16/12/2016, PLEASE MENTION EXACT CATEGORY AMONGST SUB POINT "A" TO "N")	RECOMMENDED ZONE RED/ YELLOW)	LONGITUDE	LATTITUDE	EXTEND / LIMIT OF BUFFER ZONE WHERE DRONES WILL BE RESTRICTED AS PER MHA CIRCULAR DATED 8TH NOV. 2018
37		NARENDRA MODI CRICKET STADIUM, MOTERA	MOTERA GAM CHANDKHEDA AHMEDABAD	M	RED	23.0919	72.5975	3 K.M
38		ASHARAM ASHRAM	MOTERA, CHANDKHEDA, AHMEDABAD	L	YELLOW	23.0931	72.6023	2 K.M
39		(VIPS RESIDENCE) NARHARI HIRABHAI AMIN MP-	NARHARI BANGLOWS, NEAR TAPOLVAN CERCAL, SARVICE ROAD,TP-44, CHANDKHEDA	D	YELLOW	23.1221	72.6041	2 K.M
40		(VIPS RESIDENCE) (CHAIRMAN GIDC) BALVANTSINGH RAJPUT	BAHUCHAR BANGLOWS, NEAR TAPOLVAN CERCAL, SARVICE ROAD,TP-44, CHANDKHEDA	D	YELLOW	23.1221	72.6041	2 K.M
41		BSNL TELEPHONE EXCHANGE	S.G.HIGHWAY JAGATPUR CHANDKHEDA AHMEDABAD	M	YELLOW	23.0822	72.5819	2 K.M
42		POLICE HEAD QUARTERS, SHAHIBAUG	OPPO,SPECTRUM TOWER, SHAHIBAUG ROAD, SHAIBAUG AHMEDABAD	M	YELLOW	23.0555	72.5871	2 K.M
43		POLICE COMMISSIONER OFFICE SHAHIBAUG	SHAHIBAUHG UNDER BRIDGE TO DILHI DARVAJA ROAD , POLICE COMMISSIONER OFFICE SHAHIBAUG AHMEDABAD	M	YELLOW	23.0496	72.5896	2 K.M
44		DUDHESHWAR WATER TANK	NEAR DEDHICHI BRIDGE CIRCLE, DUDHESHWAR AHMEDABAD	J	YELLOW	23.0531	72.5833	2 K.M
45		GOVERNMENT LITHO PRESS	NEAR DILHI DARAVAJAA BAHAR CIRCLE AHMEDABAD	M	YELLOW	23.041	72.5859	2 K.M
46		DARIYAKHAN'S TOMB	DARIYAKHAN'S TOMB , DEVAJIPURA , BEHIND COMMISSIONER OFFICE, SHAHIBAUG, AHMEDABAD	H	YELLOW ZONE	23.052605	72.586918	2 K.M
47		ACHUT (KUKI) BABI'S MASJID AND TOMB	OPPOSITE KOLSAVALI CHALI NI, JYUPITER MILL , DUDHESWER, AHMEBADAD	H	YELLOW ZONE	23.048274	72.583688	2 K.M
48		KHANPUR POST. OFFICE / B.S.N.L. OFFICE	NEAR, M.B.TOWER, KHANPUR, SHAHPUR, AHMEDABAD CITY	M	YELLOW	23.0323	72.5779	2 K.M
49		AHMEDABAD MIRZAPUR DISTRICT COURT	NEAR, RETIYAVADI CHAR RASTA, SHAHPUR, AHMEDABAD CITY	C	YELLOW	23.0332	72.5848	2 K.M
50		TORRENT POWER	TORRENT CHAR RASTA, MIRZAPUR, SHAHPUR, AHMEDABAD CITY	J	RED	23.0343	72.5815	3 K.M
51		BJP OFFICE KHANPUR AHMEDABAD	J.P. CHOK KHANPUR SHAHPUR, AHMEDABAD CITY	M	YELLOW ZONE	23.0289	72.58	2 K.M
52		SARADARKUNJ (COMMUNAL POINT)	NEAR, SARADARKUNJ SOCIETY, BAHAI CENTER SHAHAPUR AHMEDABAD CITY	L	YELLOW	23.0345	72.5795	2 K.M

SR. NO.	CITY	NAME IF PLACE	FULL POSTAL ADDRESS	CRITERION OF RECOMMENDATION (AS PER POINT NO.4 OF MHA SOP DATED 16/12/2016, PLEASE MENTION EXACT CATEGORY AMONGST SUB POINT "A" TO "N")	RECOMMENDED ZONE RED/ YELLOW)	LONGITUDE	LATTITUDE	EXTEND / LIMIT OF BUFFER ZONE WHERE DRONES WILL BE RESTRICTED AS PER MHA CIRCULAR DATED 8TH NOV. 2018
53		(MLA SHAHAPUR) (VIPS) GYASUDDIN HABIBUDDIN SHAIKH	30, SHEKH MENSON, RAHEMANI STREET, SHAHPUR, AHMEDABAD	D	YELLOW	23.0334	72.5807	2 K.M
54		DELHI GATE	DELHI DARAVAJA CHAR RASTA, NEAR DELHI CHAKLA SHAHPUR AHMEDABAD CITY	H	YELLOW ZONE	23.03777	72.58791	2 K.M
55		RANI RUPAVATI MOSQUE	NEAR, DELHI CHAKAL POLICE CHOKI, MIRZAPUR, SHAHPUR AHMEDABAD CITY	H	YELLOW ZONE	23.03179	72.58377	2 K.M
56		KAZI MOHMED CHISTIS MASJID (SHAIKH HASAN)	NEAR, BANK OF BARODA, SHAHPUR CHAKLA, SHAHPUR AHMEDABAD CITY	H	YELLOW ZONE	23.03828	72.58012	2 K.M
57		SULTAN KUTBUDDIN MASJID	NEAR DELHI CHAKLA SHAHPUR AHMEDABAD CITY	H	YELLOW ZONE	23.03548	72.58734	2 K.M
58		INDULAL YAGNIK PARK	NEAR, NEHRU BRIDGE CORNER, RIDGE CORNER SHAHPUR AHMEDABAD CITY	H	YELLOW ZONE	23.02731	72.5778	2 K.M
59		TORRENT POWER HOUSE	TORRENT POWER HOUSE, NEAR CHIMANBHAI BRIDGE SABARMATI-380005	J	RED	23.228	72.5926	3 K.M
60		FOOD CORPORATION OF INDIA (FCI)	FCI, NEAR DIGVIJAY CIMENT FACTORY, KALIGAM, SABARMATI-382470	J	RED	23.088903	72.576278	3 K.M
પત્રક-ક	૫-૬૫-૦૦	૫-૬૫-૦૦	૦	ગામતળ
કુલ ક્ષેત્રફળ	૧૮-૦૨-૦૦	૬-૨૫-૦૦	૧૧-૭૭-૦૦	

દાહોદ, તા.૫-૫-૨૦૨૫.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા. ૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી,દાહોદના પત્ર નં.એચ ક્યુ એ/ સ્વામિત્વ જાહેરનામાં/૨૦૨૫ તારીખ:-૦૬/૦૨/૨૦૨૫

જાહેરનામું

ક્રમાંક:-સ્વામિત્વ/રાછરડા/દાહોદ/કલમ-૧૨૬/જાહેરનામું/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ -SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ના ઠરાવથી દરેક જિલ્લાના હેડક્વાર્ટર તાલુકાનાં પરિશિષ્ટ-૧ મુજબના કુલ ૨૨૯૪ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલનાં પારા-૭ની વિગતે મોજે: રાછરડા, તા.દાહોદ, જિ.દાહોદના આ સાથેના પરીશિષ્ટ-અ(ખેતી)માં(હે.૫ આરે.૩૦ ચોમી.૬૬), પરીશિષ્ટ-બ(બીનખેતી)માં(હે.૦૦ આરે.૦૦ ચોમી.૦૦), પરીશિષ્ટ-ક(ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં(હે.૦ આરે.૭૪ ચોમી.૨૬) એમ કુલ ક્ષેત્રફળ- હે.૬ આરે.૦૪ ચોમી.૯૨ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા /મારગની જમીનોને સિટી સર્વે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મોજે-રાછરડા, તા. દાહોદ, જિ.દાહોદ

પત્રક-અ								
અ.નં.	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
૧	દાહોદ	દાહોદ	રાછરડા	૩૩૦	૧-૬૬-૫૫	૧-૬૬-૫૫	૦૦	
૨				૩૨૮	૧-૨૭-૭૬	૦૦	૧-૨૭-૭૬	
૩				૩૩૪	૧-૨૪-૫૦	૦-૧૯-૦૦	૧-૨૪-૫૦	

૪				૩૩૫	૦-૦૫-૧૮	૦૦	૦-૦૫-૧૮	
૫				૩૩૬	૦-૦૬-૦૯	૦૦	૦-૦૬-૦૯	
૬				૩૩૭	૦-૧૬-૩૭	૦૦	૦-૧૬-૩૭	
૭				૩૪૪	૦-૦૩-૯૦	૦૦	૦-૦૩-૯૦	
૮				૩૪૩	૦-૦૭-૯૦	૦-૦૭-૯૦	૦૦	
૯				૩૪૫	૦-૦૮-૦૨	૦૦	૦-૦૮-૦૨	
૧૦				૩૪૬	૦-૦૬-૧૩	૦૦	૦-૦૬-૧૩	
૧૧				૩૪૭	૦-૨૪-૯૯	૦૦	૦-૨૪-૯૯	
૧૨				૪	૦-૦૪-૧૧	૦-૦૪-૧૧	૦૦	
૧૩				૭	૦-૦૭-૦૬	૦૦	૦-૦૭-૦૬	
૧૪				૫	૦-૦૨-૦૮	૦-૦૨-૦૮	૦૦	
૧૫				૩	૦-૦૧-૦૨	૦-૦૧-૦૨	૦૦	
કુલ ક્ષેત્રફળ					૫-૩૦-૬૬	૨-૦૦-૬૬	૩-૩૦-૦૦	

પત્રક-બ

અ.નં.	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
૧	દાહોદ	દાહોદ	રાછરડા	-------	-------	-------	-------	
કુલ ક્ષેત્રફળ					-------	-------	-------	

પત્રક-ક

અ.નં.	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
૧	દાહોદ	દાહોદ	રાછરડા	૧	૦-૭૪-૨૬	૦-૭૪-૨૬	૦૦	નવું તથા જુનું ગામતળ
કુલ ક્ષેત્રફળ					૦-૭૪-૨૬	૦-૭૪-૨૬	૦૦	

	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
પત્રક-અ	૫-૩૦-૬૬	૨-૦૦-૬૬	૩-૩૦-૦૦	
પત્રક-બ	૦	૦	૦	
પત્રક-ક	૦-૭૪-૨૬	૦-૭૪-૨૬	૦	નવું તથા જુનું ગામતળ
કુલ ક્ષેત્રફળ	૬-૦૪-૯૨	૨-૭૪-૯૨	૩-૩૦-૦૦	

દાહોદ, તા.૭-૨-૨૦૨૫.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા. ૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી,દાહોદના પત્ર નં.એચ સી/જાહેરનામા/ સ્વામિત્વ/૨૦૨૫ તારીખ:-૦૩/૦૨/૨૦૨૫

જાહેરનામું

ક્રમાંક:-સ્વામિત્વ/વજેલાવ/ગરબાડા/કલમ-૧૨૬/જાહેરનામું/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ -SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ના ઠરાવથી દરેક જિલ્લાના હેડક્વાર્ટર તાલુકાનાં પરિશિષ્ટ-૧ મુજબના કુલ ૨૨૯૪ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલનાં પારા-૭ની વિગતે મોજે: વજેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદના આ સાથેના પરીશિષ્ટ-અ(ખેતી)માં(હે.૪ આરે.૭૫ ચોમી.૦૮), પરીશિષ્ટ-બ(બીનખેતી)માં(હે.૦ આરે.૦૦ ચોમી.૦૦), પરીશિષ્ટ-ક(ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં(હે.૩ આરે.૦૨ ચોમી.૮૮) એમ કુલ ક્ષેત્રફળ- હે.૭ આરે.૭૭ ચોમી.૯૬ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા /મારગની જમીનોને સિટી સર્વે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મોજે-વજેલાવ, તા.ગરબાડા, જિ.દાહોદ

પત્રક-અ

અ.નં.	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
૧	દાહોદ	ગરબાડા	વજેલાવ	૧૯૪	૦-૮૪-૩૫	૦૦	૦-૮૪-૩૫	
૨				૧૫૮	૧-૯૮-૭૩	૦-૦૮-૦૦	૧-૯૦-૭૩	
૩				૧૩૧	૦-૩૯-૬૬	૦૦	૦-૩૯-૬૬	
૪				૧૩૨	૦-૪૧-૮૪	૦૦	૦-૪૧-૮૪	
૫				૧૬૪	૦-૧૭-૪૧	૦-૧૭-૪૧	૦૦	
૬				૧૫૯	૦-૧૨-૦૯	૦૦	૦-૧૨-૦૯	
૭				૧૪૬	૦-૬૬-૮૩	૦-૦૨-૦૦	૦-૬૪-૮૩	
૮				૧૬૩	૦-૦૬-૦૪	૦-૦૬-૦૪	૦૦	
૯				૧૬૨	૦-૦૫-૧૧	૦૦	૦-૦૫-૧૧	
૧૦				૧૬૧	૦-૦૩-૦૨	૦૦	૦-૦૩-૦૨	
કુલ ક્ષેત્રફળ					૪-૭૫-૦૮	૦-૩૩-૪૫	૪-૪૧-૬૩	

પત્રક-બ

અ.નં.	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
૧	દાહોદ	ગરબાડા	વજેલાવ	-------	-------	-------	-------	
કુલ ક્ષેત્રફળ					-------	-------	-------	

પત્રક-ક								
અ.નં.	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
૧	દાહોદ	ગરબાડા	વજેલાવ	૧૩૦	૩-૦૨-૮૮	૩-૦૨-૮૮	૦૦	નવુંગામતળ
કુલ ક્ષેત્રફળ					૩-૦૨-૮૮	૩-૦૨-૮૮	૦૦	

	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
પત્રક-અ	૪-૭૫-૦૮	૦-૩૩-૪૫	૪-૪૧-૬૩	
પત્રક-બ	૦	૦	૦	
પત્રક-ક	૩-૦૨-૮૮	૩-૦૨-૮૮	---	નવુંગામતળ
કુલ ક્ષેત્રફળ	૭-૭૭-૯૬	૩-૩૬-૩૩	૪-૪૧-૬૩	

દાહોદ, તા.૭-૨-૨૦૨૫.

વંચાણે લીધા:-

(૧) ગુજરાત સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક:- સિટીએસ/૧૨.૨૦૧૫/૧૯૬૪/હ તા. ૦૮/૦૯/૨૦૧૫

(૨) ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : સિટીએસ-૧૩૨૦૨૧-૧૬૦૫-હ તા.૧૦/૦૮/૨૦૨૨

(૩) ડી.ઈ.લે.રે.શ્રી,દાહોદના પત્ર નં.DILRDAHOD/0007/04/2025 DATE:03-04-2025

જાહેરનામું

ક્રમાંક:-સ્વામિત્વ/સાંપોઈ/ઝાલોદ/કલમ-૧૨૬/જાહેરનામું/૨૦૨૫.-ભારત સરકારના પંચાયતીરાજ વિભાગ દ્વારા ગ્રામ્ય વિસ્તારોમાં મિલકતધારકોને પ્રોપર્ટીકાર્ડ આપવાના આશયથી ડ્રોન ટેકનોલોજી દ્વારા મિલકતોનું સરવે કરવા સ્વામિત્વ -SVAMITVA (Survey of Villages And Mapping with Improvised Technology in Village Areas) યોજના જાહેર થયેલ છે.

ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૨ના ઠરાવથી દરેક જિલ્લાના હેડક્વાર્ટર તાલુક સિવાયના બાકી રહેલ તમામ કુલ-૧૨૫૨૦ ગામોમાં મહેસુલી સરવે દાખલ કરવા જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ ૯૫ અને ૧૩૧થી મળેલ સત્તાની રૂએ જમીનના હક્કોની નોંધ કરવા અને જાળવણી કરવાના હેતુથી મહેસુલનું સરવે દાખલ કરવા મંજુરી મળેલ છે.

સબબ, મુંબઈ જમીન મહેસુલ અધિનિયમ-૧૮૭૯ની કલમ-૧૨૬ અન્વયે ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના વંચાણ-૧ના ઠરાવથી મળેલ સત્તાની રૂએ સિટી સરવે મેન્યુઅલનાં પારા-૭ની વિગતે મોજે: સાંપોઈ, તા. ઝાલોદ, જિ.દાહોદના આ સાથેના પરીશિષ્ટ-અ(ખેતી)માં(હે.૪ આરે.૩૨ ચોમી.૪૧), પરીશિષ્ટ-બ(બીનખેતી)માં(હે.૦ આરે.૦ ચોમી.૦), પરીશિષ્ટ-ક(ગામતળ, સરકારી તથા રસ્તા પૈકી)માં(હે.૨ આરે.૭૧ ચોમી.૧૨) એમ કુલ ક્ષેત્રફળ- હે.૭ આરે.૦૩ ચોમી.૫૩ વિસ્તારની જમીનો તેમાં સમાવિષ્ટ રસ્તા /મારગની જમીનોને સિટી સર્વે વિસ્તાર તરીકે આથી જાહેર કરવામાં આવે છે.

મોજે-સાંપોઈ, તા.ઝાલોદ, જિ.દાહોદ

પત્રક-અ								
અ.નં.	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
૧	દાહોદ	ઝાલોદ	સાંપોઈ	૯૦	૦-૯૮-૦૯	૦૦	૦-૯૮-૦૯	
૨				૯૬	૦-૫૨-૯૩	૦૦	૦-૫૨-૯૩	
૩				૯૭	૦-૩૬-૭૪	૦૦	૦-૩૬-૭૪	
૪				૯૮	૦-૪૪-૩૦	૦૦	૦-૪૪-૩૦	

૫				૧૧૨	૨-૦૦-૩૫	૦૦	૨-૦૦-૩૫	
કુલ ક્ષેત્રફળ					૪-૩૨-૪૧	૦૦	૪-૩૨-૪૧	

પત્રક-બ

અ.નં.	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
૧	દાહોદ	ઝાલોદ	સાંપોઈ	-------	-------	-------	-------	
કુલ ક્ષેત્રફળ					-------	-------	-------	

પત્રક-ક

અ.નં.	જિલ્લો	તાલુકો	ગામનું નામ	સર્વે/બ્લોક નં.	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
૧	દાહોદ	ઝાલોદ	સાંપોઈ	૧	૦-૪૦-૫૬	૦-૪૦-૫૬	૦૦	ગામતળ
૨				૧૧૩	૨-૩૦-૫૬	૨-૩૦-૫૬	૦૦	ગૌચરણ
કુલ ક્ષેત્રફળ					૨-૭૧-૧૨	૨-૭૧-૧૨	૦૦	

	ક્ષેત્રફળ ચો.મી.)	ખરાબો ચો.મી.)	લાયક (ચો.મી.)	રીમાર્કસ
પત્રક-અ	૪-૩૨-૪૧	૦૦	૪-૩૨-૪૧	
પત્રક-બ	૦૦	૦૦	૦૦	
પત્રક-ક	૨-૭૧-૧૨	૨-૭૧-૧૨	૦૦	
કુલ ક્ષેત્રફળ	૭-૦૩-૫૩	૨-૭૧-૧૨	૪-૩૨-૪૧	

દાહોદ, તા.૭-૫-૨૦૨૫.

સરફરાઝ શેખ
સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકર્ડઝ કમ
એકત્રિકરણ અધિકારી
દાહોદ

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધું :–

(૧) મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. મુ.વેજલપુર, તા.વેજલપુર જિ.અમદાવાદ(નોંધણી નં.ઘ-૮૧૫૨ તા.૨૬-૦૩-૧૯૮૦) ની તા.૦૯/૦૮/૨૦૨૧ ની ખાસ સાધારણ સભાના ઠરાવ નં.૨ થી સોસાયટીનું બે મંડળીમાં વિભાજન કરવા ઠરાવી, મંડળીના વિભાજન માટે સોસાયટી દ્વારા તા.૩૧-૦૮-૨૦૨૧ ના પત્રથી મળેલ પૂર્વ મંજુરીની દરખાસ્ત

(૨) અત્રેની કચેરીના તા.૨૫-૧૦૨૦૨૧ ના પત્ર ક્રમાંકઃ નધણ ફડચ/૦૧/ક-૨/૮૪૭/૨૦૨૧ થી આપવામાં આવેલ વિભાજનની પ્રાથમિક મંજુરી.

(૩) મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. મુ.વેજલપુર, તા.વેજલપુર જિ.અમદાવાદ(નોંધણી નં.ઘ-૮૧૫૨ તા.૨૬-૦૩-૧૯૮૦)ની તા.૨૪-૦૪-૨૦૨૨ ના પત્ર સાથે તા.૧૨-૦૩-૨૦૨૨ ની ખાસ સાધારણ સભાની એજન્ડા નોટીસ અન્વયે તા.૨૭-૦૩-૨૦૨૨ ના રોજ ખાસ સાધારણ સભાના ઠરાવ નં.૦૨ મુજબ વિભાજન સારૂ કરવામાં આવેલ વિગતવાર દરખાસ્ત

(૪) અત્રેની કચેરીના તા:૦૭/૧૦/૨૦૨૨ પત્ર અન્વયે માંગેલ પુર્તતા અને સોસાયટી દ્વારા તા.૧૬/૧૧/૨૦૨૨ ના રોજ કરેલ પુર્તતા બાબતનો પત્ર.

(૫) અત્રેની કચેરીના તા:૧૬/૦૩/૨૦૨૪ પત્ર અન્વયે માંગેલ પુર્તતા અને સોસાયટી દ્વારા તા.૦૧/૦૪/૨૦૨૪ ના રોજ કરેલ પુર્તતા બાબતનો પત્ર.

(૬) અત્રેની કચેરી દ્વારા રજિસ્ટ્રારથી, સહકારી મંડળીઓ, ગુ.રા. , ગાંધીનગરને પૂર્વ મંજુરી માટે તા.૩૧/૧૨/૨૦૨૨ થી કરવામાં આવેલ વિગતવાર દરખાસ્ત.

(૭) સંયુકત રજિસ્ટ્રારશ્રી (વાણીજય), સહકારી મંડળીઓ, ગુ.રા., ગાંધીનગરના તા.૨૦/૧૨/૨૦૨૩ ના પત્ર ક્રમાંકઃ ધરમ/૦૧/એચસી/૮૦૭/૨૦૨૩ થી માંગેલ ખુટતી વિગતોની પુર્તતા અંગેનો પત્રા

(૮) શ્રી આર.પી.ભટ્ટ, ઓડીટર ગ્રેડ-૨, સ.મં.(હાઉસીંગ) અમદાવાદ એ તા:૩૦/૦૫/૨૦૨૪ ના રોજ રજુ કરેલ વિભાજન અંગેનો સ્થળ તપાસ અહેવાલ

(૯) અત્રેની કચેરી દ્વારા રજિસ્ટ્રારથી, સ.મ.ગુ.રા.,ગાંધીનગરને તા.૧૨/૦૬/૨૦૨૪ રોજ પત્ર નં:નધણ/૦૧/ક-૨/૬૧૨/૨૦૨૪ ના રોજ વિભાજન સારૂ મંજુરી આપવા બાબતે પુર્તતા કરી મોકલાવેલ પત્ર.

(૧૦) સંયુકત રજિસ્ટ્રારથી (વાણીજય), સહકારી મંડળીઓ, ગુ.રા, ગાંધીનગરના તા.૧૮/૦૭/૨૦૨૪ ના પત્ર ક્રમાંક:RCOS/0724/07/2024 થી માંગેલ ખુટતી વિગતોની પુર્તતા અંગેનો પત્ર

(૧૧) અત્રેની કચેરી દ્વારા રજિસ્ટ્રારશ્રી, સ.મં.ગુ.રા.ગાંધીનગરને તા.૧૩/૦૮/૨૦૨૪ ના રોજ પત્ર નં :DRCSAHM/0014/08/2024 થી વિભાજન સારૂં મંજુરી આપવા બાબતે પુર્તતા કરી મોકલાવેલ પત્ર.

(૧૨) સંયુકત રજિસ્ટ્રારથી (વાણીજય), સહકારી મંડળીઓ, ગુ.રા,ગાંધીનગરના તા.૧૧/૧૦/૨૦૨૪ના પત્ર ક્રમાંકઃ RCOS/0364/10/2024 થી ગૃહ મંડળીના વિભાજન સારૂં આપવામાં આવેલ પૂર્વ મંજુરી.

(૧૩) અત્રેની કચેરીના તા:૧૭/૧૦/૨૦૨૪ તથા તા:૧૭/૦૨/૨૦૨૫ થી સોસાયટી પાસેથી માંગેલ પુર્તતા બાબતનો પત્ર અને સોસાયટી દ્વારા તા.૧૧/૦૨/૨૦૨૫ તથા તા:૨૭/૦૨/૨૦૨૫ ના રોજ રજુ થયેલ પુર્તતા બાબતનો પત્ર.

(૧૪) ગુજરાત સહકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગરનું તા.૨૧/૭/૨૦૧૧ના રોજ જાહેરનામું ક્રમાંકઃ જીએચકેએચ /૫૧/ ૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ તથા તા.૦૧/૦૧/૨૦૧૬ ના રોજનું જાહેરનામું ક્રમાંકઃ જીએચકેએચ /૧/ ૨૦૧૬/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/સીએચ તથા તાઃ ૨૪/૦૮/૨૨ ના રોજનો જોબચાર્ટ

(૧૫) ધી ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૭, કલમ-૧૮, તથા કલમ-૨૦ ની જોગવાઈઓ.

પ્રસ્તાવના

જા.નં:નધણ/વિભાજન/ક-૨/૧૩૧/૪૬૫/૨૦૨૫.-મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. મુ.વેજલપુર, તા.વેજલપુર જિ.અમદાવાદ

(હવે પછી આ મંડળી ''મૂળ મંડળી'' કે ''મૂળ સોસાયટી'' તરીકે આ હૂકમમાં સંબોધાયેલ છે) તે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (જિ.પં.) અમદાવાદ દ્વારા ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ,૧૯૬૧ હેઠળ નોંધાયેલ ''હાઉસીંગ સોસાયટી'' છે. જેનો નોંધણી નં. ધ-૮૧૫૨, અને રજિસ્ટ્રેશન તા.૨૬-૦૩-૧૯૮૦ છે. આ મૂળ સોસાયટીએ મોજેઃ વેજલપુર, તા.વેજલપુર જિ.અમદાવાદની સર્વે નંબરઃ૧૯/૨+૨૦/૧ ના ટી.પી. સ્કીમ નંઃ૩ (વેજલપુર) ના ફા.પ્લોટ નંઃ૧૮ ની ૧૮૭૨૬ ચો.વાર જમીન ઉપર કરવામાં આવેલ છે. સદરહું સોસાયટીના મંજુર થયેલ પેટા કાયદા અનુસાર સોસાયટીની નોંધણી જનરલ યોજના હેઠળ સહિયારા ભાડુઆત પધ્ધતિના ધોરણે થયેલ હોવાનું જણાય છે. સોસાયટીની ખાસ સાધારણ સભાના તાઃ ૦૯/૦૮/૨૦૨૧ ના ઠરાવ નંઃ૨ થી મંજુર થયા મુજબ મોહનકૃપા કો.ઓ.હાઉસિંગ સોસાયટી લી. મુ.વેજલપુર, તા.વેજલપુર જિ.અમદાવાદ માં યુનિટો અલગ અલગ હોવાથી વહીવટી કામગીરીમાં મુશ્કેલી પડતી હોય, અને સોસાયટીમાં કુલ ૨ (બે) કોમન પ્લોટ હોવાથી સોસાયટીને જુદા જુદા બે વિભાગોમાં વહેંચીએ તો બન્ને વિભાગને જુદા જુદા રોડ/રસ્તા તથા કોમન પ્લોટ મળે તેમ છે. તેથી વહીવટી સરળતા માટે વિભાજન જરૂરી હોવાનું જણાવી વંચાણે લીધા ક્રમાંક (૧) થી વિભાજન અંગેની દરખાસ્ત અત્રે રજુ કરી વિભાજનની કાર્યવાહીને પુર્વ મંજુરી આપવા જણાવેલ. આમ મુળ મંડળીની નોંધણી રદ કરવા તથા નીચે જણાવ્યા મુજબ સોસાયટીનું બે વિભાગમાં વિભાજન કરવા સોસાયટીની તા.૨૭/૦૩/૨૦૨૨ ની ખાસ સાધારણ સભામાં ઠરાવ નંઃ૨ થી સર્વાનુમતે ઠરાવવામાં આવેલ છે.

અ.ન	મંડળીનું નામ	મોજે	સર્વે નં./ટી.પી.સ્કીમ નં./ ફા.પ્લોટ	જમીન ચો.મી.	સભ્ય સંખ્યા
૧	મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. (વિભાગ-૧)	મુઃતાઃવેજલપુર જિ.અમદાવાદ	સર્વે નં:૧૯/૨,૨૦/૧ ટી.પી.સ્કીમ નંઃ૩ ના ફા.પ્લોટ નંઃ૧૮ પૈકી	૧૫૯૫૬ ચો.મી	૧૩૪ (ટેનામેન્ટ) રો.હાઉસ
૨	મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. (વિભાગ-૨)	મુઃતાઃવેજલપુર જિ.અમદાવાદ	સર્વે નં:૧૯/૨,૨૦/૧ ટી.પી.સ્કીમ નંઃ૩ ના ફા.પ્લોટ નંઃ૧૮ પૈકી	૨૭૭૦ ચો.મી	૭૨ (ફ્લેટ)
			કુલ જમીન/સભાસદ	૧૮૭૨૬ ચો.મી	૨૦૬

સદર બ્લોક/ સર્વે નંબરઃ૧૯/૨,૨૦/૧ ની કુલઃ૧૮૭૨૬ ચો.વાર જમીન ''મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. '' નામે ચાલે છે. સોસાયટીના તા.૩૧/૧૦/૨૦૨૪ અંતિત થયેલ ઓડીટ અહેવાલમાં તેમજ વિભાજન સારૂ થયેલ સ્થળ તપાસ અહેવાલ અનુસાર મુળ સોસાયટીમાં સભાસદ સંખ્યા ૧૩૪+૭૨ મળી કુલઃ૨૦૬ ની છે. વહીવટી સરળતા ખાતર એક ગૃહ મંડળીનું બે ગૃહ મંડળીમાં વિભાજન કરવા સારૂ મંજુરીની માંગણી કરતાં વંચાણે લીધા પત્રા ક્રમાંક (૨) અન્વયે અત્રેથી પ્રાથમિક મંજુરી આપવામા આવેલ હતી. ગૃહ મંડળીએ પ્રાથમિક મંજુરી મળતાં હિત સંબંધ ધરાવતાં સભ્યો/વ્યકિતઓ/પક્ષકારો/દેવાદારો/લેણદારો ને ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૭ અને તે હેઠળનાં નિયમોનાં નિયમ-૯ ની જોગવાઈઓ હેઠળની તા.૧૨-૦૩-૨૦૨૨ ના રોજ નોટીસ આપી ગૃહ મંડળીના વિભાજનમાં કોઈને વાંધો વિરોધ હોય તેઓએ લેખિતમાં રજૂઆત કરવા જણાવવામાં આવેલ તથા સોસાયટી દ્વારા તાઃ૧૨-૦૩-૨૦૨૨ રોજ રવાના કરેલ એજન્ડા મુજબ તાઃ૨૭-૦૩-૨૦૨૨ ની ખાસ સાધારણ સભામાં ઠરાવ નં.:૨થી ગૃહ મંડળીનું બે વિભાગમાં વિભાજન કરવા આખરી નિર્ણય લઈ વિગતવાર દરખાસ્તો તૈયાર કરી અત્રેની કચેરીને વંચાણે લીધા ક્રમાંકઃ(૩) મુજબના પત્રથી સાધનિક કાગળ, જરૂરી માહિતી સાથે દરખાસ્ત રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંકઃ(૪) અને (૫) ના પત્રોથી સોસાયટી પાસેથી જરૂરી પુર્તતાઓ માંગેલ, ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંકઃ(૬) મુજબ તાઃ૩૧/૧૨/૨૦૨૨ ના રોજ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરને વિભાજનની પૂર્વ મંજુરી અર્થે મોકલી આપેલ હતી. ત્યારબાદ વંચાણે લીધા ક્રમાંકઃ (૭) મુજબ સંયુકત રજીસ્ટ્રારશ્રી (વાણીજય), સહકારી મંડળીઓ, ગુ. રા. ગાંધીનગરના તાઃ૨૦/૧૨/૨૦૨૩ ના પત્રથી ખુટતી વિગતોની પુર્તતા માંગેલ. ત્યારબાદ સ્થળ તપાસ સોંપતા વંચાણે લીધા ક્રમાંકઃ(૮) થી શ્રી આર.પી.ભટ્ટ, ઓડીટર ગ્રેડ-૨, સ.મં.(હાઉસીંગ) અમદાવાદ ને સદરહું સોસાયટીની સ્થળ તપાસ સોંપતા તેઓશ્રી દ્વારા તાઃ૨૫/૦૪/૨૦૨૪ ના રોજ સ્થળ તપાસ કરી જરૂરી પુર્તતાઓ આધાર/પુરાવા સહ અહેવાલ અત્રેની કચેરીને તાઃ૩૦/૦૫/૨૦૨૪ ના રોજ રજુ કરેલ છે. ત્યારબાદ વંચાણે લીધા ક્રમઃ(૯) મુજબ જરૂરી પુર્તતાઓ આધાર/પુરાવા સહ તાઃ૧૨/૦૬/૨૦૨૪ ના રોજ રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગુ. રા. ગાંધીનગરને વિભાજનની પૂર્વ મંજુરી અર્થે મોકલી આપેલ હતી. રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગુ. રા., ગાંધીનગરને અત્રેની કચેરીએથી કરવામાં આવેલ વખતો-વખતની સ્પષ્ટતા/પૂર્તતા ધ્યાને લઈ વંચાણે લીધા ક્રમાંકઃ(૧૦) અને (૧૧) મુજબ જરૂરી પુર્તતાઓ આધાર/પુરાવા સહ કરેલ. ત્યારબાદ વંચાણે લીધા ક્રમઃ (૧૨) મુજબ સંયુકત રજિસ્ટ્રારશ્રી (વાણીજય) સહકારી મંડળીઓ ગુ. રા. ગાંધીનગરના પત્ર ક્રમાંક : RCOS/0364/10/2024 તા.૧૧-૧૦-૨૦૨૪ ના પત્રોથી સદરહુ ગૃહ મંડળીનું બે મંડળીમા વિભાજન કરવા પૂર્વ મંજુરી આપેલ છે. ત્યારબાદ વંચાણે લીધા ક્રમઃ (૧૩) મુજબ સદરહું સોસાયટીનું છેવટે સુધીનું (તા.૩૧/૧૦/૨૦૨૪ સુધીનું) ઓડીટશ્રી એમ.એન.પરમાર, ઓડીટર ગ્રેડઃ૨, સં.મં.(શહેર) અમદવાદ દ્વારા પુર્ણ કરવામાં આવેલ . જેનો ઓડીટ રીપોર્ટ સોસાયટી દ્વારા તાઃ૧૧/૦૨/૨૦૨૫ ના રોજ અત્રે રજુ થયેલ છે.

સબબ ઉપરોકત વિગતોએ ગુહ મંડળીનું બે (૨) મંડળીમાં વિભાજન કરવા સારૂ ગુહ મંડળીએ રજૂ કરેલ નોંધણી પ્રમાણપત્ર, પેટાનિયમની નકલો એકરારનામુ, ગામ નમૂના નં. ૭/૧૨ ના ઉતારા, સરવૈયા, પ્લાન, ચેરમેનશ્રીએ કરેલ એફીડેવીટ, તથા રજુ થયેલ ઓડીટ અહેવાલ, તેમજ સ્થળ તપાસ અહેવાલ તથા અન્ય સાધનિક કાગળો તથા રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ ગુ. રા. ગાંધીનગરની પૂર્વ મંજુરી વગેરે ધ્યાને લેતાં ગુજરાત સહકારી મંડળી અધિનિયમ,૧૯૬૧ની કલમ-૧૭,૧૮, તથા ૨૦ અન્વયે ક્રમાંક-(૧૪) થી અમોને મળેલ સત્તાની રૂઈએ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું વિશાલ આર.કપુરીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (હાઉસીંગ), અમદાવાદ વંચાણે લીધા ક્રમાંકઃ (૧૪) થી મને મળેલ સત્તાની રૂઈએ તથા ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, ૧૯૬૧ની કલમ ૧૭ ની જોગવાઈઓ તેમજ વંચાણે લીધા ક્રમાંકઃ (૧૨) થી રજિસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગુજરાત રાજય, ગાંધીનગર તરફથી આપવામાં આવેલ પૂર્વ મંજુરી અન્વયે મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. મુઃવેજલપુર, તાઃવેજલપુર જિઃઅમદાવાદ(નોંધણી નં.ઃઘ-૮૧૫૨ તા.૨૬-૦૩-૧૯૮૦ નામની ગૃહ મંડળીનું બે ગૃહ સહકારી મંડળીઓમાં વિભાજન કરવા અને સહકારી કાયદાની કલમ-૯ અન્વયે બે નવી મંડળીઓની નોંધણી કરવા તથા મુળ મંડળીની નોંધણી સહકારી કાયદાની કલમ-૧૮ તથા કલમ-૨૦ હેઠળ રદ કરવા નીચેની વિગતો અને શરતોને આધીન હુકમ કરૂ છું.

અ નં.	નવી બનનાર મંડળીઓનું નામ	મોજે	નોંધણી નંબર તથા તારીખ	સર્વે નં.ટી.પી. સ્કીમ નં./ફા.પ્લોટ નં.	જમીન ચો.મી	સભ્ય સંખ્યા
૧	મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. (વિભાગ-૧)	મુઃતાઃવેજલપુર જિ.અમદાવાદ	નધણ/એએચડી/ધ(ભા) ૨૫૫૩૮/૨૦૨૫ તાઃ૦૧/૦૩/૨૦૨૫	સર્વે નં. નં.૧૯/૨,૨૦/૧ ટી.પી.સ્કીમ નંઃ૩ ના ફા.પ્લોટ નંઃ૧૮ પૈકી	૧૫૯૫૬ ચો.મી	૧૩૪ (ટેનામેન્ટ) રો.હાઉસ
૨	મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. (વિભાગ-૨)	મુઃતાઃવેજલપુર જિ.અમદાવાદ	નધણ/એએચડી/ધ(ભા) ૨૫૫૩૯/૨૦૨૫ તાઃ૦૧/૦૩/૨૦૨૫	સર્વે નં. નં.૧૯/૨,૨૦/૧ ટી.પી.સ્કીમ નંઃ૩ ના ફા.પ્લોટનંઃ૧૮ પૈકી	૨૭૭૦ ચો.મી	૭૨ (ફલેટ)
	કુલ જમીન/સભાસદ				૧૮૭૨૬ ચો.મી	૨૦૬

શરતો

(૧) વિભાજનથી નવી અસ્તિત્વમાં આવતી બે મંડળીઓની નોંધણીની તારીખથી મુળ ગૃહ મંડળી મોહનકૃપા કો-ઓપ.હાઉસિંગ સોસાયટી લી. મુ.વેજલપુર, તા.વેજલપુર જિ.અમદાવાદ નોંધણી નં.ધ-૮૧૫૨ તાઃ૨૬-૦૩-૧૯૮૦ ની નોંધણી તેમજ તેના પેટાનિયમ રદ કરવામાં આવેલ છે. મંડળીના પેટા નિયમ તથા નોંધણી પ્રમાણપત્રની ઓરીજનલ નકલ રદ કરવા સારૂ આ હુકમના દિન :૧૫ માં અત્રેની કચેરીમાં જમા કરાવવાની રહેશે.

(૨) વિભાજનના આદેશનો અમલ કરતાં નવી અસ્તિત્વમાં આવતી સંબંધિત ગૃહ મંડળીઓએ જમીન સંદર્ભે બાંધકામ અંગેની મેળવવાપાત્ર તમામ મંજુરીઓ મેળવ્યા બાદ જ કાર્યવાહી કરવાની રહેશે.

(૩) નવી અસ્તિત્વમાં આવનાર બે વિભાજીત ગૃહ મંડળીઓને અલગ અલગ નોંધણી નંબર તેમજ નામ આપવામાં આવેલ છે. તે મુજબ નવી મંડળીઓ અસ્તિત્વમાં આવેલી ગણાશે.

(૪) મૂળ મંડળીના નામે અગાઉ થયેલ હુકમો તથા મંજુરીઓ વગેરેની બે મંડળીઓને સંયુકત માલીકી રહેશે. જરૂરીયાત મુજબ તમામ બે મંડળીઓ તેનો ઉપયોગ કરી શકાશે.

(૫) દરેક વિભાજીત થયેલ મંડળીના સભાસદો પાસેથી નવી મંડળીના નામનાં નિયત નમૂનામાં એકરારનામા મેળવી મંડળીના દફતરે રાખવાના રહેશે.

(૬) મંડળીના હેતુફેર કે પ્લાનમાં ફેરફાર હોય તો સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી મેળવી લેવાની રહેશે.

(૭) ગૃહ મંડળીનું વિભાજીત થવાથી જમીનના મહેસુલી ટાઈટલને કોઈ અસર થશે નહિ. જમીનનું મહેસુલી ટાઈટલ જે તે સક્ષમ ઓથિરીટીએ માન્ય રાખ્યા મુજબનું રહેશે.

(૮) રેવન્યુ રેકર્ડમાં બીજા હક્કો અને બોજાની વિગતો, કોર્ટના મનાઈ હુકમ/વખતો વખતના હુકમોની નોંધ થયેલ હોય તે સંબંધિત વિભાગની જમીનના રેવન્યુ રેકર્ડમાં નોંધ કરવાની રહેશે તથા તે નવી સોસાયટીને બંધનકર્તા રહેશે.

(૯) ગૃહ મંડળીનું વિભાજન થયા બાદ નવી ગૃહ મંડળીમાં સભ્ય સંખ્યા તથા યોજનામાં ફેરફાર અંગે સક્ષમ અધિકારીશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની રહેશે.

(૧૦) મૂળ મંડળીનું નોંધણી રદ થયા સુધીનું સરકારી ઓડીટ એક માસમાં પૂર્ણ કરાવવાનુ રહેશે તથા ઓડીટ અહેવાલની વાસ્તવિક દુરસ્તી કરી દુરસ્તી અહેવાલ સંબંધિત ઓડીટરને મોકલવાની રહેશે.

(૧૧) ગૃહ મંડળીનું વિભાજન થયા બાદ નવી બનતી ગૃહ મંડળીઓ પૈકી મોહનકૃપા કો.ઓપ.હાઉસિંગ સો.લી. વિભાગ-૧ મુ:વેજલપુર તા:વેજલપુર જિ.અમદાવાદ પાસે મુળ મંડળીનું તમામ રેકર્ડ દસ્તાવેજ તથા તમામ દફતર સહિતનો ચાર્જ આ હુકમના દિન : ૧૫ માં મેળવી લેવાનો રહેશે અને તેની અત્રેની કચેરીને જાણ કરવાની રહેશે, ઉપરાંત મૂળ મંડળીના અંતિમ ઓડીટ તેમજ તેને આનુષંગિક અન્ય કાર્યવાહી કરાવવાની જવાબદારી રહેશે.

(૧૨) મંડળીએ મેળવેલ જમીન બાબતે કોર્ટ લીટીગેશન હોય અથવા ઓ અન્ય કોઈ કાયદાકીય વિવાદ ચાલતો હોય તો તે બાબતે જે ચુકાદા નિર્ણય આવે તે વિભાજિત થનાર બત્રે મંડળીને બંધનકર્તા રહેશે

(૧૩) સક્ષમ અધિકારીશ્રી તરફથી મંજુર થયેલ પ્લાન મુજબ જ બાંધકામ કાર્યવાહી કરવાની રહેશે, તેમજ રીવાઈઝડ પ્લાન મેળવી અને તેને મૂળ મંડળી મોહનકૃપા કો.ઓપ.હાઉસિંગ સોસાયટી વિભાગ-૧, ના દફતરે રાખવાનો રહેશે.

(૧૪) મંડળીએ માલિકી હક્કથી મેળવેલ જમીનની બિનખેતી રહેણાંકની મંજુરી મળેલ છે. જે અંગે મંડળીઓના વિભાજન થયા બાદ હેતુ ફેર માટે સંબધિત સક્ષમ અધિકારીશ્રી પાસેથી મંજુરી મેળવવાપાત્ર હોય તો મેળવી લેવાની રહેશે.

(૧૫) ગૃહ મંડળીના ઉદેશો અનુસાર પ્રત્યેક સભાસદો સહકારી કાયદા-કાનૂન અને મંડળીના પેટા કાયદાની જોગવાઈઓ અનુસાર પેટા નિયમથી પ્રાપ્ત થતા અધિકારો ભોગવી શકે અને રહેણાંક સુવિધાઓ શાંતિપુર્વક અને બિન વિવાદસ્પદ ભોગવી શકે તે માટેની તકેદારી નવી રચાતી મંડળીના હોદેદારોએ રાખવાની રહેશે.

(૧૬) જે તે મંડળીના જમીનનાં માલિકી હક્ક, સર્વે નંબર, ક્ષેત્રફળ કે અન્ય વિગતો અંગે સક્ષમ સત્તાધિકારીશ્રીનું મૂળ રેકર્ડ અધિકૃત ગણાશે. તેમ જ કોઈપણ તબક્કે મંડળી તરફથી રજુ થયેલ માહિતી અધુરી, અસત્ય, છુપાવેલી કે અન્યથા વિપરિત માલુમ પડશે કે હુકમની શરતો કે હોદ્દેદારોએ આપેલ બાંહેધરીનો ભંગ થયાનું જણાશે તો આ મંજુરી આપોઆપ રદબાલ ઠરશે, અને હોદ્દેદારોની સંપૂર્ણ જવાબદારી રહેશે.

અમદાવાદ તા: ૦૧લી માર્ચ ૨૦૨૫

સહી અવાચ્ય
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસીંગ)
અમદાવાદ

વંચાણે લીધું :–

(૧) મંડળીના તા. ૧૦/૦૯/૨૦૨૪ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા કરેલ દરખાસ્ત.

(૨) આ કચેરીના તા.૨૦/૦૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૭/૨૦૨૫ થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ -૧૯૬૧ ની કલમ -૧૦૭, ૧૦૮ (૧) ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકે/૫૧/૨૦૦૫/એનએસ બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ

प्रस्तावना

જા.નં.ફડચ/૦૧/ગ/૫૯/૨૦૨૫ ધી બનાસ તેલીબીયા સંધના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ.તા.પાલનપુર, જી.બનાસકાઠાં., (જેનો હવે પછી '' મંડળી'' તરીકે ઉલ્લેખ થશે.) એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧(જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ થશે.) ની કલમ - ૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં.સે.૩૨૮૨૧, ત.૨૯/૦૬/૨૦૦૧ થી નોંધાયેલ છે.

આમુખ-૧ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા આમુખ- ૨ ની વિગતે કારણદર્શક નોટીસ આપી તા.૩૦/૦૧/૨૦૨૫ના રોજ સુનાવણી રાખી રજૂઆત કરવાની તક આપેલ હતી. પરતું મંડળીના કાર્યવાહકો/હોદ્દેદારો તરફથી સદરહું દિવસે કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. તેથી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ નીચેના કારણોને ધ્યાને લઈ કરવામાં આવે છે.

(૧) સદર ઉકત તેલીબિયા સંધ એ બનાસ ડેરી સાથે મર્જ થયેલ હોઈ, તેલીબિયા સંધના કર્મચારીઓનો પગાર બનાસ ડેરી મારફત થતો હોઈ તેલીબિયા સંધ સાથે કોઈ વ્યવહાર ન હોઈ સદર મંડળીને ફડચામાં લઈ જવામાં આવે તો કોઈ વાંધો નથી. તથા મંડળી હાલ બિલકુલ સ્થગિત અવસ્થામાં છે.

(૨) સદર મંડળીને ફડચામાં લઈ જવા બાબતે તેલીબિયા સંધના કર્મચારીશ્રીઓની ધિરાણ સહકારી મંડળીના કમિટી સભ્યો સર્વાનુમતે ઠરાવ કરી અરજી સાથે મોકલી આપેલ છે. તથા વ્ય.કમિટી સભ્યોને કોઈ વાંધો નથી.

ઉકત કારણો જોતાં મંડળી હાલમાં સ્થગિત અવસ્થામાં જણાય છે. મંડળીનો વહીવટ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ મુજબ થતો જણાતો ન હોય મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ -૧૦૩(૧) અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું ડી.વી.ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ બનાસકાંઠા, સરકારશ્રીના આમુખ-૪ ના જાહેરનામા અન્વયે હોદ્દાની રૂએ મળેલ સત્તા મુજબ, પ્રસ્તાવનાની વિગતે, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૦૩(૧) અન્વયે ધી બનાસ તેલીબીયા સંધના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી., મુ.તા.પાલનપુર, જી.બનાસકાંઠાને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. અને અધિનિયમની કલમ -૧૦૮(૧) હેઠળ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાલનપુરની નિમણૂક કરું છું.

આ હુકમની એક નકલ મંડળીને, આ હુકમની તારીખથી એક મહિનાની અંદર અત્રેની સમક્ષ પોતાનો ખુલાસો રજુ કરવા મોકલવામાં આવે છે. જો એક મહિનાની અંદર મંડળી તરફથી આ હુકમ સંબંધમાં કોઈ ખુલાસો રજૂઆત કરવામાં નહીં આવે તો આ બાબતે મંડળીને કંઈ કહેવું નથી તેમ માની, આ વચગાળાના હુકમને બહાલી આપતો આખરી હુકમ કરવામાં આવશે.

બનાસકાંઠા પાલનપુર તાઃ ૩જી માર્ચ ૨૦૨૫

વંચાણે લીધું :–

(૧) શ્રી એન.એલ.સુથાર, પ્રમાણિત ઓડીટર, સહકારી મંડળીઓ, બનાસકાંઠા દ્વારા તા.૦૫/૧૨/૨૦૨૪ના પત્રથી મંડળીને ફડચામાં લઈ જવા કરેલ દરખાસ્ત.

(૨) આ કચેરીના તા.૧૫/૦૧/૨૦૨૫ના પત્ર ક્રમાંક : ફડચ/૦૧/ગ/૧૦/૨૦૨૫ થી પાઠવેલ કારણદર્શક નોટીસ.

(૩) ગુજરાત સહકારી મંડળી અધિનિયમ -૧૯૬૧ ની કલમ -૧૦૩, ૧૦૮ (૧) ની જોગવાઈઓ.

(૪) ગુજરાત સરકારશ્રીના કૃષિ અને સહકાર વિભાગના તા.૨૧/૦૭/૨૦૧૧ના જાહેરનામા ક્રમાંક : જીએચકે/૫૧/૨૦૦૫/એનએસ બી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ

પ્રસ્તાવના

જા.નં.ફડચ/૦૧/ગ/૫૮/૨૦૨૫ ધી કોચાસણા સેવા સહકારી મંડળી લી., મુ..કોચાસણા, તાઃડીસા જી.બનાસકાઠાં., (જેનો હવે પછી '' મંડળી'' તરીકે ઉલ્લેખ થશે.) એ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ,૧૯૬૧(જેનો હવે પછી ''અધિનિયમ'' તરીકે ઉલ્લેખ થશે.) ની કલમ - ૯ હેઠળ નોંધાયેલ સહકારી મંડળી છે. જેનો નોંધણી નં.સે.૩૨૮૨૧, ત.૨૯/૦૬/૨૦૦૧ થી નોંધાયેલ છે.

આમુખ-૧ દ્વારા મંડળીને ફડચામાં લઈ જવાની દરખાસ્ત અન્વયે મંડળીને ફડચામાં લઈ જવા આમુખ- ૨ ની વિગતે કારણદર્શક નોટીસ આપી તા.૨૦/૦૧/૨૦૨૫ના રોજ સુનાવણી રાખી રજૂઆત કરવાની તક આપેલ હતી. પરતું મંડળીના કાર્યવાહકો/હોદ્દેદારો તરફથી સદરહું દિવસે કોઈ રજૂઆત કરવામાં આવેલ નથી. તેથી મંડળીને ફડચામાં લઈ જતો વચગાળાનો આદેશ નીચેના કારણોને ધ્યાને લઈ કરવામાં આવે છે.

(૧) તા. ૦૧/૦૪/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીનું ધી કોચાસણા સેવા સહકારી મંડળી લી.નું ઓડીટ ઓડીટશ્રી એન.એલ.સુથારને સુપ્રત કરેલ હતું. જેના અનુસંધાને સંસ્થાના હોદ્દેદારોને ઓડીટર દ્વારા ઓડીટ માટે ટેલિફોનિક જાણ કરવામાં આવેલ હતી. પરંતુ ઓડીટ માટે દફતરે રજુ કરેલ નથી.

(૨) મંડળીના મંત્રીશ્રી પટેલ રામચંદભાઈ પ્રેમાભાઈના જણાવ્યા મુજબ મંડળીનું દફતરે ચેરમેન પાસે છે તેવું જણાવતાં તા.૧૪/૧૨/૨૦૨૩ થી રજીસ્ટર્ડ ટપાલથી ચેરમેનશ્રી પટેલ ભગવાનભાઈ મનજીભાઈને જાણ કરેલ અને મંત્રીશ્રીને પણ રજીસ્ટર્ડ પત્રથી (નકલ સામેલ છે.) જાણ કરેલ પરંતુ તેઓએ ઓડીટ માટે કોઈ સંપર્ક કરેલ નથી. ત્યારબાદ તા.૦૧/૦૪/૨૦૨૩ થી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધીના સમયનું ઓડીટ ઓડીટશ્રીને સુપ્રત થતા તા.૦૬/૧૧/૨૦૨૪ થી રજીસ્ટર્ડ પત્રથી (નકલ સામેલ છે.) ચેરમેન/ મંત્રીશ્રીને જાણ કરીને તા.૧૩/૧૧/૨૦૨૪ ના રોજ તમામ દફતરે સાથે અત્રેની કચેરીએ હાજર રહેવા જણાવેલ હતું. પરંતુ તેઓ હાજર રહેલ નથી.

(૩) મંડળીના હોદ્દેદારોને મંડળીનું ઓડીટ કરાવવા તેમજ મંડળીને ચાલું રાખવામાં રસ ધરાવતા નથી. તેવું ઓડીટશ્રી જણાવે છે.

ઉકત કારણો જોતાં મંડળી હાલમાં સ્થગિત અવસ્થામાં જણાય છે. મંડળીનો વહીવટ ગુજરાત સહકારી મંડળી અધિનિયમ મુજબ થતો જણાતો ન હોય મંડળીને ફડચામાં લઈ જવી આવશ્યક જણાતાં, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ની કલમ -૧૦૭(૧) અન્વયે નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

વચગાળાનો હુકમ

આથી હું ડી.વી.ગઢવી, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ બનાસકાંઠા, સરકારશ્રીના આમુખ-૪ ના જાહેરનામા અન્વયે હોદ્દાની રૂએ મળેલ સત્તા મુજબ, પ્રસ્તાવનાની વિગતે, ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ની કલમ -૧૦૭(૧) અન્વયે ધી કોચાસણા સેવા સહકારી મંડળી લી., મુ..કોચાસણા, તા:ડીસા જી.બનાસકાઠાંને ફડચામાં લઈ જવાનો વચગાળાનો હુકમ કરું છું. અને અધિનિયમની કલમ -૧૦૮(૧) હેઠળ મંડળીના ફડચા અધિકારી તરીકે સહકારી અધિકારી (ફડચો), લગત જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ પાલનપુરની નિમણૂક કરું છું.

આ હુકમની એક નકલ મંડળીને, આ હુકમની તારીખથી એક મહિનાની અંદર અત્રેની સમક્ષ પોતાનો ખુલાસો રજુ કરવા મોકલવામાં આવે છે. જો એક મહિનાની અંદર મંડળી તરફથી આ હુકમ સંબંધમાં કોઈ ખુલાસો રજૂઆત કરવામાં નહીં આવે તો આ બાબતે મંડળીને કંઈ કહેવું નથી તેમ માની, આ વચગાળાના હુકમને બહાલી આપતો આખરી હુકમ કરવામાં આવશે.

બનાસકાંઠા પાલનપુર તા: ૩જી માર્ચ ૨૦૨૫

ડી.વી.ગઢવી
જિલ્લા રજિસ્ટ્રાર,
સહકારી મંડળીઓ, બનાસકાંઠા,

વંચાણે લીધું :–

(૧) અત્રેની કચેરીના વચગાળા હુકમ ક્રમાંક : ફડચ/૦૧/ગ-૨/૬૧૭/૨૦૨૪ તા.૧૩/૧૨/૨૦૨૪

(૨) ધી ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ અને ૧૦૮ ની જોગવાઈઓ.

(૩) કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામા ક્રમાંક જીએચકે/૫૧/૨૦૧૧/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ તા. ૨૧/૦૭/૨૦૧૧ થી મળેલ અધિકાર

પ્રસ્તાવના

જા.નં. ફડચ/૦૧/ગ-૨/૨૧૪/૨૦૨૫ ધી મહેમદાવાદ પગારદાર કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મહેમદાવાદ મુ.તા. મહેમદાવાદ જી.ખેડા કે જેનો નોધણી ક્રમાંક સે-૪૪૮૮૭ તા.૧૦/૦૮/૧૯૬૪ છે. તેના આ કચેરીના વંચાણે લીધા ક્રમાંક -૧ મુજબ વચગાળાનો આદેશ થયેલ છે. જે આટોપી લેવાનો આદેશ સામે મંડળીએ કોઈ વાંધો વિરોધ કે રજૂઆત કરવી હોય તો આદેશ થયાથી એક માસની અંદર રજૂઆત કરવા જણાવેલ હતું પરતું મંડળી તરફથી કોઈ રજૂઆત થયેલ નથી આમ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ની કલમ ૧૦૭ અન્વયે ની મંડળીને આટોપી લેવા સંબંધે અંતીમ આદેશ કરતા પૂર્વે મંડળીને પુરતી તકો આપવામાં આવેલ મંડળીના સભ્યો/હોદ્દેદારો ને મંડળી ચલાવવામાં રસ જણાતો નથી. ઉકત વિગતો જોતાં મંડળીને આટોપી લેવાનું અનિવાર્ય હોવાથી નીચે મુજબ નો અંતીમ આદેશ કરવામાં આવે છે.

અંતીમ આદેશ

આથી સ્તુતી રાવલ, જીલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, નડીયાદ મને મળેલ સત્તાની રુએ ધી મહેમદાવાદ પગારદાર કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી લી. મહેમદાવાદ મુ.તા.મહેમદાવાદ જી.ખેડા કે જેનો નોધણી ક્રમાંક સે-૪૪૮૮૭ તા.૧૦/૦૮/૧૯૬૪ થી નોંધાયેલ સહકારી મંડળીને અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૦૭ મુજબ ના કારણોસર આટોપી લેવા કરવામાં આવેલ ઉકત વંચાણે લીધા ક્રમાંક -૧ મુજબ વચગાળાનો

હુકમ કાયમ કરુ છુ. અને સદરહું કાયદાની કલમ-૧૦૮ અન્વયે મંડળી ના ફડચા અધિકારી તરીકે શ્રી એસ.એમ.મલેક ઈ.ચા.સહકારી અધિકારી ગ્રેડ-૨ (ફડચો) લગત સદર કચેરી ની નિમણુંક કરવામાં આવે છે.

(૧) ફડચા અધિકારીશ્રીએ સદરહું મંડળીની ફડચાની કામગીરી ૫ (પાંચ) વર્ષ ની મુદત માં પુર્ણ કરવાની રહેશે.

(૨) ફડચા અધિકારીશ્રીએ સદરહું મંડળીનો હવાલો તાત્કાલીક મેળવી લઈ મંડળીના દેવાં-લેણાં ની ખાતરી કરી, સૌપ્રથમ સરકારી બાકી લેણા, ઓડીટ ફી, સરકારી લોન, વ્યાજ, દંડનીય વ્યાજ, શેરફાળાની ચુકવણી કરવા સુચના છે.

(૩) દર ત્રણ માસે ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૫ ના નિયમ -૫૦ મુજબ આવક જાવકનો હિસાબ નમુના ''એચ''મા રજુ કરવાનો રહેશે.

નડીયાદ તાઃ ૪થી માર્ચ ૨૦૨૫

સ્તુતી રાવલ
જીલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ, નડીયાદ

જિલ્લા રજિસ્ટ્રાર દ્વારા

વંચાણે લીધું :–

(૧) પ્રભાતસિંહ રામસિંહ ચૌહાણ મુ.વિરોલ તા.મહેમદાવાદ તથા અન્ય-૮ વ્યકિતઓની લેખીત રજુઆત તા.૦૩/૦૯/૨૦૨૪

(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃદઅમ/૦૧/ગ-૧/૧૬/૨૦૨૫ તા.૩૦/૦૧/૨૦૨૫ થી તબદીલ કરેલ મૂળ અરજી તથા જરૂરી આધાર પુરાવા.

(૩) ગુજરાત રાજય સહકારી મંડળી નિયમો-૧૯૬૫ ના નિયમ-૩૨(સી) ની જોગવાઈ

(૪) ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ -૧૯૬૧ કલમ-૭૪ (૫) ની જોગવાઈ

(૪) કૃષિ અને સહકાર વિભાગના તા.૦૧/૧૨/૨૦૦૫ ના જાહેરનામા ક્રમાંક : જીએચકે/૪૫/૨૦૦૫/એનએસબી/૧૨/૨૦૦૨/૩૦૧૧/ચ

પ્રસ્તાવના

જા.ન.સડક/૦૧/ખ-૧/૧૩/૨૦૨૫ ધી વિરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વિરોલ તા.મહેમદાવાદ જી.ખેડા જે ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ ના કાયદા હેઠળ નોંધણી નંબર-સે. દૂ-૯૨૬૩ તા.૩૧/૦૫/૧૯૬૬ થી નોંધાયેલ સહકારી સંસ્થા છે. જેનો વહીવટ મંડળીના પેટા કાયદા કાનુન અને સહકારી કાયદા-કાનુન અન્વયે મંડળીની વ્યવસ્થાપક કમિટી અને ચેરમેન/સેક્રેટરીએ કરવાનો રહે છે.

વંચાણે લીધા ક્રમાંક :(૧) અન્વયે શ્રી પ્રભાતસિંહ રામસિંહ ચૌહાણ મુ.વિરોલ તા.મહેમદાવાદ તથા અન્ય-૮ વ્યકિતઓ દ્વારા તા.૦૩/૦૯/૨૦૨૪ થી અત્રેની કચેરીએ લેખીત રજુઆત કરેલ. જે અત્રેની કચેરીમાં તા.૧૧/૦૯/૨૦૨૪ના રોજ મળેલ હતી. અરજીમાં જણાવેલા મુદ્દા મુજબ ધી વિરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વિરોલ તા. મહેમદાવાદ જી.ખેડા તાજેતરમાં નવી વ્યવસ્થાપક કમિટીની રચના કરેલ છે. પરતું નિમણૂંક કરેલા તમામ વ્ય.ક.સભ્યો ગેરલાયકાત ધરાવતા હોઈ, વ્ય.ક.સભ્યો ગેરલાયકત ધરાવતા હોઈ, વ્ય.ક.સભ્યના હોદ્દા ઉપર રહી શકે નહી. જે અંગેના આધાર માટે મંડળીના લેટરપેડ ઉપર તા.૨૯/૦૭/૨૦૨૪ થી મંડળીના સેક્રેટરીએ આપેલ લેખીત માહિતી રજુ કરેલ છે. જે મુજબ નિમણૂંક કરેલા વ્ય.ક.સભ્યો દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષમાં મંડળીના પેટા નિયમોની જોગવાઈઓ મુજબ મંડળીમાં દુધ ભરેલ નથી. તેવી વિગતો આપેલ હોઈ સદર બાબતે અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃદઅમ/૦૧/ગ-૧/૧૬/૨૦૨૪ તા.૨૧/૧૦/૨૦૨૪ ના પત્રથી તથા કારણદર્શક નોટીશ જા.ન.દઅમ/૦૧/ગ-૧/૧૯૦/૨૦૨૪ તથા કારણદર્શક નોટીશ જા.ન. દઅમ/૦૧/ગ-૧/૧૨/૨૦૨૫ તા.૨૦/૧૦/૨૦૨૫ થી મંડળીના ચેરમેન/ સેક્રેટરીને લેખીત જાણ કરી અરજીની વગતે જરૂરી આધાર-પુરાવા તેમજ સુનાવણી રાખવામાં આવેલ છે. રજુ કરેલ આધાર/પુરાવા તેમજ ચેરમેન/ સેક્રેટરી/ વ્ય.ક.સભ્યોની રુબરુ સુનાવણીને આધારે ધી વિરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વિરોલ તા.મહેમદાવાદ જી.ખેડામાં ગેરલાયકાત ધરાવતા સભ્યોને દૂર કરવા તથા તેના કારણે મંડળીના વહીવટમાં શૂન્યવકાશ સર્જાતાં મંડળીમાં નિયમોનુસાર લાયકાત ધરાવતા વ્યવસ્થાપક કમિટી સભ્યોને ચૂટી કાઢવા માટે કસ્ટોડીયનની નીમણૂંક કરવા નિર્ણય લેવાયેલ છે.

વંચાણે લીધા ક્રમાંક :(૨) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃદઅમ/૦૧/ગ-૧/૧૬/૨૦૨૫ તા.૩૦/૦૧/૨૦૨૫ થી ધી વિરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વિરોલ તા.મહેમદાવાદ જી.ખેડાની તબદીલ કરેલ મૂળ અરજી તથા જરૂરી આધાર પુરાવા પાન નંબર-૧ થી ૭૭ જોતાં તા.૩૦/૦૬/૨૦૨૪ ના રોજ મળેલ મંડળીની વાર્ષિક સાધારણ સભામાં-૧૦ નવીન વ્ય.ક.સભ્યોની નિમણુંક કરવામાં આવેલ છે. મંડળીના સેક્રેટરીએ મંડળીના લેટરપેડ ઉપર તા.૨૭/૦૧/૨૦૨૫ થી આપેલ લેખીત માહિતી મુજબ ૭(સાત) વ્ય.ક.સભ્યો મંડળીના સભાસદ નથી. જેની યાદી નીચે મુજબ છે.

(૧) ડાભી ગણપતભાઈ સોમાભાઈ

(૨) ડાભી હર્ષદભાઈ પ્રભાતભાઈ

(૩) ડાભી ભરતભાઈ રઈજીભાઈ

(૪) ઝાલા કિરણભાઈ પ્રભાતભાઈ

(૫) પટેલ મહેન્દ્રભાઈ અરવિંદભાઈ

(૬) નાયક દશરથભાઈ ભલાભાઈ

(૭) ચૌહાણ કનુભાઈ અમરસિંહ

૧(એક) વ્ય.ક.સભ્યએ વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષમાં મંડળીના પેટા નિયમોની જોગવાઈઓ મુજબ મંડળીમાં દુધ ભરેલ નથી. જેની યાદી નીચે મુજબ છે.

(૧) ચૌહાણ મફતભાઈ અભાભાઈ

માત્ર ૨ (બે)વ્ય.ક.સભ્યો મંડળીના સભાસદ હોવાનું અને નિયમોનુસાર મંડળીમાં દુધ ભરેલ હોવાનું જણાય છે. જેની યાદી નીચે મુજબ છે.

(૧) ચૌહાણ પ્રભાતભાઈ ગોતાભાઈ

(૨) ભોઈ અશોકભાઈ સબુરભાઈ

વંચાણે લીધા ક્રમાંકઃ (૩) અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃદઅમ/૦૧/ગ-૧/૧૯૦/૨૦૨૪ તા.૦૯/૧૨/૨૦૨૪ થી ધી વિરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વિરોલ તા.મહેમદાવાદ જી.ખેડાના વ્યવસ્થાપક કમિટી સભ્યોની ગેરલાયકાત બાબતે ગુજરાત રાજય સહકારી મંડળી નિયમો-૧૯૬૫ ના નિયમ -૩૨(સી) હેઠળ વ્યવસ્થાપક કમિટી દુર કેમ નકરવા? તે અંગે લેખીત ખુલાસો કરવા કારણદર્શક નોટીશ આપેલ. જે અન્વયે તા.૨૩/૧૨/૨૦૨૪ ના રોજ અત્રેની કચેરીએ કુલ નવ (૯) વ્ય.ક.સભ્યો હાજર રહેલ છે અને તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજની મુદ્દત માગવામાં આવેલ હતી. ત્યારબાદ તા.૩૦/૧૨/૨૦૨૪ ના રોજ ધી વિરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વિરોલ તા.મહેમદાવાદના લેટરપેડ ઉપર મંડળીના સેક્રટરી દ્વારા લેખીત સ્પષ્ટતા કરી જણાવેલ છે કે હાલના વ્યવસ્થાપક કમિટી સભ્યો જરૂરી લાયકાત ધરાવતા નથી. જેથી સહકારી કાયદા-કાનુન તથા મંડળીના પેટા નિયમોથીની જોગવાઈ મુજબ વ્ય.ક.સભ્યોની રચના કરવામાં આવે અંગે વિનંતિ કરેલ છે.

આમ, અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃદઅમ/૦૧/ગ-૧/૧૬/૨૦૨૫ તા.૩૦/૦૧/૨૦૨૫ થી તબદીલ કરેલ મુળ અરજી તથા જરૂરી આધાર પુરાવા જોતાં શ્રી પ્રભાતભાઈ રામસિંહ ચૌહાણ મુ.વિરોલ તા.મહેમદાવાદ તથા અન્ય-૮ વ્યકિતઓની તા.૦૩/૦૯/૨૦૨૪ ની લેખીત રજુઆત તેમજ મંડળીના સેક્રેટરીએ મંડળીના લેટરપેડ ઉપર કરેલ લેખિત સ્પષ્ટતા મુજબ નિમણુક કરેલ કુલ-૧૦ વ્ય.ક.સભ્યો પૈકી નીચે જણાવેલ ૭(સાત) વ્યકિતઓ મંડળીના સભાસદ નથી.

(૧) ડાભી ગણપતભાઈ સોમાભાઈ

(૨) ડાભી હર્ષદભાઈ પ્રભાતભાઈ

(૩) ડાભી ભરતભાઈ રઈજીભાઈ

(૪) ઝાલા કિરણભાઈ પ્રભાતભાઈ

(૫) પટેલ મહેન્દ્રભાઈ અરવિંદભાઈ

(૬) નાયક દશરથભાઈ ભલાભાઈ

(૭) ચૌહાણ કનુભાઈ અમરસિંહ

નીચે જણાવેલ ૧(એક) વ્ય.ક.સભ્યએ વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષમાં મંડળીના પેટા નિયમોની જોગવાઈઓ મુજબ મંડળીમાં દુધ ભરેલ નથી.

(૧) ચૌહાણ મફતભાઈ અભાભાઈ

હાલના વ્યવસ્થાપક કમિટી સભ્યો પૈકી ૮(આઠ) વ્ય.ક.સભ્યો જરૂરી લાયકાત ધરાવતા નથી. જેઓને વ્યવસ્થાપક કમિટીની ગેરલાયકાત બાબતે ગુજરાત રાજય સહકારી મંડળી નિયમો-૧૯૬૫ ના નિયમ -૩૨(સી) હેઠળ વ્યવસ્થાપક કમિટી દુર કરવાના થાય. જેથી નિમણૂંક કરેલ કુલ ૧૦ (દશ) વ્ય.ક.સભ્યો પૈકી માત્ર બે ૨(બે) વ્ય.ક.સભ્યો રહેતાં ''મંડળીમાં શૂન્યાવકાશ'' સર્જાયેલ હોઈ, ઉકત તમામ મુદ્દાઓ ધ્યાને લેતાં ધી વિરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વિરોલ તા.મહેમદાવાદ જી.ખેડાના વ્યવસ્થાપક કમિટી સભ્યોની ગેરલાયકાત બાબતે ગુજરાત રાજય સહકારી મંડળી નિયમો-૧૯૬૫ ના નિયમ -૩૨(સી) હેઠળ ગેરલાયકાત ધરાવતાં વ્યવસ્થાપક કમિટી સભ્યોને દુર કરી ગુજરાત રાજય સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ કલમ -૭૪(ઘ) ની જોગવાઈ મુજબ કસ્ટોડીયનની નિમણુંક કરવા હુકમ કરવામાં આવે છે.

હુકમ

આથી હું સ્તુતિ રાવલ જીલ્લા રજીસ્ટાર, સહકારી મંડળીઓ, નડીયાદ મને મળેલ સત્તા અન્વયે ગુજરાત રાજય સહકારી મંડળી નિયમો-૧૯૬૫ ના નિયમ -૩૨(સી) હેઠળ ઉપર પ્રસ્તાવનામાં જણાવેલ ગેરલાયકાત ધરાવતાં વ્યવસ્થાપક કમિટી સભ્યોને દૂર કરી, ગુજરાત રાજય સહકારી મંડળી નિયમો-૧૯૬૧ કલમ -૭૪(ડી) અન્વયે ધી વિરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી., વિરોલ તા.મહેમદાવાદ જી.ખેડામાં શ્રી રણજીતસિંહ ચંદ્રસિંહ ચૌહાણ, પેનલ નં.૧૦૭ની કસ્ટોડીયન તરીકે નિમણુંક કરૂ છું. કસ્ટોડીયનશ્રીએ વ્યવસ્થાપક કમીટી સભ્યોની ચુંટણી બે માસની અંદર કરીને વ્યવસ્થાપ ક કમીટી સભ્યોની વરણી કરી ચાર્જ સુપ્રત કરવાનો રહેશે

નડીયાદ તાઃ ૩જી માર્ચ ૨૦૨૫

સ્તુતિ રાવલ

જીલ્લા રજીસ્ટ્રાર

સહકારી મંડળીઓ, નડીયાદ

ક્રમાંક :- નધણ/MEH/SA(SH) 21717/2025 આથી જાહેર કરવામાં આવે છે કે, જય શ્રી રામ કન્યઝુમર્સ કો.ઓપરેટીવ સોસાયટી લી.,મુ-મહેસાણા, તા.મહેસાણા, જિ.મહેસાણા. કાર્યક્ષેત્ર-મંડળીનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લાના મહેસાણા તાલુકા પુરતુ મર્યાદિત રહેશે.

સને-૧૯૬૨ના ગુજરાતના કાયદા ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓનો કાયદો-૧૯૬૧) ની કલમ-૯ અન્વયે નોંધવામાં આવેલ છે.

મહેસાણા તાઃ ૩જી માર્ચ ૨૦૨૫

એસ.એન.ઝાલા

જિલ્લા રજીસ્ટ્રાર

સહકારી મંડળીઓ, મહેસાણા

ક્રમાંકઃ REG/SUR/SA(CO)-20580/2025 આથી જાહેર કરે છે કે : શ્રી કુબેરજી વિઝન કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.કુંભારીયા, તા.પુણા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા;૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૫

ક્રમાંકઃ REG/SUR/SA(HAA)-20581/2025 આથી જાહેર કરે છે કે : ઉત્સવ એન્કલેવ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ઉન, તા.ઉધના, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા:૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૫

ક્રમાંકઃ REG/SUR/SA(HAA)-20582/2025 આથી જાહેર કરે છે કે : વોટરલીલી કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ટુંકી, તા.કતારગામ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા:૨૭મી ફેબ્રુઆરી ૨૦૨૫

ક્રમાંકઃ REG/SUR/SA(HAA)-20589/2025 આથી જાહેર કરે છે કે : સિલવાસા બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.કોસાડ, તા.કતારગામ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા:૦૩જી માર્ચ ૨૦૨૫

ક્રમાંકઃ REG/SUR/SA(HAA)-20590/2025 આથી જાહેર કરે છે કે : વ્રજભુમિ રો હાઉસ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.કતારગામ, તા.કતારગામ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા:૦૩જી માર્ચ ૨૦૨૫

ક્રમાંકઃ REG/SUR/SA(HAA)-20591/2025 આથી જાહેર કરે છે કે : પ્રયોશા વર્લ્ડ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ઉધના, તા.ઉધના, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા: ૦૪થી માર્ચ ૨૦૨૫

ક્રમાંકઃ REG/SUR/SA(HAA)-20592/2025 આથી જાહેર કરે છે કે : શ્રી વિલા રેસિડેન્સી કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.પાસોદરા, તા.કામરેજ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા: ૦૪થી માર્ચ ૨૦૨૫

ક્રમાંકઃ REG/SUR/SA(HAA)-20593/2025 આથી જાહેર કરે છે કે : ગીરીરાજ ગ્લોરી કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ખોલવડ, તા.કામરેજ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા: ૦૫મી માર્ચ ૨૦૨૫

જા.નં.:નધણ/ઝ-૨/૦૦૨/૨૬૩/૨૦૨૫ ક્રમાંકઃ CSSUR2025000012૦૨૫ આથી જાહેર કરે છે કે : વેદમ વિલા કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ઓખા, તા.અડાજણ , જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા: ૦૫મી માર્ચ ૨૦૨૫

ક્રમાંકઃCSSUR202500050 આથી જાહેર કરે છે કે : રંગીલા પાર્ક કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ડીંડોલી, તા.ઉધના, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તા: ૧૯મી ફેબ્રુઆરી ૨૦૨૫

ક્રમાંકઃCSSUR202500075 આથી જાહેર કરે છે કે : હિંન્દુસ્તાન ટેક્ષટાઈલ સેન્ટર-૨ કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ડુંભાલ,તા.ઉધના, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તાઃ ૨૦મી ફેબ્રુઆરી ૨૦૨૫

ક્રમાંકઃCSSUR202500086 આથી જાહેર કરે છે કે : સિલ્વર પાર્ક કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.જાફરાબાદ, તા.ઓલપાડ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તાઃ ૨૪મી ફેબ્રુઆરી ૨૦૨૫

ક્રમાંકઃCSSUR202500091 આથી જાહેર કરે છે કે : શ્યામ બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ખડસદ, તા.પુણા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તાઃ ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫

ક્રમાંકઃCSSUR202500091 આથી જાહેર કરે છે કે : શ્યામ બંગ્લોઝ કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ખડસદ, તા.પુણા, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તાઃ ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫

ક્રમાંકઃCSSUR202500092 આથી જાહેર કરે છે કે : પ્રગતિ એમ્પાયર આઈટી પાર્ક બિલ્ડીંગ બી કો-ઓપરેટીવ કોમર્શિયલ સર્વિસ સોસાયટી લીમીટેડ મું.ઉત્રાણ, તા.કતારગામ, જિ.સુરતને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તાઃ ૨૫મી ફેબ્રુઆરી ૨૦૨૫

જે.એચ.કાકડિયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ),સુરત

ક્રમાંકઃઉખસા/ન્યધણ/એસયુઆર/સે(શ)-૪૮૦૬૦/ઝ/૦૦૧૧/૨૦૨૫ આથી જાહેર કરે છે કે : સમુધ્ધિ કો ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી લિમિટેડ. મું.વાંકાનેર, તા બારડોલી, જિ.સુરતને

સને : ૧૯૬૧ ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવી છે.

સુરત તાઃ ૦૩જી માર્ચ ૨૦૨૫

એચ.ડી.કાછડ
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ સુરત

ક્રમાંકઃ REG/SUR/GH-25563/2025 આથી જાહેર કરે છે કે : બ્રહ્મણી કો-ઓપરેટીવ હાઉસિંગ સર્વિસ સોસાયટી લીમીટેડ મોજે:અંત્રોલી, તા.કામરેજ, જીલ્લોઃ સુરત, ને

સને:૧૯૬૨ના ગુજરાત અધિનિયમ નંબર ૧૦ (ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ, સને:૧૯૬૧)ની કલમ-૯ અન્વયે આજરોજ નોંધવામાં આવે છે.

સુરત તાઃ ૦૪થી માર્ચ ૨૦૨૫

જે.એચ.કાકડિયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ (હાઉસિંગ),સુરત

નોંધણી ક્રમાંકઃ CSMAHSEMILK202500138/2025 જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહિસાગર આથી જાહેર કરે છે કે ધી નાનસલાઈ (કોયડમ) મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.નાનાસલાઈ,પો.કોયડમ તા.વિરપુર, જિ.મહિસાગર સહકારી મંડળી અધિનિયમ ૧૯૬૧(સને.૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ ૧૦) ની કલમ-૯ અન્વયેથી નોંધવામાં આવેલ છે.

લુણાવાડા તાઃ ૧૧મી માર્ચ ૨૦૨૫

વંચાણે લીધું :–

(૧) અત્રેની કચેરીના હુકમ ક્રમાંકઃફડચ/૦૧/ક-૨/૫૨૫ થી ૫૨૯/૨૦૧૯ તા.૭/૧૧/૨૦૧૯

(૨) ફડચા અધિકારીશ્રી ધી મેડાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.મુ.મેડાના મુવાડા, પો.વડાગામ, તાઃ ખાનપુર, જિ. મહિસાગરનો તા.૧૨/૧૨/૨૦૨૪ નો પત્ર

(૩) ગુજરાત સહકારીશ્રીનાં કૃષિ અને સહકાર વિભાગના જાહેરનામાં ક્રમાંકઃજી.એચ.કે.એચ./૨૦૦૫/NSB/ ૧૨/૨૦૦૨/૩૦૧૧ તા.૨૧/૦૭/૨૦૧૧

(૪) સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ની જોગવાઈ

(૫) તા.૧૦/૧૨/૨૦૨૪ ના રોજ મળેલ ખાસ સાધારણ સભાના ઠરાવની નકલ

પ્રસ્તાવના

જા.ન.ફડચ /૦૧/ક-૨/૨૦૭ થી ૨૧૨/૨૦૨૫ આમુખ -૧ ધી મેડાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી. મુ.મેડાના મુવાડા, પો.વડાગામ, તા.ખાનપુર, જિ.મહિસાગરને જીલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ મહિસાગર , લુણાવાડાના હુકમથી સહકારી કાયદાની કલમ-૧૦૭ હેઠળ ફડચામાં લઈ જવામાં આવેલ હતી. ફડચા અધિકારી તરીકે ઓડીટર ગ્રેડ-૨ સ.મં.(પ્ર) ની નિમણૂંક કરેલ હતી. અને ચાર્જ લીધેલ હતો.

આમુખ -૨ થી સદરહું મંડળીના ફડચા અધિકારી દ્વારા રજુ થયેલ દરખાસ્તમાં મંડળીને પુનઃજીવિત કરવા બાબતની નમુના ડી નિયમ-૧૦ની અરજી સામેલ કરેલ છે. મંડળીના સભાસદોની ખાસ સાધારન સભા આમુખ-૫માં જણાવેલ તારીખમાં મળેલ હતી. જેમાં ૧ થી ૬ ઠરાવો થયેલ છે. જેમાં મંડળીના ૪૦ સભાસદો હાજર રહી પુનઃજીવિત કરવા સંમતિ મેળવેલ છે. અને સદરહું મડળી શરૂ થયેલાના આધાર પુરાવા રજુ કરેલ છે. સંધના કોડ નં.૧૩૦૮ માં દૂધ સંધને મોકલવામાં આવે છે. અને તા.૩૧/૧૦/૨૦૨૪નાં રોજની સ્થિતિ દર્શાવતું સરવૈયું પામેલ કરવામાં આવેલ છે. આમ સમગ બાબતોનું વિહંગાવલોકન કરતાં પશુપાલન તથા દુધ ઉત્પાદન થકી સભાસદોની થ કી સભાસદોની આર્થિક ઉન્નતિ થઈ શકે તેમ જણાવેલ છે.

આથી ઉપરોકત બાબતોને ધ્યાને લઈ તેમજ રજુ થયેલ આધાર પુરાવા જોતા આમુખ -૩ થી મળેલ સત્તા અને આમુખ -૪ની જોગવાઈઓથી સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ની સત્તાની રૂએ મંડળીના સભાસદોનાં વિશાળ હિતો ધ્યાનમાં લઈને મંડળી પુનઃજીવિત કરવા નીચે મુજબ હુકમ કરુ છું.

હુકમ

આથી હું ગૌરવ વી.ગરાસીયા, જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ, મહિસાગર, લુણાવાડા મને મળેલ સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ-૧૯ની સત્તાની રૂએ ધી મેડાના મુવાડા દૂધ ઉત્પાદક સહકારી મંડળી લી.મુ.મેડાના મુવાડા, પો.વડાગામ, તા.ખાનપુર, જિ.મહિસાગર નોંધણી નં.સે.દુ.૩૧૪૯૧ તા.૦૩/૦૭/૧૯૯૯ ને નીચેની શરતો આધીન પુનઃજીવિત કરવાનો હુકમ કરૂ છું.

શરતોઃ-

(૧) સરવૈયામાં જણાવેલ દેવા/લેણામાં કોઈ વધારો ઘટાડો કરવામાં આવેલ નથી.

(૨) આ હુકમની તારીખથી મંડળીના પેટા નિયમ મુજબ પ્રવૃત્તિ શરૂ કરવાની રહેશે.

(૩) ગામની વસ્તી પ્રમાણે સભાસદોથી મંડળીના સભ્યપદે દાખલ કરવાનાં રહેશે.

મહિસાગર લુણાવાડા તાઃ૧૧મી માર્ચ ૨૦૨૫

જી.વી.ગરાસીયા
જિલ્લા રજિસ્ટ્રાર
સહકારી મંડળીઓ મહિસાગર
લુણાવાડા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.09.22 15:20:58 IST